Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23 VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક

Year: 6, Issue:215 Dt.23-06-2021 (Wednesday)

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાન: 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

## મુખ્યમંત્રી રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી રાજય સરકારની

# કેબિનેટ બેઠકમાં પરષોતમ સોલંકી ગેરહાજર : ભારે ચર્ચા



### કેબીનેટ મંત્રી પરષોતમ સોલંકીએ આક્ષેપ કર્યો હતો કે, સરકારમાં માત્ર જાહેરાતો થાય છે, કોઇને કાંઇ મળતુ નથી

**(એજન્સી સમાચાર)**

ગાંધીનગર, તા.૨૩

મત્સોદ્યોગ રાજય મંત્રી પરષોતમ સોલંકીએ ગઇકાલે મીડિયા સમક્ષ હૈયાવરાળ ઠાલવતા તેમણે 'વટ થી કહું છું કે સમાજના કામો ન થતા હોય તો રાજીનામું આપીશ' એવા શબ્દો ઉચ્ચાર્યા હતા. મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષામાં મળેલી રાજય સરકારની કેબીનેટ બેઠકમાં આજે કેબીનેટ મંત્રી પરષોતમ સોલંકી ગેરહાજર રહયા હતા. પરષોતમ ભાઇ આજે આરોગ્યના કારણો સર ગેરહાજર રહયા કે, નારાજગીને કારણે ગેરહાજર રહયા હતા તે અંગેનું કારણ બહાર આવ્યું નથી. કેબીનેટ મંત્રી પરષોતમ સોલંકીએ રૂપાણી સરકાર સામે આક્ષેપ કર્યો હતો કે, ભાજપ સરકારમાં જે મળવું જોઇએ તે મળતું નથી માત્ર જાહેરાતો થાય છે. મંત્રી પરષોતમ સોલંકીએ કહયું હતું કે, સરકારમાં માત્ર જાહેરાતો થાય છે કોઇને કાંઇ મળતું નથી. દરીયા કાંઠે રહેતા કોળી, મુસ્લિમ, ખારવા સહિતના સમાજના લોકો પરેશાન છે આ મુદ્દે મે મંત્રી જવાહર ચાવડાને પણ વાત કરી છે. કોળી સમાજના નેતા રહયો છું. દરીયા કાંઠે રહેતા સહુ દુઃખી છે સરકારે કાંઇક કરવું જોઇએ. જો અમારા કામ નહીં થાય તો હું રાજીનામું આપી દઇશ. આજે મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણીની અધ્યક્ષતામાં મળેલી રાજયની કેબીનેટ બેઠકમાં મંત્રી પરષોતમ સોલંકી ગેરહાજર રહેતા સચિવાલયમાં અટકળોનું બજાર ગરમ બન્યું છે. પરષોતમ સોલંકી કયાં કારણોસર ગેરહાજર રહયા હતા તે અંગે ચોક્કસ કારણ બહાર આવ્યું નથી.

ત્રણ દિવસની મુલાકાતે આવેલા ગૃહમંત્રી અમિત શાહે મંગળવારે શાહીબાગ સ્થિત સર્કીટ હાઉસમાં ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલ, મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી, મહેસુલ મંત્રી કૌશીક પટેલ, અરવિંદ પટેલ, ભુપેન્દ્ર પટેલ, કિશોર ચૌહાણ, અમદાવાદના પાંચ ધારાસભ્યો, ભાજપ ઉતર ઝોન મહામંત્રી રજનીકાંત પટેલ, પ્રદિપસિંહ વાઘેલા સહિતના હોદ્દેદારો સાથે મીટીંગ કરી હતી.

# રાત્રી કર્ફ્યૂમાં ૧૦ વાગ્યા સુધીની છૂટછાટ મળે તેવી શકયતા

### દુકાનોને રાત્રે ૮ સુધીની છુટ તથા રાત્રી કરફયુ ૧૦ થી લાગુ થાય તેવી શકયતા

અમદાવાદ, તા.૨૩ :

કોરોનાની બીજી લહેર દરમિયાન રાત્રી કર્ફ્યૂ લાગુ કરવામાં આવ્યું હતું. ત્યારથી લઈને અત્યાર સુધી લોકોને ધીરે ધીરે રાહત આપવામાં આવી રહી છે. નાઈટ કર્ફ્યૂના સમય ગાળામાં હવે ઘટાડો કરવામાં આવે તેવી શકયતા છે. અત્યારે રાત્રી કર્ફ્યૂમાં ૧૦ વાગ્યા સુધીની છૂટછાટ મળી શકે છે. તો બીજી તરફ દુકાનો રાત્રે ૮ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની મંજૂરી મળી શકે છે.. સાથે જ મલ્ટીપ્લેક્સ ખોલવા અંગે પણ ચર્ચા થાય તેવી શક્યતા છે. તમને જણાવી દઈએ કે અત્યાર સુધી દુકાન રાત્રે ૭ વાગ્યા સુધી ખુલ્લી રાખવાની મંજૂરી છે.. જોકે ૨૬ જૂને આ નિયંત્રણોની મુદ્દત પૂર્ણ થઈ રહી છે. ગુજરાત સહિત આખો દેશ કોરોના વાયરસની બીજી લહેર સામે લડી રહ્યા છે ત્યારે છેલ્લા ઘણા દિવસથી ગુજરાતમાં કોરોના વાયરસના કેસ સતત ઘટી રહ્યા છે.



રાજયમાં કોરોના વાયરસના ઘટતા કેસના કારણે અને તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૫ નવા કેસ નોંધાયા છે જયારે ૬૧૨ દર્દીઓએ વાયરસને મ્હાત આપતા રાજયનો રિકવરી રેટ ૯૮.૧૫ ટકાએ પહોંચ્યો છે. રાજયમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩ દર્દીઓના નિધન થયા છે. ગુજરાતમાં કોરોના વાયરસના સતત ઘટતા કેસના કારણે એક્ટિવ કેસની સંખ્યા ઘટીને ૫૧૫૯ પર પહોંચી છે જયારે તેમાંથી ૮૬ દર્દીઓ વેન્ટિલેટર પર છે. રાજયમાં કોરોના વાયરસના કારણે કુલ મૃતાંક ૧૦૦૩૭ પર પહોંચ્યો છે. ગુજરાતમાં ૧૩૫ કેસમાંથી સૌથી વધારે કેસ અમદાવાદ શહેરમાં સામે આવ્યા છે, અમદાવાદ શહેરમાં ૩૦ જયારે સુરત શહેરમાં ૧૪ કોરોના કેસ સામે આવ્યા છે. રાજકોટ શહેરમાં ૧૦ કેસ જયારે વડોદરા શહેરમાં ૮ કેસ સામે આવ્યા છે. ભારતમાં કોરોનાની બીજી લહેર ભલે કમજોર પડી રહી હોય પણ સંક્રમણ મામલે ભારત વિશ્વભરમાં અમેરિકા બાદ બીજા ક્રમે પહોંચી ગયું છે.. ભારતમાં સંક્રમણનો આંકડો ૩ક

### ૨૬ જૂને નિયંત્રણોની મુદ્દત પૂર્ણ થશે

કરોડને પાર પહોંચી ગયો છે. અને છેલ્લા ૫૦ દિવસમાં સંક્રમણના ૧ કરોડ કેસ નોંધાયા છે.

જેમાં ૫૦ લાખ કેસ તો છેલ્લા ૩૬ દિવસમાં જ નોંધાયા છે. કોરોનાથી મૃત્યુ મામલે પણ ભારત બીજા ક્રમે છે. દેશમાં અત્યાર સુધી ૩.૯ લાખ લોકોના મૃત્યુ થયા છે. જયારે બીજી લહેર દરમિયાન દેશમાં ૨.૩૩ લાખ લોકોના મૃત્યુ થયા છે.

# લાહોરમાં આતંકી હાફિઝ સઈદના ઘરની બહાર બોમ્બ વિસ્ફોટ : બેનાં મોત





**(એજન્સી સમાચાર)** લાહોર, તા.૨૩

લાહોરના જૌહર ટાઉન વિસ્તારમાં મુંબઈ આતંકી હુમલાનો મુખ્ય સૂત્રધાર અને મોસ્ટ વોન્ટેડ આતંકી હાફિઝ સઈદના ઘરની બહાર મોટર સાયકલમાં બ્લાસ્ટ થતા બે લોકોના મોત, ૧૦ થી વધુ લોકોને ઈજા પહોંચ્યા હોવાના સમાચારો મળી રહયા છે. બ્લાસ્ટ થતા આજુબાજુની ઈમારતોમાં થયું નુકશાન થયું હતું.

# ચોમાસુ ફરી થંભ્યું ?

### દિલ્હી પંજાબ, રાજસ્થાન જેવા રાજયોને વધુ રાહ જોવી પડશે : મહારાષ્ટ્ર–ગુજરાત જેવા રાજયોમાં પણ ભારે વરસાદની શકયતા નહીં

### ચોમાસું અટકયુ છતાં દેશમાં અત્યાર સુધીમાં સરેરાશ કરતાં ૩૭ ટકા વધુ વરસાદ વરસી ગયોઃ ૮૦ ટકા ભાગોમાં પ્રવેશી ગયુ



**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી તા.૨૩

ગત શુક્ર-શનિમાં એકાએક આગળ વધીને ગુજરાત, મધ્યપ્રદેશ જેવા રાજયોમાં દાખલ થઈ ગયુ હતું.પરંતુ ૧૯ મીથી ફરી રફતાર ધીમી પડી ગઈ છે. અને વધુ એક વખત સ્થગીત થઈ ગયુ છે. હવામાન ખાતાના રિપોર્ટ પ્રમાણે દિલ્હી, હરીયાણા તથા પંજાબ-રાજસ્થાનનાં કેટલાંક ભાગોને ચોમાસાનાં પ્રથમ વરસાદ માટે રાહ જોવી પડે તેમ છે. ચોમાસુ અટકી ગયુ હોવાના કારણોસર હવે ઉતર તથા મધ્ય ભારતમાં તાપમાનનો પારો ઉંચકાઈ શકે છે.

નૈઋત્ય ચોમાસું વધુ એક વખત થંભી ગયુ છે અને નવા ભારે વરસાદ માટે માસાંત સુધી રાહ જોવી પડશે તેવો નિર્દેશ હવામાન ખાતા દ્વારા આપવામાં આવ્યો છે. ભારતમાં ચોમાસાનાં ત્રણ દિવસ મોડા પ્રવેશ બાદ ઝડપથી આગળ વધીને ૮૦ ટકા ભાગોને કવર કરી દીધા હતા. ત્યારબાદ ૧૧ થી ૧૩ જુન દરમ્યાન થંભી ગયુ હતુ. આવતા ત્રણ દિવસમાં તાપમાનના પારામાં ૩ થી ૪ ડીગ્રીનો વધારો શકય છે.ચાલુ મહિનાના અંત સુધી આ સ્થિતિ રહે તેમ છે. હવામાન વિજ્ઞાની મહેશ પલાવતના કહેવા પ્રમાણે પશ્ચિમી પવનને કારણે ચોમાસુ અટકયુ છે. જયાં સુધી પૂર્વીય પવનો ફુંકાવાનું શરૂ નહિં થાય ત્યાં સુધી ચોમાસું આગળ નહી વધી શકે. મહારાષ્ટ્ર-ગુજરાત જેવા હવામાનની દ્રષ્ટિએ મધ્ય ભારતમાં આવતા રાજયોમાં ચાર-પાંચ દિવસ ખુશ્નુમાં વાતાવરણ રહેશે. રવિવાર સુધી ભારે વરસાદના સંજોગો નથી હળવો વરસાદ થઈ શકે છે. ચોમાસું સ્થગીત થયુ હોવા છતાં દેશનાં ૮૦ ટકા ભાગોમાં પ્રવેશ થઈ શકે છે. ચોમાસું સ્થગીત થયુ હોવા છતાં દેશનાં ૮૦ ટકા ભાગોમાં પ્રવેશ થઈ ચુકયો છે. અને અત્યાર સુધીનો વરસાદ પણ સારો છે.મધ્ય ભારતમાં ૧૪૫.૮ મીમી વરસાદ પડયો છે. જે સરેરાશથી ૫૮ ટકા વધુ છે. દક્ષિણમાં સરેરાશ કરતાં ૨૪ ટકા વધુ વરસાદ છે. સમગ્ર દેશમાં સરેરાશ કરતાં ૩૭ ટકા વધુ વરસાદ છે.

# જમ્મુ-કાશ્મીરમાંથી ૧૩૫ કરોડનું હેરોઈન જપ્ત

**(એજન્સી સમાચાર)**

કઠુઆ તા.૨૩

જમ્મુ-કાશ્મીર વિસ્તારમાં અવારનવાર સેના અને આતંકવાદીઓ વચ્ચે અથડામણ થતી રહી છે ત્યારે હવે કઠુઆનાં હિરાનગર સેકટરમાં આશરે ૧૩૫ કરોડની કિંમતનું ૨૭ કિલો હેરોઈન જપ્ત કરવામાં આવ્યું છે. આ ઘટનામાં એક ચોરને મારી નાખવામાં આવ્યો છે. હાલ આ વિસ્તારમાં શોધખોળ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જમ્મુ-કાશ્મીરમાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. કઠુઆ જિલ્લામાં આંતરરાષ્ટ્રીય સરહદ પાસે બીએચએફે માદક પદાર્થની ચોરી કરનારા એક ચોરને ઢાળી દીધો હતો. તેની પાસેથી ૧૩૫ કરોડનું હેરોઈન જપ્ત કરાયું હતું. બીએસએફનાં પ્રવકતાએ જણાવ્યું કે, આ ઘટના સરહદ ચોકી, હીરાનગર સેકટરનાં પંસાર વિસ્તારની છે. બીએસએફના જવાનોએ ચોરને સરહદ પાર કરીને ભારતનાં વિસ્તારમાં પ્રવેશવાનાં પ્રયાસો કરતાં જોયો હતો ત્યારે તેને ચેતવણી આપવામાં આવી હતી પરંતુ ત ન માન્યો અને ત્યાંથી ભાગવા લાગ્યો. ત્યારબાદ ફરજીયાત ગોળી ચલાવવી પડી હતી. આ ચોરની ઓળખ થઈ નથી. પ્રવકતાએ ઉમેર્યુ કે ૨૩ જાન્યુઆરીમાં રોજ બીએસએફને ૧૫૦ મીટરની એક ભુગર્ભ ટનલની જાણકારી પ્રાપ્ત થઈ હતી જેને બીઓપી પસાર વિસ્તારમાં વિનાશકારી ગતિવિધિઓને અંજામ આપવા માટે પાકિસ્તાનથી આતંકવાદીઓની ઘૂસણખોરીમાં મદદ માટે બનાવવામાં આવી હતી અને હવે આ હેરોઈન પ્રાપ્ત થયું છે.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી

સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્કાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

# યુપીઃ ભાજપનો 300 બેઠકો જીતવાનો લક્ષ્યાંક

### વિધાનસભાના આગામી ચૂંટણીના મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે યોગી જ રહેશે

**(એજન્સી સમાચાર)**

લખનઉ, તા.૨૩

ઉત્તર પ્રદેશમાં આગામી વિધાનસભાની ચૂંટણી માટે રોડમેપની તૈયારી માટે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ અને કોર મિટિંગ મોડી રાત સુધી ચાલી હતી .આ મિટિંગમાં અનેક પ્રશ્નોની ચર્ચા કરવામાં આવી હતી. અને વિધાન સભામા 300 બેઠકોને જીતવાના લક્ષ્યાંક સાથે ભાજપ ઉતરશે.



મુખ્યમંત્રી અને કોર કમિટીની બેઠકમાં જિલ્લા પંચાયતના ચૂંટણી અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી અને ભાજપના નેતા અરૂણસિંહે સાફ કરી દીધું કે વિધાનસભાના આગામી ચૂંટણીના મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે યોગી જ રહેશે. રાષ્ટ્રીય મહા સચિવ અરૂણસિંહે જણાવ્યું હતું કે ઉત્મર પ્રદેશના મુખ્યમંત્રીએ યોગીનાથે સારૂ કામ કર્યું છે. વિધાનસભામાં ભાજપના ચહેરા તરીકે યોગી આદિત્યનાથ જ રહેશે. ઉલ્લેખનીય છે કે ઉત્તરપ્રદેશના લખનઉમાં રાજકીય હલચલ જોવા મળી હતી. બીએલ સંતોષ અને યુપીના પ્રભારી રાધા મોહન સિંહની હાજરીમાં કોર કમિટીની બેઠક મળી હતી, જયારે સીએમ યોગી આદિત્યનાથે ડેપ્યુટી સીએમ કેશવ પ્રસાદ મૌર્ય સાથે લંચ પણ કર્યું હતું. બીજેપીની કોર કમિટીની બેઠકમાં આવતા વર્ષે યોજાનારી વિધાનસભાની ચૂંટણી માટેની રણનીતિ અંગે ચર્ચા કરવામાં આવી હતી.

માર્કેટીંગ માટે છોકરા તેમજ છોકરી જોઈએ છે

મો.૯૪૦૯૭ ૫૭૦૬૨

# સુરતમાં સીસોદીયા કરશે રોડ શો

### વરાછાના મોટા માથાઓની થશે 'આપ'માં એન્ટ્રી : ચર્ચા

**(એજન્સી સમાચાર)**

સુરત, તા.૨૩

થોડા દિવસો પહેલા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલની હાજરીમાં ખાનગી ન્યુઝ ચેનલના પૂર્વ રીપોર્ટર ઇશુદાન ગઢવી 'આપ' પાર્ટીમાં જોડાયા હતા. વિધાનસભાની ચૂંટણીને હજુ એક વર્ષથી વધુનો સમયગાળો બાકી છે. તે પહેલા આમ આદમી પાર્ટી દ્વારા વિધાનસભાની ચૂંટણીને લઇને તડામાર તૈયારીઓ ગુજરાતભરમાં આદરી દીધી છે.

'આપ' સૂત્રોમાંથી જાણવા મળ્યું છે કે, ટુંક સમયમાં મનીષ સિસોદિયાની સુરત મુલાકાત લઇ રહયા છે અને એક રોડ શો પણ કરશે. સુરતના કેટલાક દિગ્ગજ નેતાઓ 'આપ'માં જોડાઇ રહયા હોવાની વાત ચર્ચાઇ રહી છે.



શુધ્ધ ઘી

કોઈપણ જાતની મિલાવટ વગરનું ઘી જથ્થામાં વેચવાનું છે.

રૂ.૧૦૦૦/-નું કિલો

મો. નં. ૯૦૩૩૩ ૪૪૪૨૬

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play

SK NEWS

સૌરાષ્ટ્ર ક્રાંતિ NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતિ

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com

web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE TO OUR CHANNEL

SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant

SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતિ

સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઇડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:

90333 44426




**આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે 94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.**



# 'સૌરાષ્ટ્ર ક્રાંતી'ની અનોખી પહેલ

## "મારૂ રાજકોટ, સ્વચ્છ રાજકોટ" ઝુંબેશમાં સહભાગી થાઓ

**વોર્ડમાં સ્વચ્છતાની સમસ્યા છે તો ફોન કરો...**

# 2450077

**વોર્ડની સમસ્યા નિવારવા ઓનલાઈન ફરિયાદ કરવી જરૂરી**

http://www.rmc.gov.in/rmcwebsite/complainregistration.aspx

**જો ફરિયાદ કરવા છતાં તંત્ર દ્વારા પ્રશ્નોનો ઉકેલ નથી આવતો તો ફોટા સાથે વિગત વોટ્સએપ કરો**

# 99784 17603

**અમે તમારી ફરિયાદ તંત્ર સુધી પહોંચાડવા મદદ કરીશું**

USE DUSTBIN

કચરો કચરા પેટી માં નાખવો

**ચાલો, સૌ સાથે મળીને રાજકોટને સ્વચ્છ બનાવીએ**



# વોર્ડ નં. 17

**કોર્પોરેટરો:**
અનીતાબેન ગૌસ્વામી
કિર્તીબા રાણા
વિનુભાઈ ધવા
રવજીભાઈ મકવાણા

# કચરાના ઢગલા ઉપાડવા જોવાતું મુહૂર્ત!





અહેવાલ: પરાગ જાદીયા
તસવીર: દિલીપ ગોહેલ



## લોકો ટીપરવાનનો ઉપયોગ વધુ કરે: અનીતાબેન ગૌસ્વામી



રાજકોટ: વોર્ડનાં કોર્પોરેટર અનિતાબેનનો સંપર્ક કરતા જણાવ્યું હતું કે એસ.આઈ ને કહીને કચરાનાં ઢગલા ઉપડાવી લેશું. તેમના પતિ ગૌતમભાઈએ જણાવ્યું હતું કે, વોર્ડવાસીઓને અમારી અપીલ છે કે ટીપરવાનનો ઉપયોગ કરવામાં આવે. જો ટીપરવાનની કચરાનાં ઢગલાની ફરિયાદ હોય તો અમારા સુધી પહોંચાડવામાં આવે જેથી કરીને તાત્કાલિક તેનું નિરાકરણ કરવામાં આવે. મો.૯૮૯૮૬ ૧૨૮૭૨

## અમારા સુધી કોઈ ફરીયાદ પહોંચી જ નથી: કિર્તીબા રાણા



રાજકોટ: વોર્ડનાં કોર્પોરેટર કિર્તીબાનો સંપર્ક કરતા જણાવ્યુ હતુ કે અમારા વોર્ડમાં દરરોજ સાફસફાઇ કરવામાં આવે જ છે. દરરોજ ટિપરવાન જાય જ છે. વોર્ડમાં કચરાના ઢગલા પડ્યા રહે છે અને સમયરસ ઉપડતા નથી તે મામલે હજુ સુધી કોઇ ફરીયાદ પહોંચી જ નથી જો અમારા સુધી ફરીયાદ પહોચે તો અમે તેનો તાત્કાલીક નિકાલ કરાવીશુ મો.૯૬૨૪૬ ૪૭૭૮૯

## વોર્ડમાં કચરાના ઢગલા પડયા હોય તે ચલાવી ન લેવાય : વિનુભાઇ ધવા



રાજકોટ: વોર્ડનાં કોર્પોરેટર વિનુભાઈનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે કચરાનાં ઢગલા વોર્ડમાં રહે તે જરા પણ ચલાવી લેવામાં નહીં આવે. તાત્કાલિક ધોરણે યોગ્ય અધિકારીઓને સુચના આપી કામ કરાવીશું અને કાયમી ધોરણે આ પ્રશ્નોનું નિરાકરણ થાય તેવા પ્રયત્નો હાથ ધરાશે. લોકો વધુમાં વધુ ટીપરવાનનો ઉપયોગ કરે તેવી અપીલ. મો.૯૮૯૮૩ ૩૮૩૪૯

## લોકો જાહેરમાં કચરો નાખવાનું ટાળે: રવજીભાઈ મકવાણા



રાજકોટ: વોર્ડમાં કચરાનાં મુદ્દે કોર્પોરેટર રવજીભાઈનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું કે સફાઈની કામગીરી રેગ્યુલર થાય જ છે. ટ્રેક્ટર જે.સી.બી થી કચરો ઉપડાવી લઈએ છીએ. છતાં પણ જો હશે તો જોવડાવી લેશું. ઉપરાંત વિસ્તારવાસીઓ જ જાહેરમાં કચરો નાખતા હોય છે. તેથી તે ટીપરવાનનો ઉપયોગ કરે તેવી અપીલ. મો. ૯૯૧૩૭ ૩૯૭૮૬

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૨

વોર્ડમાં ઠેર-ઠેર પડેલા કચરાની ફરિયાદો લોકોમાં ઉઠવા પામી છે. સૌરાષ્ટ્ર ક્રાંતી ની ટીમે રાખી રિયાલિટી ચેક કરતા અનેક વિસ્તારોમાં કચરાના ઢગલા પડ્યા હોવાની જાણ વોર્ડ ઓફિસર અને સેનેટરી ઇન્સ્પેકટરનું ધ્યાન દોર્યું હતું. ચોમાસું વિધીવત રીતે બેસી ગયું છે. જો સમયસર કચરાના ઢગલાનો નિકાલ નહીં કરાય તો રોગચાળાને ખુલ્લું આમંત્રણ મળી શકે! અનેક વિસ્તારોમાં કચરના ઢગલા દિવસો સુધી નહીં ઉપડાતા હોવાની મનપા તંત્રને જાણ કરવા છતાં તંત્ર દ્વારા નિકાલ નહીં થતાં હોવાનું લોકોનું કહેવું છે. જયારે બીજી બાજુ જવાબદાર અધિકારીઓનું કહેવું છે કે, કેટલાક લોકો કચરો ટીપરવાનમાં નાખવાનાને બદલે રસ્તાઓ પર ફેંકી દેતા હોવાથી કચરાના ઢગલા થયા છે. તંત્ર દ્વારા લોકોને અપીલ કરીએ છીએ કે, જ્યાં-ત્યાં કચરો નાખવાને બદલે ટિપવાનમાં નાખો. શહેરને સુંદર બનાવવા લોકો તંત્રને સહયોગ આપે.

રોડ, રસ્તા, પાણી, કચરાના ઢગલા સહિતના પ્રશ્નો અંગે વોર્ડના અધિકારીઓ ફરિયાદ ન સાંભળતા હોય તો મહાનગરપાલિકા દ્વારા જાહેર કરેલ ફોન નંબર પર ફરિયાદ નોંધાવી શકે છે. ફરિયાદ કરવા છતાં પ્રશ્નોનો ઉકેલ ન આવે તો મ્યુ.કમિશ્નરને જાણ કરવી જોઈએ.

વોર્ડના અનેક વિસ્તારોમાં પડેલા કચરાના ઢગલાથી તીવ્ર દુર્ગંધથી લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. વિસ્તારમાં ટિપરવાન સમયસર નહીં આવતી હોવાની લોકોમાં ફરિયાદ ઉઠવા પામી છે.

ચૂંટણી ટાણે રોડ, રસ્તા, પાણી, કચરાના ઢગલા સહિતના પ્રશ્નો તાબડતોબ ઉકેલાય જાય છે. ચૂંટણી પૂરી થયા બાદ ફરી સ્થિતિ જૈસે-થે જેવી થતી હોવાનું લોકોનું કહેવું છે. વોર્ડ નં.૧૭ નાં અનેક વિસ્તારોમાં પડેલા કચરાનાં ઢગલાથી રોગચાળાને ખુલ્લું આમંત્રણ અપાઈ રહ્યું હોય તેવી સ્થિતિ જોવા મળી રહી છે. વોર્ડ નં.૧૭ માં કોર્પોરેટરોનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે, અમારા સુધી અત્યાર સુધીમાં કોઈ ફરિયાદ મળી નથી. છતા કચરાનાં ઢગલા ઉપાડી લઈશું. વોર્ડનાં અનેક વિસ્તારોમાં સામાન્ય દિવસોમાં કચરાનાં ઢગલાથી તીવ્ર દુર્ગંધથી ત્રાહીમામ પોકારી જવાય તો ચોમાસામાં કેવી હાલત થાય તેવું લોકો જણાવી રહ્યા છે. આમા કચરાના ઢગલા ક્યાં ક્યાં હશે તે કેમ ખબર હોય?? તેવું પણ વોર્ડના લોકોમાં ચર્ચાઇ રહ્યું છે. વોર્ડનાં કોર્પોરેટરોએ લોકોને અપીલ કરી છે કે, કચરો ટીપરવાનમાં નાખે, જ્યાં-ત્યાં કચરો નાખવો નહીં. શહેરને ચોખ્ખું ચણાંક બનાવવા બધાનો સહયોગ ખૂબ જરૂરી છે. કોર્પોરેટરોને આ ઢગલાકેમ નથી દેખાતા? તેવું વોર્ડનાં લોકોમાં ચર્ચાઈ રહ્યું છે. અમને વોર્ડનાં લોકોને કચરાનાં ઢગલા દેખાઈ છે તો વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેકટ, કોર્પોરેટરોને કેમ દેખાતા નથી કે તે ફરિયાદની રાહ જોઇને બેઠા છે ?

વધુમાં જણાવ્યું છે કે, વિસ્તારોમાં ટીપરવાન સમયસર ન આવતી હોય તો જાણ કરો. શહેરને વધુ સુંદર બનાવવા શહેરીજનો તંત્રને સહકાર આપે. ચોમાસું આવી રહ્યું છે ત્યારે સ્વચ્છતા રાખવી ખૂબ જરૂરી છે કે રોગચાળો ન ફેલાય. ચોમાસા પુરતી જ વાત નથી કાયમી સ્વચ્છતા રાખવી દરેક લોકોની ફરજ છે. તંત્ર દ્વારા સ્વચ્છતાના ગાણા ખુબ ગવાઈ રહ્યા છે પણ વાસ્તવિકતા તો કંઈક જુદી જ છે. શહેરના અનેક વોર્ડના રસ્તાઓ પર કચરાના ઢગલા જોવા મળી રહ્યા છે

. નવનિયુક્ત કોર્પોરેટરોએ રોડ-રસ્તા, પાણી સહિતના મુદ્દે વોર્ડમાં લોક દરબાર યોજવો જોઈએ. લોક દરબાર યોજવામાં આવે તો અનેક પ્રશ્નોનું નિરાકરણ ટૂંક સમયમાં થઇ શકે. સૌરાષ્ટ્ર ક્રાંતી ટીમ દરરોજ એક વોર્ડમાં જઈને ત્યાંના લોકોને રૂબરૂ મળી ટીપરવાન સમયસર આવે છે કે કેમ તેમજ કઈ-કઈ જગ્યાએ કચરાના ઢગલાઓ પડ્યા છે તે અંગેની માહિતી મેળવતા લોકોએ અનેક વિસ્તારોમાં પડેલા કચરાના ઢગલાઓ દેખાડી તંત્રની કામગીરી સામે આક્રોસ ઠાલવ્યો હતો.

**વોર્ડનાં લોકોને કચરાનાં ઢગલા દેખાય છે તો વોર્ડ ઓફિસર, સેનેટરી ઈન્સ્પેક્ટ, કોર્પોરેટરોને કેમ દેખાતા નથી કે તે ફરિયાદની રાહ જોઈને બેઠા છે ?**



**આ કચરાના ઢગલા કામગીરી કેવી છે તે બતાવી રહ્યા છે!**

## જે.સી.બી થી અઠવાડિયામાં ૩ થી ૪ વાર કચરો ઉપડાવીએ છીએ: મહેશભાઈ (સેનેટરી ઈન્સ્પેક્ટર)

રાજકોટ: વોર્ડમાં કચરાનાં મુદ્દે સેનેટરી ઈન્સ્પેક્ટરનો સંપર્ક કરતા તેઓએ જણાવ્યું હતું કે વોર્ડમાં રેગ્યુલર સફાઈ કરવામાં આવે છે. અઠવાડિયામાં ત્રણ થી ચાર વાર જે.સી.બી થી કચરો ઉપડાવીએ છીએ. અમે લોકોને પણ અપીલ કરીએ છીએ કે લોકો કચરો કચરાપેટીમાં નાખે અને ટીપરવાનનો વધુ ઉપયોગ કરે.

**રાજકોટ મહાનગરમાં ચૂંટણીઓ બાદ નવી બોડીનાં આગમન બાદ શહેરનાં જુના કાયમી પ્રાણ પ્રશ્નોની સ્થિતિ બદલી છે કે કેમ તે માટે સૌરાષ્ટ્ર ક્રાંતી દ્વારા એક ટોર્ચ લાઈટ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. જેનો હેતુ કોઈ શાબ્દીક ટપાટપીનો નથી બલ્કે વિકાસ માટે પ્રજા અને તંત્ર વચ્ચે સેતુ બનાવવાનો છે.**

## તંત્રી સ્થાનેથી...

### ઓન લાઈન ભણતર વિદ્યાર્થીઓનું ભવિષ્ય કેવું કંડારશે.....?

દેશમાં કોરોનાની બીજી લહેર મંદ પડવા સાથે કોરોના કેસોનો આંક તળીયા તરફ પહોંચી ગયો છે. દેશભરમાં મોટાભાગે પ્રતિબંધો હટાવી લેવામાં આવ્યા છે. જન જીવન ધીરે ધીરે દોડવા લાગ્યુ છે પરંતુ અગાઉની જેવી ગતિ પકડી નથી. બહુધા ક્ષેત્રોમાં મંદીની અસર હોવાથી રોજગારીની સમસ્યા વધુ પ્રમાણમા છે! આ સમયે નોંધનિય અને અગત્યની બાબત એ બની છે કે કોરોનાની બીજી લહેર મંદ પડવા છતાં સરકારને અને આરોગ્ય તંત્રને બાળકોની ચિંતા વધુ છે જે કારણે શાળાઓ તથા શિક્ષણ કલાસીસો ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી તે સાથે ધોરણ ૧૨ સુધીની તમામ પરીક્ષાઓ રદ કરી દીધી હતી અને બાદમાં માસ પ્રમોશન આપી દેવામાં આવ્યું. જોકે કેટલાક વિદ્યાર્થીઓએ પરીક્ષા માટે આગ્રહ રાખ્યો છે કારણે સરકાર પણ તે માટે યોગ્ય નિરાકરણ માટે તૈયાર થઈ ગઈ છે. પરંતુ આ બધી બાબતો વચ્ચે ગંભીર બાબત એ છે કે કોરોના મહામારીમા ધંધા,રોજગાર ઠપ્પ થઈ ગયા હતા. ત્યારે પ્રજાની આવક પણ ન થવાથી આમ પ્રજાની હાલત કફોડી બની જવા પામી છે. છતા સરકારે વિદ્યાર્થીઓને ફી માફી અપાવવાનો કોઈ નિર્ણય લીધો નથી પરિણામે વાલીઓ વધુ પરેશાન છે. જોકે કેટલીક આંગળીને વેઢે ગણી શકાય એટલી શાળાઓએ માનવતાનો અભિગમ અપનાવી પોતાની શાળાના વિદ્યાર્થીઓની ફી માફ કરી દીધી છે. પરંતુ બહુમત શાળાઓ ફી લઈને માલેતુજાર કે સમૃધ્ધ બની ગઈ છે આવી શાળાઓ ફી માફી આપવા જ તૈયાર નથી અને સરકાર પણ ત્રીજું નેત્ર ખોલતી નથી. શાળાઓ ખૂલીજ નથી અને ઓનલાઇન શિક્ષણ આપ્યું છે જે કારણે વિદ્યાર્થીઓની ફી છોડવા માટે તૈયાર નથી. માનવીય અભિગમ અપનાવી શાળાઓ ફી માં ૫૦ ટકા સુધી પણ જો માફી આપે તો પણ વિદ્યાર્થી વાલીઓને મોટી રાહત મળી શકે. બીજી તરફ ખાનગી શાળાઓની ફી ભરવાની શક્તિ ન ધરાવતા વાલીઓ પોતાના સંતાનોને સરકારી શાળામાં દાખલ કરવા તરફ વળી ગયા છે. જે કારણે સરકાર માટે ચિંતા બની રહેવાની સંભાવના ઉભી થઈ શકે છે!

સરકારે શાળાઓ ન ખોલવાનો નિર્ણય કરીને શાણપણનું પગલું ભર્યુ છે. કારણ કે ત્રીજી લહેર ત્રાટકે અને વિદ્યાર્થીઓ તેની ચપેટમાં આવી જાય તો? જ્યારે કોરોના મહામારી ટોચ પર હતી ત્યારે અનેક પુખ્ત વયના માસ્ક ધારણ કરવા, ડિસ્ટન્સિગ સહિત અન્ય કોરોના ગાઈડ લાઈનનું પાલન કરતા ન હતા. તો પછી શાળાઓ ખુલી ગયા બાદ શિક્ષકો તથા શાળાનો અન્ય સ્ટાફ સુરક્ષા બાબતેના નિયમોનું પાલન કરી હદ સુધી કરાવી શકે તે મોટો સવાલ સરકાર સામે છે અને એટલા માટે ઓનલાઇન શિક્ષણ આપવાનો નિર્ણય કરીને તેનો અમલ શરૂ કરી દીધો છે.વાલીઓ પણ શાળાઓ ક્યારે ખુલશે તેની ચિંતા કરે છે કારણ રૂબરૂ શિક્ષણ વિદ્યાર્થીઓ માટે અતિ ઉત્તમ ભવિષ્યનુ ઘડતર કરે છે. જ્યારે કે સતત ઓનલાઇન ભણવાને કારણે લખવાની આદત છૂટી જાય તે સાથે વિકાસનું વર્તૂળ તૂટવાની શક્યતા વધુ રહે. ઓનલાઇન ભણવાના કારણે બોલપેન-પેન્સિલ પકડવામાં વિદ્યાર્થી ખચકાવા લાગશે. ઉપરાંત ભવિષ્યમાં અડચણો પેદા થવાની શક્યતા વધુ છે જે કારણે વાલીઓ શાળાઓ ખુલી જાય તેવી લાગણી દર્શાવી રહ્યા છે. પરંતુ સરકાર વિદ્યાર્થીઓના હેલ્થ બાબતે કોઇ જોખમ લેવા તૈયાર નથી.તેમજ જ્યારે મોટાભાગના શિક્ષકોનું રસીકરણ થઈ જાય પછી સરકાર શાળાઓ ખોલવામા સરકાર વિચારી શકે તેમજ શાળાઓ ખોલવામા બીજી અનેક બાબતો વિચારવી જરૂરી છે. પરંતુ એક વાત દીવા જેવી સ્પષ્ટ છે કે વિદ્યાર્થીઓના હેલ્થને કોઈ જોખમ નથી કે નુકસાન નહીં થાય તેવી ખાત્રી થશે ત્યારેજ સરકાર શાળાઓ ખોલવા નિર્ણય લેવા તૈયાર થશે!

### ટોચના વાયરલોજીસ્ટ અને વૈજ્ઞાનિકોનું મોટું નિવેદન

# દેશમાં કોરોના વાયરસ સંક્રમણની ત્રીજી લહેરનો ડર પાયા વિહોણો

## દેશમાં જલ્દી કોરોના સંક્રમણ વધવાને લઈને ક્યાંય પણ કોઈ વૈજ્ઞાનિક આધાર ઉપલબ્ધ નથી, ત્રીજી લહેર સંભવ નથી



(એજન્સી સમાચાર)

ન્યુ દિલ્હી,તા.૨૩

દેશમાં કોરોનાની બીજી લહેરે ભારે તબાહી મચાવી હતી અને અત્યારે દેશ તેનાથી રાહત મેળવી રહ્યો છે, ત્યારે કોરોનાની ત્રીજી લહેરને લઇને અનેક ભવિષ્યવાણીઓ કરવામાં આવી રહી છે અને ચેતવણીઓ આપવામાં આવી રહી છે. દિલ્હી સ્થિત એઇમ્સના ડાયરેક્ટર ડૉ. રણદીપ ગુલેરિયાએ હાલમાં જ દેશમાં કોરોના વાયરસ સંક્રમણની ત્રીજી લહેરને લઇને ચેતવણી આપી છે. તેમણે કહ્યું કે, કોરોનાની ગાઈડલાઈડનનું યોગ્ય રીતે પાલન ના કરવામાં આવ્યું અને ભીડભાડ ના રોકવામાં આવી તો આગામી ૬થી ૮ મહિનામાં જ કોરોનાની ત્રીજી લહેર દેશમાં દસ્તક આપી શકે છે.

જો કે તેમના આ દાવાની વિરુદ્ધ કેટલાક ટોચના વાયરલોજીસ્ટ અને વૈજ્ઞાનિકોનું કહેવું છે કે દેશમાં કોરોના વાયરસ સંક્રમણની ત્રીજી લહેરનો ડર પાયાવિહોણો છે. તેમના પ્રમાણે દેશમાં જલદી કોરોના સંક્રમણ વધવાને લઇને ક્યાંય પણ કોઈ વૈજ્ઞાનિક આધાર ઉપલબ્ધ નથી. વાયરોલોજીસ્ટ ડૉ. ટી. જેકબ જોનનું કહેવુ છે કે, જ્યાં સુધી દેશમાં કોરોના વાયરસ સંક્રમણનો કોઈ નવો વેરિયન્ટ સામે નથી આવતો ત્યાં સુધી દેશમાં ત્રીજી લહેર સંભવ નથી. તેમનું કહેવું છે કે વર્તમાન કોરોના વેરિયન્ટ સંક્રમણમાં નવો વધારો પેદા ના કરી શકે. તેમણે કહ્યું કે, જુલાઈના અંત સુધીમાં આ મહામારી સતત ઘટવા લાગશે.

પ્રભાવશાળી રણનીતિના કારણે આપણે કોવિડ-૧૯થી રાહત મેળવી શકીએ છીએ. તો અમેરિકામાં રહેતા ડૉ. રવિ ગોડસેએ પણ કોરોનાની ત્રીજી લહેરથી સંબંધિત મુદ્દા પર વાત કરી છે. તેમણે કહ્યું કે, મારું માનવું છે કે ભારતમાં સંક્રમિત થવાથી કોઈ નથી બચ્યું, પરંતુ જેને કોરોના થયો તેઓ ઠીક પણ થયા. રસી સારા પ્રમાણમાં લોકોને લાગી છે. કેસ આવી શકે છે, પરંતુ લહેર નહીં આવે. ૧ જુલાઈ સુધી આનો અંત થઈ જશે. તેમના પ્રમાણે ઑક્ટોબર સુધી ભારતમાં માસ્ક પણ ઉતરી જશે.

ત્રીજી લહેરમાં બાળકોને થનારી અસરની શક્યતાઓ પર તેમણે કહ્યું કે, આ તદ્દન ખોટું છે. બાળકોમાં કે યુવાનોમાં કેસ જોવા મળી રહ્યા છે, એ નિશાની છે કે વેક્સિનેશન ચાલી રહ્યું છે. બાળકોની રોગપ્રતિકારક ક્ષમતા વધારે સારી છે. હજારમાં ૧૦ બાળકો જ કોરોના સંક્રમિત જોવા મળી રહ્યા છે.

## વેક્સિન લગાવવાથી ઈન્કાર કરનાર લોકોને જેલ ભેગા કરી દેવાશે

### ફિલિપિંસના રાષ્ટ્રપતિની લોકોને ચેતવણી



(એજન્સી સમાચાર)

મનીલા,તા.૨૩

કોરોના વાયરસ મહામારી વિરૂદ્ધ વેક્સિનને સૌથી મોટુ હથિયાર માનવામાં આવે છે અને દુનિયાભરમાં ઝડપથી વેક્સિનેશન કાર્યક્રમ કરવામાં આવી રહ્યો છે. આ વચ્ચે મોટી સંખ્યામાં લોકો વેક્સિન લેવાથી બચી રહ્યા છે પરંતુ ફિલિપીંસના રાષ્ટ્રપતિ રોડ્રિગો દુર્તેતેએ લોકોને ચેતાવણી આપીને કહ્યું છે કે વેક્સિન લગાવવાથી ઈનકાર કરનાર લોકોને જેલ ભેગા કરી દેવામાં આવશે.

એક રિપોર્ટ અનુસાર ફિલિપીંસના રાષ્ટ્રપતિ રોડ્રિગો દુર્તેતેએ કહ્યું, જો તમે હજુ સુધી વેક્સિન નથી લીધી અને કોરોના વાયરસના વાહક છો તો લોકોની રક્ષા માટે મારે તમને જેલમાં બંધ કરવું પડશે. તેમણે કહ્યું કે ગામના નેતાઓને એ લોકોની યાદી રાખવી જોઈએ જે વેક્સિનેશનને લઈને ઈનકાર કરી રહ્યા છે.

રોડ્રિગો દુર્તેતેએ કહ્યું કે, 'આ સમયે દેશ એક ગંભીર સંકટમાં છે. માટે મને ખોટી રીતે ન લેવામાં આવે.' પહેલી લહેરે વાસ્તવમાં સંસાધનોને ખતમ કરી દીધા છે. તેમણે આગળ કહ્યું કે, વધુ એક લહેર દેશ માટે વિનાશકારી સાબિત થઈ શકે છે. માટે જેટલી સાવધાની રાખવામાં આવે તેટલું જ સારૂ છે.

ફિલિપીંસે કોરોના વાયરસ મહામારીના સૌથી ખરાબ ફેસમાંથી પસાર થઈ ચુક્યુ છે. અને અત્યાર સુધી ૧૩ લાખથી વધારે લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. જ્યારે ૨૩ હજારથી વધારે લોકો પોતાનો જીવ ગુમાવી ચુક્યા છે. વર્લ્ડોમીટરના આંકડા અનુસાર, ફિલિપીંસમાં અત્યાર સુધી ૧૩ લાખ ૬૪ હજાર ૨૩૯ લોકો સંક્રમિત થઈ ચુક્યા છે. જેમાંથી ૨૩ હજાર ૭૪૯ લોકોના મોત થઈ ચુક્યા છે અને ૧૨ લાખ ૮૪ હજાર ૬૪૩ લોકો સ્વસ્થ્ય થઈ ચુક્યા છે.

## ગુજરાતમાં દારૂની પરમિટ માંગનારાઓની સંખ્યા વધી


### જૂન મહિના સુધીમા ૭૨૩ લોકોએ નવી અને ૧ હજારથી વધુ પરમિટ રિન્યુ કરાવી

(એજન્સી સમાચાર)

અમદાવાદ,તા.૨૩

દારૂ પીવાની પરમિશન માંગનારાઓમાં પણ વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને કોરોનાકાળમાં. કોરોનાકાળમાં દારૂની પરમિટ માટે પરમિશન માંગનારાઓની સંખ્યા વધી રહી છે.

એક આંકડા મુજબ, છેલ્લા ચાર વર્ષમાં દારૂની પરમિટ લેનારાઓની સંખ્યા વધી, તેમાં પણ કોરોનાકાળમાં દારૂની પરમિટ માંગનારીઓની પણ સંખ્યા વધી છે. કોરોનાને કારણે ગુજરાતમાં પરમિટ આપવાની કામગીરી થોડો સમય માટે બંધ હતી. પરંતુ પરમિશન આપવાની કામગીરી શરૂ થયા બાદ આ વર્ષે જૂન મહિના સુધીમા ૭૨૩ લોકોએ નવી અને ૧ હજારથી વધુ પરમિટ રિન્યુ કરાવી છે.



તો બીજી તરફ, ૨૦૧૮ થી પરમિટ માંગનારાઓની સંખ્યા વધી રહી છે. ૨૦૧૮ ના વર્ષે ૩૧૦૮ નવી પરમિટ અપાઈ હતી, તો ૫૭૦૧ પરમિટ રિન્યૂ કરાઈ હતી. ૨૦૧૯ માં ૫૮૦ નવી પરમિટ અપાઈ હતી અને ૨૨૮૫ રિન્યુ કરાઈ હતી. તેના બાદ વર્ષ ૨૦૨૦ માં ૧૬૦૦ પરમિટ નવી અપાઈ હતી અને ૧૬૬૩ પરમિટ રિન્યુ કરાઈ હતી. ૨૦૨૧ માં અત્યાર સુધી ૭૨૩ નવી પરમિટ અપાઈ છે, અને ૧૦૦૩ પરમિટ રિન્યુ કરાઈ છે.

### સૌરાષ્ટ્ર યુનિ. સંલગ્ન ચૌધરી હાઈસ્કુલ સ્થિત

## સદ્દગુરૂ મહિલા કોલેજમાં ૫૦૦ દીકરીઓ માટે વેક્સિનેશન ડ્રાઈવ યોજાઈ

### અંજલીબેન રૂપાણીએ દીપ પ્રાગટય કરી વેક્સિનેશન ડ્રાઈવની શરૂઆત કરી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ ગુજરાતના લોકોના આરોગ્યની સુખાકારી માટે સમગ્ર ગુજરાતમાં વિનામૂલ્યે કોરોના વેકિસનેશન આપવાનો પ્રજાલક્ષી નિર્ણય કર્યો છે અને હાલ સમગ્ર રાજયમાં અંદાજીત ૧૨૦૦ થી વધુ કેન્દ્રો પર વેકિસનેશનનું કાર્ય થઈ રહ્યું છે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી એ પણ યુનિવર્સિટીનો કોઈપણ વિદ્યાર્થી વેકિસન લેવામાં બાકી ન રહે અને વધુમાં વધુ વિદ્યાર્થીઓ વેકસીન પ્રાપ્ત કરે એ માટે કુલપતિ ડો. નીતિનભાઈ પેથાણી તથા ઉપકુલપતિ ડો. વિજયભાઈ દેશાણીના માર્ગદર્શન હેઠળ વેકસીનેશન ડ્રાઈવ કાર્યરત છે.સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન ચૌધરી હાઈસ્કુલ કેમ્પસ સ્થિત રાજકોટની સદગુરુ મહિલા કોલેજમાં અંદાજે ૫૦૦ જેટલી દિકરીઓ માટે કોરોના સામે રક્ષણ મેળવવા વેકસીનેશન ડ્રાઈવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે યોજાઈ હતી. આ વેકિસનેશન ડ્રાઈવની શરૂઆત મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રુપાણીએ દીપપ્રાગટય કરી કરાવેલ હતી. આ વેકિસનેશન ડ્રાઈવમાં પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, મેયર ડો. પ્રદીપભાઈ ડવ, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પુષ્કરભાઈ પટેલ, ડેપ્યુટી મેયરશ્રી ડો. દર્શીતાબેન શાહ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય ડો. મેહુલભાઈ રુપાણી, સિન્ડિકેટ સભ્ય અને કોર્પોરેટર ડો. નેહલભાઈ શુકલ, સ્વર્ણીમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટીના કુલપતિ પ્રો. અર્જુનસિંહ રાણા, પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, પૂર્વ મેયર બીનાબેન આચાર્ય, રક્ષાબેન બોળીયા, સુરેન્દ્રસિંહ વાળા તથા મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## હોટલ પાર્ક ઈનમાં સગીરા પર દુષ્કર્મની ફરિયાદ અંતે નોંધાઇ

### અગાઉ મહિલાએ પોલીસમાં ફરિયાદ આપવાનો ઈનકાર કરનાર સગીરાની માતાએ યુ.પી.ના શખ્સ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે તપાસ હાથ ધરી

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

સદર બજારમાં આવેલી હોટલ પાર્ક ઇનમાં ચાલતા ગોરખધંધાનો મુંબઈની એન.જી.ઓ.એ પર્દાફાશ કર્યા બાદ હોટલના રૂમમાં ચાલતા કુટણખાનામાં મહિલા દલાલ સહિત બે ની ધરપકડ કરી હોયના રૂમમા ત્રણ મહિનાથી ગોંધી રખાયેલી સગીરાને છોડાવી તપાસ કરી અંતે સગીરાની માતાએ ફરિયાદ નોંધાવતા મહિલા પોલીસે યુ.પી.ના શખ્સ વિરુદ્ધ દુષ્કર્મમો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ ગત સપ્તાહમાં સદર બજારમાં આવેલી હોટલ પાર્ક ઇનમાં છેલ્લા ત્રણ મહિનાથી પરપ્રાંતિય સગીરાને ગોંધી રાખી હોવાની હક્કિતના આધારે મુંબઈથી આવેલી એન.જી.ઓ.ની ટીમે મહિલા પોલીસ તથા સમાજ સુરક્ષાના અધિકારી અને બાળ વિકાસ અધિકારી સહિતની ટીમને સાથે રાખી સદર બજારમાં આવેલી હોટલ પાર્કઇનમાં દરોડો પડતા હોટલના રૂમમાંથી કુટણખાના પ્રકરણમાં મહિલા દલાલ, પુરુષ દલાલ તથા હિટલના માલિકની ધરપકડ કરવામાં આવી હતી. હોટલના રૂમમાં ગોંધી રખાયેલી સગીરાને પોલીસે મુક્ત કરાવી હતી.

હોટલમાંથી મુક્ત કરાયેલી સગીરાની માતા ૫૫ વર્ષીય મહિલાએ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે કે, મૂળ યુપીનો વતની અને હાલ ગોંડલ રોડ પર આવેલા ઓવર બ્રિજ નીચે સ્વાની પાર્ક પાસે રહેતો સંતોષ હરીસીંગ કુશવારા નામના સખ્સે તેની સગીર વયની પુત્રીને લગ્નની લાલચ આપી. પ્રેમ જાળમાં ફસાવી બદકામ કરવાના ઈરાદે અપહરણ કરી લઇ ગયા બાદ સગીરાને હોય. પાર્કઇનના રૂમમાં રાખી તેના પર વારંવાર દુષ્કર્મ કર્યુ હતું. બાદમાં સગીરાને હોટલના રૂમમા ગોંધી રાખી બાદમાં મથુરા નાસી ગયો હતો. મહિલા મંથકના પીઆઈ, એસઆઈ પટેલ સહિતની ટીમે સગીરાની માતાની ફરિયાદ નીંધી નાસી ગયેલા સંતોષ નામના શખ્સની શોધખોળ આદરી છે.

## ધો. ૧૦-૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૫ જુલાઈથી યોજાશે

(એજન્સી સમાચાર)

ગાંધીનગર,તા.૨૩

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા એક નિર્ણય લેવામાં આવ્યો છે, જેમાં રાજ્યના ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા ૧૫ જુલાઈથી યોજવાનો નિર્ણય લેવાયો છે. આ સાથે જ ૧૫ જુલાઈથી ધોરણ દ્વ ૧૦, ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓની પરીક્ષા લેવાશે. બોર્ડ દ્વારા આજે વિગતવાર કાર્યક્રમ જાહેર કરાયો છે. જેથી રિપીટર વિદ્યાર્થીઓ બોર્ડની વેબસાઈટ પર કાર્યક્રમ જોઈ શકે છે.

આ વિશે જાણવા મળી રહ્યું છે ધોરણ ૧૦ અને ૧૨ના રિપીટર વિદ્યાર્થીઓનો પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરાયો છે. ધોરણ- ૧૦/૧૨ રીપીટર/ખાનગી/પુથ્થક ઉમેદવારો માટે ૧૫ જુલાઈથી પરીક્ષા લેવાશે. શિક્ષણ બોર્ડ દ્વારા ૧૫ જુલાઈથી ૨૮ જુલાઈ દરમિયાન પરીક્ષા યોજાશે. પરીક્ષાનો વિગતવાર કાર્યક્રમ બોર્ડ દ્વારા જાહેર કરાયો છે. શિક્ષણ બોર્ડની વેબસાઈટ Www. GSEB.ORG પર વિદ્યાર્થીઓ કાર્યક્રમ જોઈ શકશે.

અત્રે ઉલ્લેખનીય છે કે, બોર્ડની પરીક્ષામાં રિપીટર્સ વિદ્યાર્થીઓની વાત કરીએ તો ધોરણ ૧૦માં ૩.૬૨ લાખ, ધોરણ ૧૨ સાયન્સમાં ૩૨ હજાર ૪૦૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહમાં ૯૭ હજાર જેટલા રિપીટર્સ વિદ્યાર્થી નોંધાયા હતા.

### કોરોનાનું સંક્રમણ ઘટતાં જ રાજકોટથી કેરળ, ગોવા અને દિલ્હી જવા ટ્રેન શરૂ કરી

## દુકાન પચાવી પાડવાના ગુનામાં થોરાળાના શખ્સની ધરપકડ

### ગુલમહોર બંગ્લોઝમાં શિક્ષક દંપતીએ મકાન પચાવી પડવાની એન્ટી લેન્ડ ગ્રેબિંગ હેઠળ ફરિયાદ નોંધાયા બાદ બીજી ફરિયાદ દુકાન પચાવી પાડવાની નોંધતા, ગાંધીગ્રામ પોલીસે કાર્યવાહી હાથ ધરી

રાજકોટ તા.૨૩

ગુજરાતમાં કદાચ મકાન પચાવી પાડતા અંગે ગઈકાલે ગુલમહોર બન્ગ્લોઝમા રહેતા શિક્ષક દંપતિ વિરુધ્ધ એન્ટી લેન્ડ ગ્રેબિંગ હેઠળ ગુનો નોધાયા બાદ નાના મવા પાસે આવેલા રવિ ટાવર દુકાન પચાવી પાડતા અંગે થોરાળાના વિજયનગર માં રહેતો શખ્સ વિરુધ્ધ ફરિયાદ નોધાતા પોલીસે શખ્સની ધરપકડ કરી આ કામે ફરિયાદી હેમલતાબેન વા/ઓ અરજણભાઈ ભવાનભાઈ બોરડ (ઉ.વ.૬૨ ચંદ્ર પાર્ક શેરી નંબર-૧૬ કોનર ૧૫૦ ફૂટ રીંગ રોડ) માલિકીની રાજકોટ તાલુકાના નાનામવા રેવન્યુ સર્વે નંબર-૭૮ પોકી ટી.પી સ્કીમ નંબર-૨ ના ફાઈનલ પ્લોટ નંબર-૧૬૬-૧૬૭ ઉપર આવેલા રવિ ટાવર નામે ઓળખાતી બિલ્ડીંગમાં ગ્રાઉન્ડ ફ્લોર માં દુકાન નંબર-૪ ઉપર સને-૨૦૦૮ થી કબજો કરી લઇ ફરિયાદીની લાખો રૂપિયાની મિલક્ત સમી દુકાન પચાવી પાડેલ હોઈ અને દુકાનનું ભાડું પણ આપતા ન હોઈ અને આજદિન સુધી દુકાન ખાલી કરેલ ન હોઈ જેથી આરોપી વિરુધ્ધ લેન્ડ ગ્રેબિંગના નવા કાયદા મુજબ ગુન્હો દાખલ કરવા માટે ફરિયાદીઓ જીલ્લા કલેક્ટર ને અરજી આપેલ હતી. જે અરજીના કામે જીલ્લા કલેક્ટર કચેરી ખાતે તા.૧૦/૦૬/૨૦૨૧ ના રોજ કમિટી ના નીર્ણય આધારે ઉપરોક્ત આરોપી વિરુધ્ધ ગુનો દાખલ કરવા માંતેનનો હુકમ થઇ આવેલ હોઈ જેથી મ્હે પોલીસ કમીસ્નર મનોજ અગ્રવાલ હુકમ કરતા ગાંધીગ્રામ-૨ (યુની) પો.સ્ટે ગુજરાત જમીન પચાવી પાડતા પર (પ્રતિબંધ) અધિ ૨૦૨૦ ની કલમ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે. અને આરોપીને હસ્તગત કરી કોરોના ટેસ્ટ કરાવી ધરપકડ કરવામાં આવેલ છે.

### જીલ્લા કાનૂની સેવા સતા મંડળ દ્વારા

## રાજકોટની તમામ અદાલતોમાં લોક અદાલતનું આયોજન

### અદાલતમાં દાખલ થયેલ કેસ તથા આગામી લોક-અદાલતમાં મુકવા માંગતા કેસ હાથ ધરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

નામદાર ગુજરાત રાજ્ય કાનુ સેવા સતા મંડળ, ગુજરાત હાઈકોર્ટ, અમદાવાદ ના ઉપકમે જિલ્લા કાનૂની સેવા સતા મંડળ, રાજકોટ દ્વારા આગામી તા.૧૦ ના રોજ રાજકોટ જીલ્લા મથકે તથા તાલુકા મથકે આવેલ તમામ અદાલતોમાં મેગા લોક-અદાલતનું આયોજન કરવામાં આવનાર છે. સદર લોક- અદાલતમાં દાખલ થયેલ તથા અદાલતમાં કેસ દાખલ થાય તે પહેલા (પ્રીલીટીગેશન) કેસો હાથ પર લેવામાં આવનાર છે. સદર લોક-અદાલતમાં ફોજદારી સમાધાન લાયક કેસો, નેગોશીએબલ એક્ટની કલમ -૧૩૮ (ચેક રીટર્ન અંગેના કેસો) હેઠળનાં કેસો, બેંક લેણાના કેસો, મોટર અકસ્માત વળતરને લગતા કેસો, લગ્નવિષયક કેસો, મજુર અદાલતના કેસો, જમીન સંપાદનને લગતા કેસો, ઈલેક્ટ્રીસીટી તથા પાણીનાં બીલોને લગતા કેસો, રેવન્યુ કેસીસ, દિવાની પ્રકારના કેસો (ભાડા, સુખાધિકારના કેસો, છે મનાઈ હુકમના દાવા, કરાર પાલનના દાવા) અન્ય સમાધાન લાયક કેસો હાથ પર લેવામાં આવનાર છે.

જીલ્લા કાનુની સેવા સતા મંડળ, રાજકોટના ચેરમેના તથા મુખ્ય જીલ્લા ન્યાયાધીશ ઉત્કર્ષ ઠાકોરભાઈ દેસાઈ સાહેબ દ્વારા તમામ પક્ષકારોને અનુરોધ કરવામાં આવેલ છે કે, લોક- અદાલતમાં તેઓના કેસ મુકી નિર્ણિત કરવામાં આવે તો બંને પક્ષકારોને લાભ કર્તા છે, બને પક્ષકારો વચ્ચે સમાધાનથી કેસનો નિકાલ થાય છે તથા કોઈનો વિજય નહી તેમજ કોઈનો પરાજ્ય નહી તેવી પરીસ્થિતી ઉદભવે છે અને તે કારણસર પક્ષકારો વિવાદ મુક્તા બને છે તથા વૈમનસ્યથી મુક્ત થવાય છે. તેમજ પક્ષકારોની સમજણ તથા સમજુતીથી કેસનો નિકાલ થયેલ હોય અપીલ થતી નથી. જેથી ભવિષ્યના વિવાદથી પણ પક્ષકારોને છુટકારો મળે છે. જેથી આગામી તા. ૧૦/૦૭/૨૦૨૧ ના રોજ યોજાનાર લોક-અદાલતમાં તમામ પક્ષકારોને સકીય ભાગ લેવા તથા જે પક્ષકારો પોતાનો કે આગામી લોક- અદાલતમાં મુકવા માગતા હોય, તેઓ તેઓના વકીલો મારફતે અથવા તો છે જે તે કોર્ટનો સંપર્ક કરી તેઓનો કેસ લોક-અદાલતમાં મુકવા કાર્યવાહી હાથ ધરી શકે છે. જેથી સદર લોક- અદાલતનો મહતમ લાભ લઈ વધુને વધુ કેસો લોક- અદાલતમાં મુકાવી, લોક- અદાલતને સફળ બનાવવા અનુરોધ કરેલ છે.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨,વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૨૦૨૦, તા.૨૩-૦૬-૨૦૨૧, બુધવાર, જેઠ વદ-૧૩, સૂર્યોદય-૫-૨૩, સૂર્યાસ્ત-૭-૨૧, જૈન નવકારશી-૮-૧૦,
આજની રાશિ : વૃશ્ચિક (ન.ય.), નક્ષત્રઃ અનુરાધા

- શુભ ચોઘડીયા -
અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-
૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

## આનંદોઃ જગતમંદિર દ્વારકાધીશ મંદિરમાં જયેષ્ઠાભિષેક ઉત્સવ દર્શનનો કાર્યક્રમ જાહેર



(એજન્સી સમાચાર)

દ્વારકા,તા.૨૩

જયેષ્ઠાભિષેક ઉત્સવ વિશે દ્વારકાધીશ મંદિરના પૂજારીએ જણાવેલ કે વર્ષમાં માત્ર બે વખત જ ઠાકોરજીને ખુલ્લા પડદે અભિષેક દ્વ સ્નાન કરવામાં આવે છે. જેમાંનો એક જયેષ્ઠાભિષેક ઉત્સવ હોય જેનું વિશેષ મહત્ત્વ છે. સવારે જયેષ્ઠાભિષેક તેમજ ત્યારબાદ સાંજના સમયે બાલસ્વરૂપના નૌકાવિહાર દર્શન યોજાય છે. કોરોના મહામારી દરમિયાન મંદિર બંધ હોવાથી ભાવિકો માટે ઓનલાઈનના મધ્યમથી દર્શન શક્ય બન્યા છે. પરંતુ હાલ કોરોના હળવો થયો હોવાથી દ્વારકાધીશ મંદિરમાં જયેષ્ઠાભિષેક ઉત્સવ દર્શનનો કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે. વહીવટદાર કચેરી દ્વારા કાર્યક્રમ જાહેર કરાયો હોવાની માહિતી મળી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૨ જૂને જગતમંદિરમાં શ્રીજીના જેષ્ઠાભિષેક ઉત્સવ નિમિત્તે જલયાત્રા ઉત્સવની તૈયારીરૂપ જગતમંદિરના પૂજારી પરિવાર દ્વારા ચાંદીના બેડાં, ચાંદીની તાંબડી તેમજ વિવિધ ચાંદીના વાસણોમાં દ્વારકાના અતિ પ્રાચીન અને પવિત્ર ભદ્રકાલી માતાજીના મંદિર પાસેના અઘોર કુંડમાંથી પૂજા કરી કુંડનું પવિત્ર જલ લઈ જગતમંદિર પહોંચાડવાનું હોય છે.

ગ્રીષ્મ ઋતુમાંથી વર્ષા ઋતુ આવતી હોય આ પવિત્ર જલને વિવિધ ઔષધિયુક્ત બનાવી રાત્રિ અધિવાસન કરી આ પવિત્ર જલથી ઠાકોરજીને જલાભિષેક કરાય છે. સાંજના સમયે જગતમંદિરમાં પવિત્ર જલથી જલ કુંડ (હોજ) ભરવામાં આવે છે. જેમાં ભગવાનનું બાલ સ્વરૂપ ગોપાલજીને નાવમાં બેસાડી નૌકા ઉત્સવ એટલે કે જલયાત્રા ઉત્સવ મનોરથની ઉજવણી કરવામાં આવશે.

દ્વારકાધીશ મંદિરમાં જયેષ્ઠાભિષેક ઉત્સવ દર્શનનો કાર્યક્રમ જાહેર..

તા ૨૪ જૂનના મંગલા આરતી સવારે ૬ કલાકે, જયેષ્ઠાભિષેક ખુલ્લા પરદે સ્નાન સવારે ૮ કલાકે

શૃંગાર આરતી સવારે ૧૧ કલાકે બપોરે ૧ વાગ્યે (અનૌસર) મંદિર બંધ. ઉત્સવ દર્શન સાંજે ૫:૦૦ કલાકે.

જલયાત્રા નાવ મનોરથ ઉત્સવ દર્શન સાંજે ૭:૦૦ કલાકે.

**વાચકોએ નોંધ લેવી**

કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.

વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી

## જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે મીડિયા વર્કશોપ યોજાયો

# અખબાર વાંચવું એ મીડિયા કાર્યકરનો ધર્મ હોવો જોઈએ: રાજુ ધ્રુવ




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે રાજકોટ જીલ્લા તથા તાલુકાઓના ભાજપ મીડિયા કન્વીનર માટે વર્કશોપ યોજાઈ ગયો.

ગુજરાત પ્રદેશ ભાજપ અધ્યક્ષ સી.આર.પાટીલની સુચના અને પ્રદેશ ભાજપ મીડિયા વિભાગના અધ્યક્ષ ડો.યજ્ઞેશભાઈ દવેના નેતૃત્વ હેઠળ તેમજ સૌરાષ્ટ્રના ભાજપ પ્રવક્તા રાજુભાઈ ધ્રુવ તથા સૌરાષ્ટ્ર ઝોન મીડિયા વિભાગના સહ-કન્વીનર સુરેશભાઈ માંગુકીયાના માર્ગદર્શન સાથે યોજાઈ ગયેલા આ વર્કશોપમાં પ્રિન્ટ મીડિયાના માધ્યમથી કઈ રીતે લોકો સુધી પહોચવું. લોકો ઉપયોગી કાર્યો કરવા તેમજ સમસ્યાઓ જાણવી અને ઉકેલવી તેમજ કઈ રીતે ન્યુઝ એડિટ અને તૈયાર કરવા તેનું માર્ગદર્શન ઉપસ્થિત મહાનુભાવોએ આપ્યું હતું.

રાજુભાઈ ધ્રુવે જણાવ્યું કે, દરેક મીડિયા વિભાગના કાર્યકરો માટે અખબારોનું વાંચન કરવાનો ધર્મ બનવો જોઈએ. અખબારોનું નિયમિત વાંચનથી જ અહેવાલો લખવાનું, સ્ટોરીઓ તૈયાર કરવામાં મૌલિકતા આવશે.

આ તકે સૌરાષ્ટ્ર વિભાગના મીડિયા સહ-કન્વીનર સુરેશભાઈ માંગુકીયાએ જણાવ્યું હતું કે, પ્રિન્ટ મીડિયાએ આજના સમયમાં ખુબ જ અગત્યતા ધરાવતું અખબાર છે. સોશ્યલ મીડિયામાં વાંચન વર્ગ ફરતો હોય છે જયારે પ્રિન્ટ મીડિયામાં વાંચન વર્ગ સ્થિર હોય છે મીડિયાના કાર્યકર્તાઓએ એંગલ અને એલિમેન્ટસ ન્યુઝ લખવાની, મેળવવાની મીડિયામાં તત્પર રહેવું જોઈએ.

આ પ્રસંગે જીલ્લા ભાજપ મહામંત્રી નાગદાનભાઈ ચાવડા, મનસુખભાઈ રામાણી, મનીષભાઈ ચાંગેલાએ ઉપસ્થિત રહી પ્રેરક માર્ગદર્શન તેમજ આગામી કાર્યક્રમોની માહિતી પૂરી પડી હતી.

ઉપસ્થિત મહેમાનોનું ગૌમાતાની પ્રતિમા આપીને તથા શબ્દોથી સ્વાગત મીડિયા ઇન્ચાર્જ અરૂણભાઈ નિર્મળ, સંચાલન મીડિયા સહ-ઇન્ચાર્જ કિશોરભાઈ ડોડીયાએ અને આભારદર્શન મીડિયા સહ-કન્વીનર ઉદયભાઈ લાખાણીએ કર્યું હતું. કાર્યક્રમની શરૂઆતમાં વંદેમાતરમ ગાન આઈ.ટી.એસ.એમ.ના પ્રભારી જયેશભાઈ પંડ્યાએ કર્યું હતું તેમજ કોરોનામાં અવસાન પામેલાને શ્રદ્ધાંજલિ અર્પી હતી. કાર્યક્રમને સફળ બનાવવા કાર્યાલય પ્રભારી અલ્પેશભાઈ અગ્રાવત, વિવેક સાતા, કિશોર ચાવડા સહીતનાએ જહેમત ઉઠાવી હતી. મીડિયા કન્વીનર અરૂણ નિર્મળે અખબારી યાદીમાં જણાવ્યું છે.(૧.૫)

# હળવદના ભલગામડા ગામેથી બોગસ ડોકટર ઝડપાયો

### પાંચ વર્ષથી પ્રેક્ટિસ કરતા ડીગ્રી વગરના ડોકટરની અટકાયત કરી ૪૬૦૯ કિંમતનો એલોપેથિક દવાનો જથ્થો કબજે






(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ, તા.૨૩

હળવદ ગ્રામ્ય વિસ્તારમાં ડિગ્રી વગરના ડોક્ટર નો રાફડો ફાટયો છે ગેરકાયદેસર તબીબી પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરોની બોલબાલા વધી છે. ગ્રામ્ય પંથકમાં દવાખાનું ચાલુ કરી પ્રેક્ટિસ શરૂ કરી લોકોના આરોગ્ય સાથે ચેડાં આવા ડિગ્રી વગરના ડોક્ટરો કરતા હોય છે. ઝોલાછાપ બોગસ ડોક્ટરો ઇન્જેકશન આપવા બાટલા ચડાવવા જેવી સારવાર આપી ગ્રામજનોના ખિસ્સા ખંખેરી લેતા હોય છે! અંતરીયાળ ગ્રામ્ય વિસ્તારમાં મોટા ભાગના બોગસ ડોક્ટરો પરપ્રાંતિય હોય છે. હળવદ પોલીસ દ્વારા આરોગ્ય વિભાગ ટીમ સાથે રાખી હળવદના ભલગામડામાં કમલા ક્લિનિક ચલાવતા ડીગ્રી વગરના ડોક્ટર ને રંગેહાથ ઝડપી પાડયો હતો.

દર્દીઓના આરોગ્ય સાથે ચેડા કરતો વધુ એક બંગાળી બોગસ ડોક્ટર પોલીસના હાથે ઝડપાયો. ડોક્ટર લાઇસન્સ વગર પ્રેક્ટિસ કરતો હોવાનું પણ ખૂલ્યું છે. સાથે જ તેની પાસેથી દવાઓનો જથ્થો પણ મળી આવ્યો છે. બોગસ એમબીબીએસના સર્ટિફિકેટ પણ મળી આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષથી પ્રેકટીસ કરતો હતો.

ડીગ્રી વગર દવાખાનું ચલાવી બિમાર દર્દીઓની સારવાર કરતાં આરોપી બોગસ ડોક્ટર દેવરતન સરત રોય (ઉં.વ.૫૪, રહે. રુદ્ર ટાઉનશીપ સોસાયટી, સરા રોડ, હળવદ મુળ રહે. તા. તુનમુરા જી. સુંદરગઢ ઓડીશા) વાળાને ઝડપી પાડી તેની અટકાયત કરી એલોપેથિક દવાનો જથ્થો કિંમત રૂ. ૪૬૦૯ કબ્જે કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

હળવદ પી.આઈ પી.એ. દેકાવાડિયાના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ કોડના પોલીસ જવાન દેવેન્દ્રસિંહ ઝાલા, જયપાલસિંહ ઝાલા, યોગેશદાન ગઢવી, કીશોર ભાઈ પારધી. મૂમાભાઈ કલોત્રા સહિતનાઓએ ઓપેરેશન પાર પાડવા ભારે જહેમત ઉઠાવી હતી.

# પડધરીના ખાખડાબેલા ગામ જુગાર ક્લબ ઝડપાઈ

### રાજકોટના વેપારી, કોન્ટ્રાક્ટર સહિત ૧૨ શખ્સોની ધરપકડ: રૂરલ પોલીસે અન્ય સ્થળોએ જુગારના દરોડા પાડી રૂ. ૬.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ જીલ્લામાં રૂરલ પોલીસે અલગ-અલગ પાંચ સ્થળોએ જુગારનાં દરોડા પાડી તથા પડધરીનાં ખાખડાબેલા ગામની સીમમાં ચાલતી જુગાર ક્લબ ઝડપી લઇ રાજકોટનાં વેપારી, કોન્ટ્રકટર સહિત ૩૮ શખ્સોની ધરપકડ કરી રૂ. ૬.૨૬ લાખનો મુદ્દામાલ કબજે કર્યો છે. આ અંગેની પોલીસમાંથી મળતી માહિતી મુજબ પડધરીનાં ખાખડાબેલા ગામની સીમમાં આવેલી વાડીમાં જુગાર ક્લબ ચાલતી હોવાની હકીકત રૂરલ એલ.સી.બી ની ટીમને મળતા પી.આઈ એ.આર ગોહિલની સુચનાથી એ.એસ.આઈ કરસનભાઈ, હેડ કોન્સ્ટેબલ રવિદેવભાઈ, મહેશભાઈ, અમિતસિંહ,બાલકૃષ્ણભાઈ, કોન્સ્ટેબલ નૈમિષભાઈ, મેહુલભાઈ, ભાવેશભાઈ, પ્રકાશભાઈ, રહીમભાઈ સહિતનાં સ્ટાફે ઉપરોક્ત સ્થળે દરોડો પડતા રાજકોટનાં યુનિવર્સીટી રોડ પર આવેલા આલાપ એવન્યુમાં રહેતો પટેલ વેપારી નિલેષ ગીરધર અકબરી તથા ખામડાબેલાનો ક્રિપાલસિંહ જીવાનસિંહ જાડેજા નામના બંને શખ્સો પોતાની વાડીની ઓરડીમાં બહારથી માણસો બોલાવી જુગારનાં સાધનો પુરા પાડી જુગારનો અખાડો ચલાવતા પોલીસે દબોચી લઇ જુગાર રમતા અસરજીતસિંહ કિરીટસિંહ જાડેજા (રહે. રીબડા), કેશવજી ડાયા ચાવડા (રહે. થોરાળા વિજયનગર), નરેન્દ્રસિંહ ઉર્ફે એન.જે.અમુભા જાડેજા (રહે. શાસ્ત્રીનગર), સુરેશ ધિરજ કંટારીયા (રહે. યોગીનગર), જેસીંગ કાનજી ચૌહાણ (રહે. રામાપીર ચોકડી), કનુ ત્રિભુવન ગોપાણી (રહે. સીતારામ સોસાયટી), હિરેન શૈલેષ તન્ના (રહે. મહેશ્વરી સોસાયટી), ક્રિપાલસિંહ જુવાનસિંહ જાડેજા, પ્રદિપસિંહ બટુકસિંહ જાડેજા, રાજદીપસિંહ બળવંતસિંહ જાડેજા સહિત ૧૧ શખ્સોની પોલીસે ધરપકડ કરી રોકડા રૂપિયા સહિત કુલ રૂ. ૪૪૭૦૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. જયારે અન્ય દરોડામાં ગોંડલ સીટી પોલીસે ગોકુળીયા પરામાં જુગાર રમતા પાંચ શખ્સોની ધરપકડ કરી રૂ. ૧૫૩૭૦ કબજે કર્યા છે. જયારે બીજા દરોડામાં ક્રિષ્ના પાર્ક સોસાયટીજમા ગોંડલમાં જુગાર રમતા ચાર શખ્સોની ધરપકડ કરી રૂ. ૧૦૨૨૦ કબજે કર્યા છે. જયારે ત્રીજા દરોડામાં ગોંડલ સીટી પોલીસે વોરા કોટડા રોડ પર આવેલી આવાસ યોજના ક્વાર્ટરમાં જુગાર રમતા નવ શખ્સોને પોલીસે દબોચી લઇ રૂ. ૪૨૦૬૦ કબજે કર્યા છે. જયારે જેતપુર પોલીસે અમરનગર ગામે જુગાર રમતા સાતની ધરપકડ કરી રૂ. ૯૦૯૭૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે. જયારે ધોરાજી પોલીસે ૨ શખ્સોને વર્લીનાં આંકડાનો જુગાર રમતા ઝડપી લઇ રૂ. ૨૦૯૧૦ નો મુદ્દામાલ કબજે કર્યો છે.

# વોર્ડ નં.૧૩ અનુ.જાતિ મોરચા દ્વારા નવનિયુક્ત પ્રમુખ-મહામંત્રીનું કરાયું સન્માન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણી દ્વારા તાજેતરમાં જ શહેરના વિવિધ વોર્ડના પ્રમુખ-મહામંત્રી તેમજ મોરચાના પ્રમુખ-મહામંત્રીની વરણી જાહેર કરવામાં આવેલ હતી. ત્યારે વોર્ડ નં. ૧૩ અનુ.જાતી મોરચા દ્વારા વોર્ડના નવનિયુક્ત વોર્ડપ્રમુખ-મહામંત્રી અને અનુ.જાતિ મોરચાના પ્રમુખ-મહામંત્રીનું સન્માન કરવામાં આવેલ હતું. આ તકે વોર્ડના નવનિયુક્ત પ્રમુખ કેતન વાછાણી, ભરતભાઈ સવસેટા, અનુ. જાતી મોરચાના પ્રભારી મહેશ રાઠોડ, મહેશ અઘેરા, મહામંત્રી નાનજીભાઈ પારધી, વજુભાઈ લુણાસીયા સહીતનાનું વોર્ડ નં. ૧૩ અનુ.જાતી મોરચા દ્વારા સન્માન



કરવામાં આવ્યુ હતુ.

આ તકે ભરતભાઈ બોરીચા, મોહનભાઈ રાઠોડ, નાજાભાઈ ખીમસુરીયા, મનુભાઈ મકવાણા, દીનેશભાઈ બગડા, કીરીટભાઈ ચાંડપા, મયુરભાઈ લુણાસીયા, રવી બગડા, પ્રકાશભાઈ પરમાર, ગીરધર રાઠોડ, નથુભાઈ પરમાર, સુરેશ ડાંગર, કનુભાઈ મકવાણા, નરેશ દવેરા, ચંદ્રેશ ચંદ્રપાલ, દીનેશ દવેરા, મયુર ચાંડપા, કીશન બગડા, જેન્તીભાઈ ચૌહાણ, જેઠાભાઈ સોદરવા, ગુલાબભાઈ ચૌહાણ, મનસુખ ચાવડા, ભરત બગડા, મનોજ ચાવડા સહીતના ઉપસ્થિત રહયા હતા.

# રાજય સરકાર દ્વારા રાજકોટની વિરાણી સાયન્સ કોલેજને અપાયું ફાઈવ સ્ટાર સ્ટેટસ

### સૌરાષ્ટ્રમાં પ્રથમ ક્રમે અને સ્ટેટ રેન્કિંગમાં ચોથા ક્રમે દરજ્જો એનાયત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

ગુજરાત સરકારનાં નોલેજ કોન્સોર્ટિયમ ઓફ ગુજરાત અંતર્ગત ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (GSIRF) દ્વારા વર્ષ ૨૦૨૧ માટે જાહેર થયેલી રાજ્ય સ્તરની શ્રેષ્ઠ કોલેજીસની યાદીમાં રાજકોટની શ્રી એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજને સતત બીજાં વર્ષે ફાઇવ સ્ટાર દરજ્જો આપવામાં આવ્યો છે. સૌરાષ્ટ્રમાં વિરાણી સાયન્સ કોલેજ પ્રથમ ક્રમે રહી છે. સ્ટેટ રેન્કિંગમાં આ કોલેજ ચોથા ક્રમે છે.

વિરાણી સાયન્સ કોલેજના આચાર્ય ડો. કાર્તિક લાડવાના જણાવ્યા પ્રમાણે તત્કાલિન કેન્દ્રીય માનવ સંસાધન વિકાસ મંત્રાલયે ઉચ્ચ શિક્ષણનું સ્તર સુધારવાના કેન્દ્ર સરકારના અભિગમને ધ્યાનમાં રાખીને નેશનલ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (NIRF)ની રચના વર્ષ ૨૦૧૫માં કરી હતી. આ ફ્રેમવર્ક દ્વારા વિવિધ આયામોને ધ્યાનમાં રાખીને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓને રાષ્ટ્રીય સ્તરે રેન્ક આપવામાં આવે છે. તે જ રીતે ગુજરાત સરકારે ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (GSIRF)ની રચના કરીને રાજ્ય સ્તરે ઉચ્ચશિક્ષણની સંસ્થાઓને રેન્ક એનાયત કરવાનો અભિગમ રાખ્યો છે.

ગુજરાત સ્ટેટ ઇન્સ્ટીટયુશનલ રેન્કિંગ ફ્રેમવર્ક (GSIRF) દ્વારા જે માપદંડોને આધારે ક્રમાંક નક્કી કરવામાં આવે છે તેમાં અધ્યાપનકાર્ય અને શૈક્ષણિક સુવિધાઓ, સંશોધન પ્રવૃત્તિઓ અને વ્યવસાયિક કૌશલ્ય, વિદ્યાર્થીઓની રોજગાર અને ઉચ્ચત્તમ શિક્ષણ માટેની ક્ષમતા, વિદ્યાર્થીઓની સંખ્યા અને સામાજિક પ્રદાન, મહિલા અધ્યાપકો અને વિદ્યાર્થીનીઓની સંખ્યા તેમજ સંસ્થાના સાર્વત્રિક અભિગમનો સમાવેશ થાય છે. અત્રે એ ઉલ્લેખનીય છે કે, એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજને આ અગાઉ કેન્દ્ર સરકારના NIRF દ્વારા રાષ્ટ્રીય સ્તરે સાડત્રીસમા ક્રમ સાથે ગુજરાતની શ્રેષ્ઠ કોલેજનો દરજ્જો એનાયત થયો હતો.

# વોર્ડ નં. ૨ ના ભાજપના મહામંત્રી ભાવેશ ટોયટાનો આજે જન્મદિવસ



વોર્ડ નં.૨ ભાજપના મહામંત્રી ભાવેશભાઈ ટોયટાનો આજે જન્મદિવસ છે. ભાવેશભાઈ ખુબજ મોટું ગ્રુપ ધરાવે છે અને સમસ્ત સમાજને સાથે રાખી કામ પૂર્ણ કરે છે. હરહંમેશા કાર્યકર્તાઓ, હોદેદારો કે મિત્રોના કામ માટે તત્પર રહે છે. જાગૃત અને કાર્યરત રહેતા ભાવેશભાઈ ટોયટાને એમના મો. ૯૮૭૯૬૧૬૬૦૦ પર બધા તેમને જન્મદિવસની શુભકામનાઓ આપે છે તથા સૌરાષ્ટ્ર ક્રાંતી તરફથી જન્મદિવસની શુભેચ્છા...

# રાજકોટના એડવોકેટ હિતેષ મકવાણાનો આજે જન્મદિન



રાજકોટના સીનીયર એડવોકેટ તનસુખભાઈ ગોહેલના સીધા માર્ગદર્શન હેઠળ વકીલાતની શરૂઆત કરનાર એડવોકેટ હિતેષ જે.મકવાણાનો આજે જન્મદિવસ હિતેષભાઈ હાલમાં રાજકોટ નાગરિક સહકારી બેંક તેમજ રાજકોટ ડીસ્ટ્રીકટ કો.ઓપરેટીવ બેંક (આર.ડી.સી.બેંક) તથા રાજકોટ મ્યુનીસીપલ કોપોરેશનની આવાસ યોજના હેઠળના પેનલ એડવોકેટ તરીકે ઘણીજ ઉમદા સેવાઓ આપી રહ્યા છે. હિતેષભાઈ મકવાણા અનેક સામાજિક સંસ્થાઓ તેમજ દરજી જ્ઞાતિની સંસ્થાઓ સાથે જોડાયેલા છે અને તેઓની ઉમદા સેવાથી લોકચાહના મેળવેલ છે.ઘણી નાની ઉમરે સંઘર્ષ કરી તેઓએ એલ.એલ.બી.ની ડીગ્રી પ્રાપ્ત કરી આજે તેઓ પોતાને મળેલ સઘર્ષ અન્ય કોઈને ન વેઠવો પડે તે હેતુથી અનેક લોકોને સામાજિક રીતે ઉપયોગી થતા રહે છે અને સમાજના નીચલા વર્ગના ગરીબ પરિવારનો આવાસ યોજના તળે ફાળવાયેલા મકાનમાં નિ:શુલ્ક માર્ગદર્શન આપતા રહે છે. તેઓના આજના જન્મદિવસ નિમિતે મો.૯૩૨૭૨૫૫૫૫૧ પર અનેક એડવોકેટ મિત્રો,શુભચિંતકો, સગા-સબંધી, મિત્રવર્તુળ તથા પ્રશાંત પબ્લીસીટી તથા સૌરાષ્ટ્ર ક્રાંતિ તરફથી શુભેછા પાઠવેલ છે.

## રાષ્ટ્રીય સંત સુરક્ષા પરિષદ દ્વારા કલેકટરને આવેદન

# કાગદડી મહંતને આપઘાતની ફરજ પાડનાર આરોપીઓ સામે કડક કાર્યવાહી કરવા માંગ

### કડક કાર્યવાહી નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં વિરોધ થશે, વિરોધની જવાબદારી તંત્રની

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાષ્ટ્રીય સંત સુરક્ષા પરિષદ દ્વારા કલેકટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. આવેદનપત્રમાં જણાવાયું કે, કાગદડી ગામમાં આવેલ ખોડીવાર આ જામના મહંત જયરામદાસ બાપુ દ્વારા કરેલ આપધાત સમગ્ર સંત સમાજ તથા અનુયાયી ગણને શોકમગ્ન કરી દીધા છે. તેમજ અલગ વર્તમાન પત્ર દ્વારા જાણવા મળ્યા પ્રમાણે જયરામદાસજી બાપુ ને આર્થિક શારીરિક માનસિક નુકશાન આરોપી તથા તેમના મળતિયાઓ દ્વારા કરવામાં આવી રહ્યું નું વર્તમાન પત્રો દ્વારા સ્પષ્ટપણે જાણવા મળ્યું છે તેમજ આપઘાત કરવા મજબુર પણ કરેલ છે તેમ વધુમાં જણાવ્યું છે તો આવા આરૌપીઓ પર ત્વરિત કાર્યવાહી કરવામાં આવૈ અને કડકમાં કડક શિક્ષાત્મક પગલા લઇ ભારતીય દંડ સહિતા મુજબ કલમો લગાડવામાં આવે તેવી માંગણી છે. સનાતન ધર્મના વાહક અને હિન્દુ સંસ્કૃતિના રક્ષક એવા મત જયરામદાસજી બાપુ પર જે પણ આર્થિક શારીરિક કે માનસિક દબાણો કરવામાં આવ્યા જે સ્યુસાઈડ નોટ પરથી સ્પષ્ટ થાય છે. તો તંત્ર આવા આરોપીઓને શા માટે પ્રવરે છે? શા માટે ત્વરિત કાર્યવાહી કરવામાં આવતી નથી? જો આવા આરોપી પર કડક કાર્યવાહી નહિ કરવામાં આવેતો અગામી દિવસોમાં રાષ્ટ્રીય સંત સુરક્ષા પરિષદ દ્વારા પ્રતિકાત્મક વિરોધ કરવામાં આવશે તથા આ વિરોધની સંપૂર્ણપણે જવાબદારી તંત્રની રહેશે.

રાષ્ટ્રીય સંત સુરક્ષા પરિષદનાં આગેવાનો ધર્મનંદદાસગિરી બાપુ, રાજૂભાઈ ટાંક,વિમલભાઈ ખિલજી, અમ્રુતલાલ દેવમુરારી, ગૌતમભાઈ ભારવારી,પાર્થભાઈ જાવિયા, વીશ્વજીતસિંહ મોરી, બકુલભાઈ ચોટલીયા,ગૌતમભાઈ ચૌહાણ, પ્રવીણભાઈ હિંગુ, કપિલભાઈ પંડ્યા આવેદનપત્ર આપવા માટે આ સર્વ ઉપસ્થિત રહ્યા હતા.

# રેલવે દ્વારા ત્રણ સ્પેશિયલ ટ્રેનોને ફરી શરૂ કરવા નિર્ણય

### હાપા-મડગાંવ, પોરબંદર-કોચુવેલી અને પોરબંદર-દિલ્લી સરાય રોહિલ્લા સ્પેશિયલ ટ્રેનો ફરી શરૂ કરાશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

હાલ કોરોનાના કેસો ઘટવા લાગ્યા છે અને કોરોના મહામારી કાબુમાં આવી રહી છે ત્યારે મુસાફરોની સુવિધાને ધ્યાને લઇ રેલવે દ્વારા રાજકોટ થઈને જનારી ત્રણ સ્પેશિયલ ટ્રેનને ફરી શરૂ કરવા નિર્ણય લેવાયો છે.

રાજકોટ રેલવેના સીનીયર ડીસીએમ અભિનવ જેફના જણાવ્યા અનુસાર ટ્રેન ન.૦૨૯૦૮, હાપા-મડગાંવ સ્પેશિયલ આગામી તા.૩૦ થી દર બુધવારે અને ટ્રેન ન.૦૨૯૦૭ મડગાંવ-હાપા સ્પેશિયલ આગામી તા.૨ જુલાઈ થી દર શુક્રવારે ચલાવવામાં આવશે ટ્રેન ન ૦૯૨૬૨, પોરબંદર-કોચુવેલી સ્પેશિયલ ૧ જુલાઈથી દર ગુરુવારે અને ટ્રેન ન.૦૯૨૬૧ કોચુવેલી-પોરબંદર સ્પેશિયલ ૪ જુલાઈથી દર રવિવારે ચલાવવામાં આવશે ટ્રેન ન.૦૯૨૬૩, પોરબંદર-દિલ્લી સરાયા રોહિલ્લા આગામી તા.૨૯ થી દર મંગળવારે તેમજ શનિવારે અને ટ્રેન ન.૦૯૨૬૪ દિલ્હી સરાય રોહિલ્લા-પોરબંદર સ્પેશિયલ જુલાઈથી દર સોમવારે તેમજ ગુરુવારે ચલાવશે મુસાફરોએ આ સ્પેશિયલ ટ્રેનોનો ઉપડવાનો સમય, સ્ટોપેજ સંબંધીત માહિતી www. enquiry. indianrail.gov.in પર જઈને મેળવી શકશે. કોવીડ-૧૯ના તમામ માપદંડોનું પાલન કરવા અનુરોધ કરાયો છે.

# હળવદના મોબાઈલની દુકાનમાં તસ્કરોનો હાથફેરો

### મોબાઈલ અન્ય એસેસીરીઝ મળી અંદાજીત ૨ લાખની મત્તાની ચોરી



(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ, તા.૨૩

હળવદમાં બસ સ્ટેશન રોડ પર સોમવારે રાત્રે શહેરનાં હાર્દસમા ગીની ગેસ્ટ હાઉસ સામે જય મોગલ મોબાઇલ નામની દુકાનમાં તસ્કરો ત્રાટક્યા હતાં અને મોબાઈલ અન્ય એસેસીરીઝ મળી અંદાજીત ૨ લાખની મત્તાની ચોરી થયાનું અનુમાન લગાવી રહ્યા છે. ચોરીનાં આ બનાવની જાણ કરતા હળવદ પીઆઇ પી.એ.દેકાવાડીયા, યોગેશદાન ગઢવી વગેરે પોલીસ ઘટના સ્થળે દોડી આવી હતી. પોલીસે બનાવની નોંધ કરી તસ્કરોને ઝડપી પાડવા માટે તપાસનાં ચક્રો ગતિમાન કર્યા છે.

જય મોગલ મોબાઈલ દુકાનના માલિક કિશોરભાઈ જણાવ્યું હતું કે મારી દુકાનમાંથી અંદાજિત ૨૦ જેટલા નવા મોબાઈલ અને એક જૂનો મોબાઈલ જેની કિંમત અંદાજિત બે લાખ રૂપિયાની આજુબાજુ થાય છે. તસ્કરો લઇ ગયા છે અને આ મોબાઇલના બિલના આધારે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરવાની તજવીજ હાથ ધરી છે.

# કંચન ફાઉન્ડેશન અને ભાવ વંદના ચેરીટેબલ-ટ્રસ્ટ દ્વારા ચોપડા અને પાઠ્ય પુસ્તકોનું વિતરણ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ભાવનગર,તા.૨૩

કંચન ફાઉન્ડેશન અને ભાવ વંદના ચેરીટેબલ ટ્રસ્ટ ભાવનગર પરીવાર દ્વારા કોરોના મહામારીમાં મધ્યમ વર્ગના અને ગરીબ જરૂરિયાતમંદ તેજસ્વી વિદ્યાર્થીઓને નાત જાત કે સંપ્રદાયના ભેદભાવ વગર ફુલસ્કેપ ચોપડા અને પાઠ્યપુસ્તકોનું વિનામુલ્યે ૩૩૬ વિદ્યાર્થીઓને વિતરણ કરાયું.



(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## કુચિયાદલ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં કાકા - ભત્રીજીનું મોત ; માતા - પિતાને ઈજા

૧થી ૧.૩૦ વાગ્યા અરસામાં અજાણ્યા વાહનચાલકે પાછળથી ઠોકર મારતાં મારી દીકરી અને તેના કાકાના દીકરા ભાઇ રવિનું મોત નીપજ્યું હતું. હાલ પોલીસે અજાણ્યા વાહનચાલક સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલાં દીકરીની માતા પાયલ વિક્રમ મિયાત્રા ( ઉ.વ ૨૫) ને હાથમાં ગંભીર ઇજા પહોંચી છે, જ્યારે તેના પિતાવિક્રમ મિયાત્રા ( ઉ.વ ૩૦ ) ને માથામાં ગંભીર ઇજા પહોંચી છે. લોહીલુહાણ હાલતમાં બંનેને હોસ્પિટલ ખસેડાયાં હતાં. જોકે દીકરીના પિતાની તબિયત સ્વસ્થ છે, પરંતુ એકની એક દીકરી છીનવાઇ જતાં પરિવાર ભાંગી ગયો છે.


## ફરી તક મળશે તો જરૂર રાજકોટ માટે કામ કરવાની ઈચ્છા: મ્યુ કમિશ્નર

રાજકોટના વિકાસકામોમાં મુખ્યમંત્રી, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજનું પણ સતત માર્ગદર્શન મળતું રહ્યું છે. ટ્રાન્સફર થતા, રાજકોટ છોડી જતા દુ:ખ થાય પરંતુ, ફરી તક મળશે તો જરૂર રાજકોટ માટે કામ કરવાની ઈચ્છા છે. મહાનગરપાલિકાના તમામ મેયર ડો.પ્રદીપ ડવ, રાજકોટ શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, પ્રદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, શાસક પક્ષ દંડક સુરેન્દ્રસિંહ વાળા તથા કોર્પોરેટરઓ દ્વારા કમિશનર ઉદિત અગ્રવાલની તથા ડે.કમિશનર બી.જી.પ્રજાપતિને પુષ્પગુચ્છ આપી વિદાય શુભેચ્છા આપવામાં આવેલ હતી.

## ધ્રાંગધ્રામાં માં-બાપ વગરના ભાઈ-બહેનને સાપ કરડયો : બહેનનું મોત

આવ્યા હતા ત્યાં નવ વર્ષની બહેન કિંજલને ડોકટર દ્વારા મૃત જાહેર કરવામાં આવી હતી. અને ભાઈને સારવારમાં લઈ લેવામાં આવ્યો હતો. અગિયાર વર્ષના ઉમંગ ને પણ સાપ કરડ્યો છે તેને હાલમાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે અને તેની સારવાર શરૂ કરાવી દેવામાં આવી છે ત્યારે નવ વર્ષની પુત્રીનું સાપ કરડવાથી મોત નિપજતા પરિવારમાં ઘેરો શોક વ્યાપી જવા પામ્યો છે.

# શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારોની જાહેરાત કરતા મિરાણી



**નવનિયુક્ત મહિલા મોરચાના હોદેદારોને અભિનંદન પાઠવતા મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, નીતિન ભારદ્વાજ, ગોવિંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા,ઉદય કાનગડ, જીતુભાઈ કોઠારી, કિશોરભાઈ રાઠોડ,નરેન્દ્રસિંહ ઠાકુર, ડો. પ્રદીપ ડવ, બીનાબેન આચાર્ય, અંજલીબેન રૂપાણી સહીતના અગ્રણીઓ**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ અને પ્રદેશ મહામંત્રી તથા સૌરાષ્ટ્ર ઝોન ઈન્ચાર્જ વિનોદભાઈ ચાવડા,રાજકોટ મહાનગરના પ્રભારી ઝવેરીભાઈ ઠકરાર અને પ્રદેશ ભાજપ મહિલા મોરચાના અધ્યક્ષ દીપીકાબેન સરડવા સાથે સંકલન અને વિચાર-વિમર્શ કરી રાજકોટ મહાનગર શહેર ભાજપ મહિલા મોરચાના હોદેદારોની વરણી જાહેર કરેલ છે.

આ તકે શહેર ભાજપ તમામ વોર્ડના ના આ નવનિયુક્ત પ્રભારીઓને પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, સાંસદ મોહનભાઈ કુંડારીયા, રામભાઈ મોકરીયા, ધારાસભ્ય ગોવિંદભાઈ પટેલ, અરવીંદ રૈયાણી, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, મેયર ડો. પ્રદીપ ડવ, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, મહીલા મોરચા પ્રભારી અંજલીબેન રૂપાણી, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, શહેર ભાજપ મહીલા મોરચાના પ્રમુખ કિરણબેન માકડીયા, મહામંત્રી કીરણબેન હરસોડા, લીનાબેન રાવલ સહીતના અગ્રણીઓએ તેમજ તમામ શ્રેણીના કાર્યકર્તાઓએ આવકારી શુભેચ્છા પાઠવેલ હતી. ત્યારે શહેર ભાજપ મહિલા મોરચાના હોદેદારોની વરણી નીચે મુજબ જાહેર કરવામાં આવેલ હતી.

## શહેર ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારો

| | |
|---|---|
| પ્રમુખ | કિરણબેન માકડીયા |
| ઉપપ્રમુખ | જયશ્રીબેન પરમાર |
| ઉપપ્રમુખ | મનુબેન રાઠોડ |
| ઉપપ્રમુખ | પ્રકાશબા ગોહિલ |
| ઉપપ્રમુખ | મીનાબેન પારેખ |
| મહામંત્રી | કિરણબેન હરસોડા |
| મહામંત્રી | લીનાબેન રાવલ |
| મંત્રી | મનીષાબેન સેરશીયા |
| મંત્રી | પલ્લવીબેન પોપટ |
| મંત્રી | નીલમબેન ભટ્ટ |
| મંત્રી | ચેતનાબેન વિઘાણી |
| મંત્રી | નીનાબેન વજીર |
| કોષાધ્યક્ષ | માધવીબેન ઉપાધ્યાય |
| કાર્યાલય મંત્રી | ભાવનાબેન મહેતા |

# શહેર ભાજપ દ્વારા ડો. શ્યામાપ્રસાદ મુખર્જી બલિદાન દિવસ અંતગર્ત પુષ્પાંજલી અર્પણ કરાઈ

## શહેરના તમામ વોર્ડના દરેક બુથમાં પુષ્પાંજલી કરવામાં આવી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

જનસંઘના સ્થાપક પ્રમુખ અને ભારતીય જનતા પાર્ટીના માર્ગદર્શક રાષ્ટ્રને સમર્પિત એવા પ્રખર રાષ્ટ્રભકત ડો.શ્યામાપ્રસાદ મુખરજીના આજે બલિદાન દિવસ અંતગર્ત શહેર ભાજપ પ્રમુખ કમલેશ મિરાણીની અધ્યક્ષતામાં અને પ્રદેશ ભાજપ અગ્રણી નિતીન ભારદ્વાજ, સાંસદ મોહનભાઈ કુંડારીયા, ધારાસભ્ય ગોવીંદભાઈ પટેલ, લાખાભાઈ સાગઠીયા, પ્રદેશ ભાજપ મંત્રી બીનાબેન આચાર્ય, પ્રદેશ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ઉદય કાનગડ, મેયર ડો. પ્રદીપ ડવ, શહેર ભાજપ મહામંત્રી જીતુ કોઠારી, કિશોર રાઠોડ, નરેન્દ્રસિંહ ઠાકુર, રક્ષાબેન બોળીયા, ભાનુબેન બાબરીયા, ડે.

મેયર ડો. દર્શીતાબેન શાહ, સ્ટેન્ડીંગ ચેરમેન પુષ્કર પટેલ, દંડક સુરેન્દ્રસિંહ વાળા, શિક્ષણસમિતિ ચેરમેન અતુલ પંડિતની ઉપસ્થિતિમાં શહેર ભાજપ દ્વારા અપેક્ષીત શ્રેણીના કાર્યકર્તાઓની ઉપસ્થિતિમાં આર્ટગેલેરી, રેસકોર્ષ ખાતે ડો. શ્યામાપ્રસાદ મુખરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ. ત્યારબાદ શહેરના તમામ વોર્ડના દરેક બુથમાં ડો.શ્યામાપ્રસાદ મુખરજીના ફોટાને પુષ્પાંજલી અર્પણ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા શહેર ભાજપ કાર્યાલય મંત્રી હરેશભાઈ જોષી અને પી.નલારીયન પંડિતે જહેમત ઉઠાવી હતી.(૧.૭)

# પંચનાથ હોસ્પિટલમાં રાહતદરે ફીઝીયોથેરાપી સારવાર મળશે

## મારવાડી યુનિવર્સીટીની ફીઝીયોથેરાપી ફેકલ્ટી સાથે એમ.ઓ.યુ. થયા



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

શ્રી પંચનાથ સાર્વજનીક મેડિકલ ટ્રસ્ટ સૌરાષ્ટ્ર અને કચ્છની જનતાની સેવા કાજે નવા નવા કદમો ઉઠાવી રહ્યું છે. તેમાં આધુનિક મેડિકલ સાયન્સના યુગમાં અત્યંત જરૂરી એવો રાહત દરે ફીઝીયોથેરાપી વિભાગનો શુભારંભ કરીને નવું સોપાન સર કરવા તરફ નમ્ર પ્રયાસો કરવામાં આવી રહ્યા છે અને આ પ્રયાસોની સફળતા પ્રાપ્ત કરવા માટે રાજકોટ સ્થિત મારવાડી યુનિવર્સિટીની ફીઝીયોથેરાપી ફેકલ્ટી અને હોસ્પિટલ તંત્ર દ્વારા એમ.ઓ.યુ કરવામા આવેલ છે. આજના ઝડપી અને તનાવ પુર્ણ યુગમાં વૃધ્ધોની સાથે યુવાધન પણ ઓર્થોપેડીક બીમારી જેવી કે સાંધાના દુ:ખાવા, ફેકચર, પેરાલીસીસ, કંપવા કે ચેતાતંત્રના સહન ન થઇ શકે તેવા રોગોના શિકાર બની રહ્યા છે. આવા સંજોગોમાં પંચનાથ હોસ્પિટલના ઓર્થોપેડીક વિભાગમાં અત્યાર સુધીમાં ૪૯૯૩ થી વધુ દર્દીઓને સચોટ નિદાન અને સારવાર આપવામાં આવી છે અને જરૂર જણાય ત્યાં તબીબો દ્વારા ફીઝીયોથેરાપી સારવાર પણ આપવામાં આવેલ છે. તદઉપરાંત હોસ્પિટલના ઓર્થોપેડીક સર્જરી વિભાગ દ્વારા ૧૩૩ જેટલી સર્જરી સફળતાપૂર્વક કરવામાં આવી છે. હોસ્પિટલમાં ઓર્થોપેડીક સર્જન તરીકે સેવા આપી રહેલા ડો. કેલ્વીન વૈષ્નાણી કે જેઓએ એમ.બી.બી. એસ.- ડી.એન.બી. - ઓર્થોપેડીકની ઉપાધિ પ્રાપ્ત કરેલ છે. તેઓ સોમવાર થી શનિવાર સુધી સવારે ૯ થી ૧૦ તેમજ સાંજે ૪ થી ૬ દરમ્યાન નિયમિત રીતે મળી શકશે.

આ ફીઝીયોથેરાપી વિભાગમાં થનાર સારવારમા ઓર્થોપેડીક (હાડકા), ન્યુરોલોજીકલ (મગજ), કાર્ડિયો પોલમોનરી (હૃદય) સંબંધી કેઇસો તેમજ બેક (કમર), નેક (ગરદન), સોલ્ડર (ખંભા) થી (ગોઠણ) ના દુ:ખાવાઓ તેમજ સ્ટ્રોક પારકિન્સન (કંપવા) તેમજ તબીબો દ્વારા સૂચવાયેલી ફીઝીયોથેરાપી સારવાર કરવામાં આવે છે. આ તમામ પ્રકારની સારવાર શ્રી પંચનાથ મંદિરના પરિસરમાં આવેલ હોસ્પિટલના જુના બીલ્ડીંગમાં પ્રથમ માળે કરવામાં આવે છે. દર્દી વ્હીલ ચેરમાં બેસી શકે તેવી લીફ્ટની સુવિધા પણ ઉપલબ્ધ છે. ફીઝીયોથેરાપી સારવારનો ચાર્જ સૌને પરવડે તેવો દરરોજ એક કસરતના રૂ. ૩૦ રાખવામા આવેલ છે. કલીનીકનો સમય દરરોજ સવારે ૯ થી ૧ બપોરે ૪ થી ૭ સુધીનો રહે છે. સૌરાષ્ટ્ર અને કચ્છની જનતાને તબીબી ક્ષેત્રે નજીવા દરે તમામ પ્રકારના નિદાન અને સારવાર મળી શકે તેવા સતત પ્રયાસો જારી રાખનાર શ્રી પંચનાથ સાર્વજનીક મેડિકલ ટ્રસ્ટના યુવા પ્રમુખ દેવાંગભાઇ માંકડ, માનદ મંત્રી મયુરભાઇ શાહ, કોષાધ્યક્ષ ડી.વી.મહેતા, ટ્રસ્ટીઓ ડો.રવિરાજ ગુજરાતી, વસંતભાઇ જસાણી, મહેન્દ્રસિંહ ગોહેલ, નારણભાઈ લાલકીયા, મનુભાઇ પટેલ જેવા સેવાભાવી આગેવાનો હીરા પારખુ કરતા સ્વાસ્થય સંબંધી પારખુ મહાન હોય છે. તે ઉક્તિને યથાર્થ ઠેરવવા માટે સાચા અર્થમાં જહેમત ઉઠાવી રહ્યા છે. ફીઝીયોથેરાપીસ્ટ વિભાગની વધુ માહિતી પ્રાપ્ત કરવા માટે ડો. રાહુલ છતલાણી (મો.નં.૯૮૭૯૮ ૭૮૧૫૭), પંકજ ચગ અથવા તો ડો. પ્રાપ્તિ બક્ષીનો હોસ્પિટલ પર સંપર્ક કરવા હોસ્પિટલ તંત્રની અખબારી યાદીમા જણાવેલ છે.

# રાજકોટઃ સરસ્વતી વિદ્યામંદિર સંકુલ ખાતે વેક્સિનેશન કેમ્પ યોજાયો



## કોઈપણ પ્રકારની અફવાઓમાં આવ્યા વિના કે માન્યતાઓ રાખ્યા વિના રસી મૂકાવોઃ ચેરમેન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ અને સેવાસમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત સરસ્વતી વિદ્યામંદિર સંકુલની નવા થોરાળા ખાતે આવેલી શાળામાં કોરોના વેક્સિનેસન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કોરોના વેક્સિનેશન કેમ્પમાં શાળાનાં એકસોથી વધુ વિદ્યાર્થીઓનાં વાલીઓ તથા પરિવારજનોએ કોરોના વેક્સિન મૂકાવી હતી. સરસ્વતી વિદ્યામંદિર સંકુલ ખાતે યોજવામાં આવેલા કોરોના વેક્સિનેશન કેમ્પમાં રાજકોટ મેયર પ્રદિપભાઈ ડવ, શહેર ભાજપ પ્રમુખ કમલેશભાઈ મીરાણી તથા વોર્ડ કોર્પોરેટર વશરામભાઈ સાગઠીયા, આરોગ્ય અધિકારી ડો. મનીષભાઈ સુનારા અને સુરેન્દ્રસિંહ વાળા સહિતનાં આગેવાનોએ વિશેષ ઉપસ્થિતિ નોંધવી દિપ પ્રાગટ્ય સાથે પ્રાસંગિક પ્રવચન દરમિયાન સૌને કોરોના વેક્સિન લેવાની અપીલ કરી હતી. આ પ્રસંગે રાજકોટ મેયર પ્રદિપભાઈ ડવે જણાવ્યું હતું કે, રાજકોટ કોરોનામુક્ત થાય અને સૌ રાજકોટવાસીઓ કોરોના વેક્સિન મૂકાવે એ અભિયાનમાં સરસ્વતી વિદ્યામંદિર સંકુલે એક નવતર પહેલ કરી છે. શહેરનાં છેવાડાનાં વિસ્તાર થોરાળામાં પણ કોરોના વેક્સિન અંગે જાગૃતિ આવે અને વધુમાં વધુ લોકો કોરોના વેક્સિન મૂકાવે એ માટે સરસ્વતી વિદ્યામંદિર સંકુલનાં ચેરમેન અપૂર્વભાઈ મણીઆરનાં માર્ગદર્શનમાં યોજવામાં આવેલો કોરોના વેક્સિનેશન કેમ્પ પ્રેરણાદાયી છે જે બદલ સમગ્ર શાળા અને સંસ્થા અભિનંદનને પાત્ર છે.

સરસ્વતી શિશુમંદિર સંસ્થાનાં ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે આ અંગે જણાવ્યું હતું કે, કોરોના સામેની લડાઈ મજબૂત બનાવવા કોરોના વેક્સિન ખૂબ જ જરૂરી અને અનિવાર્ય છે. કોઈપણ પ્રકારની અફવાઓમાં આવ્યા વિના કે માન્યતાઓ રાખ્યા વિના વિના સંકોચે અઢાર વર્ષથી ઉપરની દરેક વ્યક્તિએ કોરોના વિરુદ્ધની રસી મૂકાવી જોઈએ. સંસ્થાનાં ચેરમેન ઉપરાંત ટ્રસ્ટીઓ અનીલભાઈ કિંગર તથા ખંતીલભાઈ મહેતાએ કોરોના વેક્સિનેશન કેમ્પનાં આયોજન બદલ શાળાનાં પ્રધાનાચાર્યો અને આચાર્યોને બિરદાવી શુભેચ્છા પાઠવી હતી તેમજ સંસ્થાનાં વ્યવસ્થાપક કમિટીનાં સદસ્યો દેવજીભાઈ વાઘેલા અને રાજલબેન વ્યાસે કોરોના વેક્સિન મૂકાવનાર વાલીઓની પ્રસંશા કરી અભિનંદન પાઠવ્યા હતા.

# રાજકોટના ઘંટેશ્વરમાં રૂ. ૯૦ કરોડના ખર્ચે ડિસ્ટ્રિક્ટ કોર્ટના અદ્યતન બિલ્ડીંગ ૨૦૨૨ માં તૈયાર થશે



## કોર્ટમાં વીડિયો કોન્ફરન્સ સહિતની ૨૩ વિધાઓ ઉપલબ્ધ થશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટનું નવું બિલ્ડીંગ રાજકોટના ઘંટેશ્વર વિસ્તારમાં વિશાળ જગ્યા પર બની રહ્યું છે. સરકાર દ્વારા આ કામગીરી માટે રૂ. ૧૧૭ કરોડની તાંત્રિક મંજુરી આપવામાં આવી છે. જેના ભાગરૂપે અંદાજે રૂ. ૯૦ કરોડના ખર્ચે બાંધકામ અને ફર્નીચર સહિત અન્ય સુવિધા સાથે આ કોર્ટ બિલ્ડીંગ તૈયાર થશે. કોર્ટ બિલ્ડીંગનું મોટાભાગનું સિવિલ વર્ક પૂર્ણ થઇ ગયું છે અને આગામી માર્ચ ૨૦૨૨માં બિલ્ડીંગનું બાંધકામ તૈયાર થઈ જશે તેમ રાજકોટ શહેર માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઇજનેર નિતેષ કામદારે જણાવ્યું હતું. અત્યાર સુધીમાં કોર્ટ બીલ્ડીંગ બાંધકામમાં ચાર માળના સ્લેબની કામગીરી પૂર્ણ થયેલ છે, જ્યારે પાંચમાં માળનું આરસીસી કામ પુર્ણ થવામાં છે. મોડેલ કોર્ટરૂમ તૈયાર થયેલ છે. આ ભવનમાં ૫૨ કોર્ટ નો સમાવેશ થઇ શકે તેવી સવલત ઉભી કરવામાં આવી છે. લાયબ્રેરી તેમજ વિડીયો કોન્ફરન્સ હોલ, બાર રૂમ, ચેમ્બરો, સ્ટાફ માટે વિવિધ સુવિધા તેમજ પાર્કિંગની સુવિધા, વિકલાંગો માટે સવલત સહિતનું સિવિલ વર્ક થઈ રહ્યું છે. આ મકાનમાં સોલાર રૂફ ટોપ ઇન્સ્ટોલ કરવા માટે પણ કાર્યવાહી ચાલી રહી છે.

# રાજકોટના કેવિન પરસાણાનો આજે જન્મદિવસ



રાજકોટઃ રાજકોટના કોઠારીયા વિસ્તારના યુવા આગેવાન કેવિન પરસાણાનો આજે જન્મદિવસ છે. તેમને જન્મદિવસની ચોમેરથી શુભેચ્છાઓ મળી રહી છે. ત્યારે સૌરાષ્ટ્ર ક્રાંતી પરિવાર તરફથી કેવિનભાઈને જન્મદિવસની ખૂબ ખૂબ શુભેચ્છા...

# રાયોટીંગના ગુનામાં ત્રણ માસથી નાસતા-ફરતા આરોપી ઝડપાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

એસ.ઓ.જી, ભરૂચ પોલીસ ઇન્સપેકટર કે.ડી.મંડોરા સુચના આધારે એસ.ઓ.જી સ્ટાફના માણસો નાસતા ફરતા આરોપીઓની તથા એ.ટી.એસ ચાર્ટર મુજબની કામગીરી કરવા ભરૂચ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના હે.કો. નરેશભાઇ અંબારામભાઇ તથા પો.કો.મો.ગુફરાન મો.આરીફ નાઓને મળેલ સયુક્ત બાતમી આધારે નબીપર પોલીસ સ્ટેશન ગુ.ર.નં પાર્ટ ૧ ગુનાના કામે આરોપી મુસ્તાક ઇસ્માઇલ તલાટી રહે.ગામ-ઝઘાર તા.જી.ભરૂચ નો છેલ્લા ત્રણ માસથી પોતાની ધરપકડ ન થાય તે માટે નાસતો ફરતો હતો તેની સચોટ માહિતી મેળવી આરોપીને ભરૂચ નગર પાલિકા ખાતે વોચમાં રહી ઝડપી હસ્તગત કરવામાં આવેલ છે તેમજ આગળની કાયદેસર કાર્યવાહી થવા સારૂ ભરૂચ શહેર ૫એથ ડીવી. પો.સ્ટે.ને સોપવામાં આવેલ છે.

# કલેકટર રેમ્યા મોહનને શુભેચ્છા પાઠવતું એનીમલ હેલ્પલાઈન



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

કર્તવ્યનિષ્ઠાથી રાજકોટ ખાતે કામગીરી બજાવતા જીવદયાપ્રેમી-માનવતાવાદી કલેકટર રેમ્યા મોહનની ગાંધીનગર ખાતે બદલી થતા પુસ્તક અર્પણ કરી કરૂણા ફાઉન્ડેશન ટ્રસ્ટ-એનીમલ હેલ્પલાઇનના મિતલ ખેતાણી, જૈન શ્રેષ્ઠી ચંદ્રકાંતભાઈ શેઠ, ધિરેન્દ્ર કાનાબાર, રમેશભાઇ ઠકકર, પ્રતિક સંઘાણીની ટીમે શુભેચ્છાઓ પાઠવી હતી.

રેમ્યા મોહનજીના માર્ગદર્શનમાં રાજકોટમાં પકરૂણા અભિયાનથ, પશુ-પક્ષી સર્વરોગ નિદાન કેમ્પ સહીતની અનેકો જીવદયા-ગૌસેવા પ્રવૃતિઓ તેમના સંવેદનશીલ અભિગમને લઈને સુપેરે પાર પાડવામાં આવી હતી. આગામી વર્ષોમાં પણ રેમ્યા મોહનજીએ જીવદયા-માનવતાના સત્કાર્યો માટે પોતાના અંગત તેમજ સરકાર વતી શકય તમામ સહયોગની ખાત્રી આપી હતી.

# સ્પા અને હોટલોમાં ચાલતા ગોરખધંધા બંધ કરવાની માંગ

## અસંગઠિત મજદુર કોંગ્રેસ સેક્રેટરી ગીરીશ વાણીયાએ પોલીસ કમિશનરને લેખિત રજૂઆત કરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

શહેરમાં છેલ્લા ઘણા સમયથી હોટલો તેમજ સ્પામાં ગોરખધંધાનાં કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. ત્યારે ગુજરાત પ્રદેશ અસંગઠિત મજદુર કોંગ્રેસ (રાજકોટ) શહેર દ્વારા કલેકટર તેમજ પોલીસ કમિશનરને એક વિસ્તૃત આવેદન પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી હતી કે શહેરમાં હોટલો તેમજ સ્પાનાં નામે ચાલતા કુટણખાના બંધ કરાવવા તેમજ આવા હોટેલ તેમજ સ્પાનાં સંચાલકો પાસે યોગ્ય ધોરણ મુજબનાં લાયસન્સ છે કે નહીં તેની તપાસ થવી જોઈએ અને જો ન હોય અને તેની સામે યોગ્ય કાર્યવાહી થવી જોઈએ.

અસંગઠિત મજદૂર કોંગ્રેસ સેક્રેટરીગિરીશ વાણીયાએ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ અનેક વાર હોટેલ તેમજ સ્પામાં કુટણખાના પકડવાનાં કિસ્સા, જુગાર રમવાના કિસ્સા, દારૂનાં કબજાનાં કિસ્સા, સ્પાની અંદર મારામારીનાં કિસ્સા સહિતનાં બનાવો પોલીસ ચોપડે ચડી ચુક્યા છે.

ત્યારે આવી હોટેલો અને સ્પાનું સરપ્રાઈઝ ચેકિંગ થાય અને તેઓની પાસે યોગ્ય લાયકાત ધારા ધોરણ મુજબનાં લાયસન્સ છે કે નહીં તેની તપાસ થાય અને રાત્રી દરમ્યાન સરપ્રાઈઝ ચેકિંગ થાય જેથી આવા કુટણખાના ગોરખધંધાનાં બનાવો બીજી વાર શહેરમાં બનતા અટકે તેવી અમારી જાહેર જનતાનાં હીત ખાતર માંગણી છે.

# કપાસીયા ખોળામાં ભેળસેળ નાબૂદ કરવા કિસાન સંઘની રજૂઆત

## મુખ્યમંત્રી, કૃષિમંત્રીને કલેકટર મારફત આવેદન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૩

કપાસિયા ખોળામાં ભેળ સેળ નાબૂદ કરવા અને અન્ય કોઈ પણ વસ્તુની ભેળસેળ કરી કપાસીયા ખોળાના નામે વેચાણ થતું અટકાવવા ભારતીય કિસાન સંઘ દ્વારા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રી, પશુપાલન મંત્રી અને કૃષિમંત્રીને કલેકટર મારફત આવેદન પત્ર પાઠવી જણાવેલ કે, પશુપાલન વિભાગની અંદર એક આધારભૂત ખોરાક હોય તોતે કપાસિયાનો ખોળ છે. વર્ષોથી દરેક પશુઓ માટે કપાસિયાનો ખોળ આપતા હોઈ છે. ગુજરાતમાં ખાસ તો સૌરાષ્ટ્રની અંદર વધારેમાં વધારે કપાસીયા ખોળ બનાવતી મિલો છે. વધારે ભાવ વધવાના કારણે કપાસિયા ખોળ ના



મિલરો વધારેમાં વધારે કપાસિયા ખોળની અંદર ભેળસેળ કરી રહ્યા છે. તેના હિસાબે પશુ અને ઘણું બધું નુકસાન જાય છે. કપાસના ભાવો વધવાના હિસાબે કપાસિયા ખોળ નો ભાવ પણ હાલની પોજીશન એ ૧૮૦૦ રૂપિયા થાય છે.હાલની પોઝીશનમાં ૯૦ ટકાથી વધારે ખાદ્ય અથવા અખાદ્ય વસ્તુઓનું ભેલ-સેળ કરી રહ્યા છે. ઘણા સમયથી મિલ એસોસીએશન પણ આ દુષણને અટકાવવા માટેનો પ્રયત્ન કરી રહ્યા હતા. રાજકીય માણસોને અને રાજકીય અધિકારી મિત્રોને પણ અને રજૂઆતો કરેલ હતી. પરંતુ સરકાર દ્વારા આનો કોઈ પણ નિર્ણય આવેલ નથી દરેક મિલ માલિકો સસ્તામાં સસ્તી વસ્તુ ભેળવીને વધારેમાં વધારે પૈસ બનાવવાની લાલચમાં પશુધનને લાંબુ નુકશાન કરી રહ્યા છે. કપાસીયા ખોળની અંદર લાકડાનો સોલ, મગફળી ની ફોતરી, કમોદની ફોતરી , કપાસિયાના છાલા, મકાઈનું ભૂસું, ભોગાવો રેતી, કલર કેમિકલ, સડેલું કઠોળ, ગાંડા બાવળના પડિયા, ઉદયપુરની માટી, કઠોળની ફોતરી ભેળવવામાં આવે છે. આ દરેક વસ્તુની ભેળ કર્યા પછી તેને મુલાયમ બનાવવા માટે પશુને નુકસાન કરતુ કેમિકલ એડ કરવામાં આવે છે. ખાસ તો વધારામાં વધારે ભેળસેળ સૌરાષ્ટ્રની મિલમાં થઇ રહી છે. સરકારી કોઈ પણ કાયદા ન હોવાના કારણે આ લોકો ગાડા થઈ સમાજમાંથી રૂપિયા અને પશુઓનો જીવ લઇ રહ્યા છે. દ્વારા ભારતીય કિસાન સંઘ દ્વારા દરેક કપાસીયા ખોળાના નામે ભેળસેળ કરતા કપાસિયા મિલ માલિકોને અમે ચેતવણી આપીએ છીએ, આઠ દિવસની અંદર મિલો પોતાના આ કાળા કામો એટલે કે ખોળમાં થતું ભેળસેળ કરવાનું બંધ કરે નહીતર શુધ્ધ કપાસિયા ખોળના નામેં જે પણ મિત્રો ખાદ્ય અથવા અખાદ્ય કોઈપણ વસ્તુની ભેળસેળ કરશે તો સરકાર એકશન લે એવી અમારી માંગણી છે. પરંતુ ભારતીય કિસાન સંઘ પણ આ કંપનીને જાહેરમાં ખુલ્લી પાડતા કોઈપણ જતનો સંકોચ રાખશે નહિ. ખેડૂતો/પશુપાલકો અને ભારતીય કિસાન સંઘ દ્વારા સરકારને વિનતી છે કે તાત્કાલિક ધોરણે આ કાયદો બનાવી અને જે પણ રૂપિયાની લાલચમાં મિલ માલિકો ભેળસેળ કરે છે, એના ઉપર તાત્કાલિક કાયદાકીય અમલવારી કરવામાં આવે તેવી ભારતીય કિસાન સંઘ રાજકોટ જીલ્લા પ્રમુખ દિલીપભાઈ સખિયા, ઝાલાભાઇ રાતડીયા, વિપુલભાઈ સુદાણી, જમનભાઈ પાગડા, ધનજીભાઈ ગમઢા તેમજ ભારતીય કિસાન સંઘના કાર્યકતાઓ, પશુપાલકો તેમજ ખેદુતોવતી વિનતી છે.

# અષાઢી બીજે નોનવેજના વેચાણ બંધ રાખવા એનીમલ હેલ્પલાઈન દ્વારા સરકારને રજૂઆત




(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૩

એનીમલ હેલ્પલાઈન દ્વારા અષાઢી બીજે કતલખાના, ઈંડા, માસની લારીઓ, દુકાનો બંધ રખાવવા ગુજરાત સરકારને રજુઆત કરવામાં આવી છે. અષાઢી બીજની આનંદ અને શ્રધ્ધા સાથે ધામધૂમે ઉત્સાહથી ઉજવણી કરવામાં આવે છે. કચ્છીનું નવું વર્ષ અષાઢી બીજ ગણાય છે. કચ્છી માંડુઓ અષાઢી બીજના દિનને નવા વર્ષ તરીકે ધામધુમથી ઉજવતા હોય છે.

આ દિવસની પવિત્રતા અને સમસ્ત હિન્દુ જન પરીવારોની આસ્થાને ધ્યાનમાં લઈને સમાજની લાગણીના દુભાય તે માટે જાહેર કતલખાના જાહેર લારી તેમજ દુકાનોમાં વહેંચતા માંસ, ઈંડા અને મચ્છીના વેપાર સદંતર બંધ રાખવા સમસ્ત હિન્દુ ધર્મપ્રેમી જનતા વતી ભારત સરકારનાં એનીમલ વેલફેર બોર્ડના મિતલ ખેતાણી, એનીમલ હેલ્પલાઈનનાં પ્રતીક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરૂભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ દ્વારા વિનંતી કરાઈ છે.

# ટી.વી. ચેનલો પર માંસના વેચાણ અંગેની જાહેરાત અટકાવો: એનીમલ હેલ્પલાઈન

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

સોની અને સ્ટાર ટીવી પર માંસનાં વેંચાણ માટે વિવિધ વિજ્ઞાપનો દ્વારા પ્રચાર-પ્રસાર થઈ રહ્યો છે, ત્યારે એક સ્વસ્થ સમાજનાં નિર્માણ અંગે આ પ્રકારનાં વિજ્ઞાપનો અટકાવવાની ખુબ આવશ્કતા છે. ઓ.ટી.ટી મીડિયા પર વિવિધ પ્રતિબંધો લગાવ્યા પછી હવે ટેલીવીઝન પર જ જુદી જુદી ચેનલો પર થતા અનિચ્છનીય પ્રસારણને અટકાવવાની આવશક્યતા છે. ખુલ્લેઆમ થતું નોનવેજનું પ્રસારણ પણ એમાંનું એક છે. સ્ત્રીઓ અને બાળકો સહીત ઘરનાં દરેક સભ્ય સાથે બેસીને ટેલીવિઝન જોતા હોય છે, એવા સમયે જાણીતા, પ્રખ્યાત અભિનેતાઓ દ્વારા જે નોનવેજીટેરિયન ચીજવસ્તઓનાં વેંચાણને પ્રોત્સાહન આપવા માટે વિભિન્ન વિજ્ઞાપનો દ્વારા પ્રચાર




**મિતલ ખેતાણીની કેન્દ્રીય મંત્રીને રજૂઆત**

પ્રસાર કરવામાં આવે છે તેમાં ભારતીય સમાજની ભાવનાઓ દુભાય છે, પરંતુ કોઈ કશું કહી શકતું નથી. ખાસ કરીને બાળકો જમતી વખતે ટેલીવિઝન જોતા હોય છે. જો જમતી વખતે તેમને ટીવીમાં આવા દ્રશ્યો જોવા મળતા હોય તો એ બાળકનાં માનસ પર ખરાબ અસર કરે છે. આ જ કારણોસર માંસનાં વેંચાણને પ્રોત્સાહન આપતું પ્રસારણ અટકાવવાની અત્યંત આવશ્કયતા છે. પૂર્વ પ્રસારણ મંત્રી અંબિકા સોનીને વિનંતી કરીને આવા જ ઈંડાનાં વેંચાણને પ્રોત્સાહન આપતા વિજ્ઞાપનનું પ્રસારણ અટકાવવામાં જીવદયા પ્રેમીઓને ભૂતકાળમાં સફળતા પ્રાપ્ત થઈ હતી. વર્તમાન સમયમાં કેન્દ્રીય પ્રસારણ મંત્રી પ્રકાશ જાવડેકરને અભિનેતાઓ દ્વારા માંસનાં વેંચાણને પ્રોત્સાહન આપતા વિજ્ઞાપનનું પ્રસારણ અટકાવવા માટે કરુણા ફાઉન્ડેશન ટ્રસ્ટ એનીમલ હેલ્પલાઇન-રાજકોટનાં મિત્તલ ખેતાણી, પ્રતિક સંઘાણી, રમેશભાઈ ઠક્કર, ધીરુભાઈ કાનાબાર, ઘનશ્યામભાઈ ઠક્કર, એડવોકેટ કમલેશભાઈ શાહ, રજનીભાઈ પટેલ, વિષ્ણુભાઈ ભરાડ સહિતનાઓ દ્વારા રજૂઆત કરવામાં આવી છે.

### આલે...લે ક્રાઈમ બ્રાંચની ટીમે રેડ કરી, હદ વાંકાનેર પોલીસની નિકળી!

# વસુંધરા ગામની સીમમાં દારૂના કટીંગ વખતે પોલીસ ત્રાટકી : લાખોનો મુદ્દામાલ કબ્જે

### રાજસ્થાની સહિત ત્રણ શખ્સોની પોલીસે ધરપકડ કરી, હદ વાંકાનેર પોલીસની હોવાથી પકડાયેલ દારૂનો જથ્થો અને આરોપીનો કબ્જે વાંકાનેર પોલીસને સોપ્યો





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ-અમદાવાદ હાઈવે પર આવેલા હીરાસર ગામની સીમમાં દારૂનો મોટો જથ્થો ઉતારવાનો હોવાની બાતમીની આધારે ક્રાઈમ બ્રાંચની ટીમે દરેડો પાડતા લાખોની કિમતનું દારૂ ભરેલુ કન્ટેનર તથા યુટીલીટી જીપ સહીત ત્રણ શખ્સોને દબોચી લીધા બાદ જે સ્થળેથી દારૂ પકડાયો તે ગામ વાંકાનેર તાલુકા પોલીસની હદમાં આવતું હોવાથી પોલીસે લાખોનો મુદામાલ તથા પકડાયેલા ત્રણેય આરોપીનો કબ્જે વાંકાનેર પોલીસને સોપી દીધા હતા.

# ફુગાવાનો દર વધશે કે નહીં?

મેં મહિના નો ફુગાવા નો દર ૬.૩ % હતો જે રિઝર્વે બેન્ક ના **target rate** થી વધુ હતો. જુન ૪ ની **reserve bank** ની **MPC meeting** માં **repo rate** ના દરમાં કોઈ બદલાવ નહીં કર્યો. **RBI** એ બહાર પાડેલી **minutes of meeting** માં એમ લખ્યું કે વાયરસની બીજી વેવને થકી **economy recovery** ને મદદ કરવા નાણાંકીય દરમાં બદલાવ જરૂરી નથી. જયારે અર્થતંત્રમાં બેરોજગારીનો દર વધારે હોય




(C.A.)
(ઉમેશ ગોસર-મુંબઈ)

પેટ્રોલની કિંમત રૂપિયા ૧૦૦ ને પાર કરી ગઈ હોય ત્યારે એમ માનવું કે ફુગાવોનો દર આવનારા સમયમાં નહીં વધે એ તો સામે સાંપ ઉભો હોય એ ઝહેરીલો છે કે નહીં એ કોને ખબર? ફુગાવા વધવાનું કારણ એ એક પણ છે કે છેલ્લા ત્રણ મહિનાથી **supply chain** માં એક મોટો **disturbance** આવી ગયું છે. પણ એની સાથે દુનિયાભરમાં જે **loose monetary policy** અપનાવી છે અને અમેરિકા ના આર્થિક રાહત પેકેજને લીધે કોમોડિટી બજરમાં જે તેજી આવી છે અને જેને થકી ચાઇનામાં પણ ફેક્ટરીની કિંમતમાં ૧૦ ટકાનો વધારો થઈ ગયો છે. ઓઇલની કિંમત આંતરરાષ્ટ્રીય બજારમાં ૮૦ સુધી પહોંચી જશે એવી વાતો ચાલુ થઈ ગઈ છે. આ બધાને લીધે બ્રાઝીલ અને રશિયામાં વ્યાજ ના દર વધી ગયા છે. છેલ્લા સાત વર્ષોમાં બહુ મોટા બદલાવ આવ્યા છે પહેલું નોટબંધી બીજું **GST** નું અમલ ત્રીજું મોટી **NBFC** ક્ષેત્રમાં તકલીફો અને હવે **covid-19** વાયરસ આ બધાને લીધે નાના અને લઘુ એકમો બંધ થઈ ગયા છે. આનો સીધો ફાયદો મોટા એકમોને થયો છે. આને લીધે ઘણા ક્ષેત્રમાં **monopoly** અને **duopoly** થઈ ગઈ છે. આ ઉપરાંત **make in india** પ્રોગ્રામની હેઠળ આયાત શુલ્ક વધારવાથી એમને **protection** પણ મળ્યું ફુગાવો એટલે મોટા એકમો ભાવ વધારશે કે પછી **abroad** કરશે એ તો આવનારો સમય કહેશે. વાયરસની બીજી વેવ પછી ગ્રાહકોની માંગ વધે અને કિંમત પણ વધે તો ફુગાવા નો દર નહીં વધે એવી આશા થોડી વધારે છે કે નહીં?

પાછા મળશું આવતે અડવાડિયે ત્યાં સુધી જે જે

**ઉમેશ ગોસર**

# હળવદ: નર્મદા કેનાલમાં યુવાનનું ડૂબી જવાથી મોત



(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ,તા.૨૩

હળવદ શહેરમાં આવેલ ઢવાણીયા દાદાના મંદિર પાસે રહેતા લાલાભાઇ ઠાકોરનો દીકરો રાહુલ (ઉ.વ. ૨૦) મોરબી ચોકડી નજીકથી પસાર થતી ધ્રાંગધ્રા માળીયા બ્રાન્ચની નર્મદા કેનાલમાં પડી ગયો હોવાની જાણ પોલીસને થઈ હતી જેથી પોલીસ દ્વારા સ્થાનિક તરવૈયાઓની મદદથી યુવાનની કેનાલમાં શોધખોળ હાથ ધરતા યુવાનની લાશ મળી આવી હતી. યુવાનનુ બાઈક.મોબાઈલ.અને તેના ચંપલ કેનાલ પાસે થી મળી આવ્યા હતા.

જેથી ટાઉનબીટ જમાદાર ભરતભાઈ રબારી સહિતનો પોલીસ સ્ટાફ યુવાનની લાશને પી.એમ.માટે હળવદ સરકારી હોસ્પિટલ લાવી આગળની કાયવાહી હાથ ધરવામાં આવી છે.

# વૃક્ષારોપણને વેગવંતી બનાવવા વૃક્ષારોપણ કરતા શાહ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

ગાંધીનગર: ગાંધીનગર લોકસભા હરિયાળી લોકસભા અંતર્ગત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉપક્રમે યોજાયેલ વૃક્ષારોપણ ઝુંબેશને વેગવંતી બનાવવા ગાંધીનગર લોકસભા સાંસદ અને ગૃહમંત્રી અમિતભાઈ શાહએ વૃક્ષારોપણ કર્યું હતું.

# સરદારગઢ ગામે સદ્ભાવના વૃધ્ધાશ્રમ ટ્રસ્ટ દ્વારા વૃક્ષારોપણ



(અમારા પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૨૩

માણાવદર તાલુકાના સરદારગઢ ગામે વૃક્ષારોપણ કરવામાં આવ્યું સરદારગઢને હરિયાળું બનાવવા પ્રથમ ચરણમાં સદભાવના વૃદ્ધાશ્રમ ટ્રસ્ટ રાજકોટની ૫૦% મદદથી ૨૦૦ વૃક્ષ સ્મશાન ભૂમિમાં વાવવામાં આવ્યા સૌ યુવા મિત્રોના સહકારથી બીજા ચરણમાં હજુ ચાલુ વર્ષે જ ૭૫૦૦ વૃક્ષનું સ્મૃતિ વન, ઓકિસજન વન મીયાવાકી જાપાનીઝ પદ્ધતિ થી વન ઊભુ કરવાની હામ ભીડી છે.

સરદારગઢના વતની અને હાલ બહાર રહેતા યુવાનોને વતને હરીયાળુ

**૨૦૦ વૃક્ષ સ્મશાનમાં વાવેલ અને ૭૫૦૦ વૃક્ષનું સ્મૃતિ વન બનાવાશે**

બનાવવા હાલો ભેરુ ગામડે વૃક્ષ વાવીએ, સાથી હાથ બઢાના નો નારો આપી ગામના આગેવાન ચત્રભુજભાઈ રાજપરા તથા ગામના યુવાનોની ટીમ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું છે. સરદારગઢ ગામમા છેલ્લા ૩ વર્ષ દરમિયાન અવસાન પામેલા લોકોને સ્મરણાર્થે વૃક્ષારોપણ કરવામાં આવે છે. અને ગામલોકો પણ આ કાર્યને બિરદાવી સાથ સહકાર આપી ઉત્સાહ વધારી રહ્યા છે.

# જૂનાગઢ નરસિંહ મહેતા યુનિ.ના વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફીકેટ મળેલ નથી

### વર્ષ ૨૦૧૭ પછી ગ્રેજ્યુએટ થયેલ વિદ્યાર્થીઓને ડીગ્રી સર્ટીફીકેટ આપવા રજૂઆત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

માંગરોળ, તા.૨૩

માંગરોળ ધારાસભ્ય બાબુભાઈ વાજાએ શિક્ષણમંત્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાને રજૂઆતમાં જણાવ્યું કે, યુગ પુરોહિત, પ્રમુખ, એનએસયુઆઈ, જુનાગઢ જિલ્લાની તા. ૨૨-૬-૨૦૨૧ ની રજૂઆત આ સાથે મોકલું છું.

ભકત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતેથી વર્ષ ૨૦૧૭ અને તે પછી ગ્રેજ્યુએટ થઈ બી.એ., બી.કોમ., બીએસ.સી. જેવી પદવી પ્રાપ્ત કરનાર અંદાજે ૧.૭૪ લાખ વિદ્યાર્થીને ત્રણ વર્ષ જેટલો સમય પસાર થઈ ગયો હોવા છતાં આજદિન સુધી ડીગ્રી સર્ટીફીકેટ મળેલ નથી. આવા વિદ્યાર્થીઓ પાસેથી ડીગ્રી સર્ટીફીકેટ માટેની ફી ઉઘરાવી લેવામાં આવેલ છે, પરંતુ સર્ટીફીકેટ આપવામાં આવેલ નથી. આ અંગે અવારનવાર રજૂઆત કરવા છતાં કોઈ પરિણામ મળેલ નથી. ડીગ્રી સર્ટીફીકેટના અભાવે વિદ્યાર્થીઓને પારાવાર મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. સદર બાબતે જરૂરી તપાસ કરાવી, વિદ્યાર્થીઓનું હિત ધ્યાને લઈ, ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જુનાગઢ ખાતેથી વર્ષ ૨૦૧૭ અને તે પછી ગ્રેજ્યુએટ થનાર તમામ વિદ્યાર્થીઓને વહેલી તકે ડીગ્રી સર્ટીફીકેટ મળે તે માટે આપની કક્ષાએથી જરૂરી કાર્યવાહી કરાવવા મારી ભલામણ સહ વિનંતી છે.

### સનાતન ધર્મ, કર્મકાંડ વિરોધી વિવાસ્પદ વીડિયો જાહેર કરતા 'આપ' પ્રમુખ ગોપાલ ઇટાલીયા માફી માંગે: રાવલ



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

બ્રહ્મસેના ટ્રસ્ટ અધ્યક્ષ જગદીશભાઈ રાવલએ અખબારી યાદીમાં જણાવ્યું છે કે, સનાતન ધર્મ કર્મકાંડ વિરોધી વિવાદસ્પદ વિડીયો આપ પાર્ટીના પ્રદેશ પ્રમુખ ગોપાલ ઇટાલીયા માફી માંગે. ૪૮ કલાકમાં માફી નહીં માંગે તો કાયદેસરની કાર્યવાહી કરાશે અને જનજાગૃતિનું આહવાહન કરાશે.(૧.૬)

### ઘર-ઓફિસમાં ઈન્ડોર પ્લાન્ટ બનાવવા

# રાહતદરે વૃક્ષ મેળવવા સંપર્ક કરો





(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૩

હવે બધાની પાસે ગાર્ડન કે ટેરેસ ગાર્ડન હોય એવું જરૂરી નથી ખાસ કરીને શહેરમાં વસતા બધા લોકો પાસે બગીચો હોતો નથી આ કારણથી સુંદર છોડને કુંડામાં રાખીને બેડરૂમ, લીવીંગ રૂમ અને ઓફિસમાં ઈન્ડોર પ્લાન્ટ રાખવાનું ચલણ ખૂબ વધ્યું છે. રાજકોટમાં રાહતદરે વૃક્ષ મેળવવા માટે સાંદીપની સ્કૂલ, ૧૩ ઉદયનગર, ઈન્દ્રપ્રસ્થ હોલ પાછળ, મવડી મેઈન રોડ, મવડી ચોક પાસે, ખાતે દર બુધવારે સવારે ૯ થી ૧૨ દરમ્યાન દરેક પ્રકારનો એક છોડ આપવામા આવશે. વધારે છોડ માટે રજીસ્ટ્રેશન કરાવવાથી આગળના બુધવારે મળશે. હાજરમાં હશે એ પ્લાન્ટનું રાહતદરે વિતરણ કરવામાં આવશે. આ અંગેની વિશેષ માહિતી માટે ઉર્વેશ પટેલ (મેનેજીંગ ડાયરેકટર, સાંદીપની સ્કૂલ-૯૪૨૮૩ ૪૯૪૫૨) નો સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# જામનગર ખાતે આર્મી ભરતીની લેખિત પરીક્ષા તા.૨૫ જુલાઈએ યોજાશે

### મેડીકલમાં પાસ થયેલા ઉમેદવારોએ નવું એડમીટ કાર્ડ મેળવવું ફરજીયાત

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

આર્મી ભરતી રેલી જે દેવભૂમિ દ્વારકા ખાતે ગત તા. ૧ ફેબ્રુઆરી થી ૧૫ ફેબ્રુઆરી સુધી યોજાયેલ હતી, તેમાં મેડીકલમાં પાસ થયેલા રાજકોટ તેમજ સૌરાષ્ટ્ર, કચ્છ-ભુજ અને દીવના ઉમેદવારો માટે આર્મી રિક્રુટમેન્ટ ઓફીસ જામનગર દ્વારા આગામી તા.૨૫-૭ ના રોજ સત્યસાંઈ વિદ્યાલય, જામનગર ખાતે લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં કરવામાં આવ્યું છે.

આ લેખિત પરીક્ષામાં મેડીકલ પાસ કર્યા બાદ આપવામાં આવેલા એડમિટ કાર્ડ માન્ય ગણવામાં આવશે નહિ. મેડિકલમાં પાસ થયેલા ઉમેદવારોએ નવું એડમિટ કાર્ડ મેળવવા માટે તા. ૧૧ જુલાઈના રોજ રાજકોટ, અમરેલી, મોરબી અને પોરબંદર તથા તા. ૧૨ જુલાઈ ૨૦૨૧ ના જામનગર, સુરેન્દ્રનગર અને દીવ તથા તા. ૧૩ જુલાઈના રોજ કચ્છ-ભુજ, બોટાદ અને દેવભૂમિ દ્વારકા તથા તા. ૧૪ જુલાઈના રોજ ગીર સોમનાથ અને જૂનાગઢ તેમજ તા. ૧૫ જુલાઈ થી ૧૭ જુલાઈ દરમ્યાન ભાવનગર જીલ્લાના ઉમેદવારોએ રૂબરૂ આર્મી રિક્રુટમેન્ટ ઓફીસ, જામનગર ખાતે એક પાસપોર્ટ ફોટોગ્રાફસ તેમજ જુનું એડમિટ કાર્ડ સાથે લઇને આવીને નવું એડમિટ કાર્ડ મેળવવાનું રહેશે.

ઉમેદવારે ઉપર જણાવેલ આધાર પુરાવા સાથે આર્મી રિક્રુટમેન્ટ ઓફીસ, જામનગર ખાતે આવીને નવું એડમિટ કાર્ડ મેળવવાનું રહેશે તો જ લેખિત પરીક્ષામાં બેસવા દેવામાં આવશે. વધુ માહિતી મેળવવા રોજગાર કચેરી રાજકોટના ફેસબુક પેજ **Employment Office Rajkot** પર થી મેળવી શકાશે. વધુ વિગત માટે મદદનીશ નિયામક (રોજગાર) ની કચેરી, ૧/૩, બહુમાળી ભવન, રાજકોટનો રૂબરુ અથવા ફોન નંબર ૦૨૮૧-૨૪૪૦૪૧૯ ઉપર સંપર્ક કરવો તેમ મદદનીશ નિયામક (રોજગાર) કચેરી, રાજકોટની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### હળવદના ટીકર રણ ગામનો બનાવ

# ટીખળખોરોએ શાળામાં તોડફોડ કરી





(અમારા પ્રતિનિધિ દ્વારા)

હળવદ,તા.૨૩

હળવદ તાલુકાના ટીકર(રણ) ગામે આવેલ ઉચ્ચતર માધ્યમિક શાળામાં બે દિવસ પહેલા કોઈ અજાણ્યા શખ્સોએ રાત્રીના સમયે ભારે તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે બનાવની જાણ ગ્રામજનોએ પોલીસને કરી

**ફૂલ છોડના કુંડા, ટાઈલ્સ અને ઈન્ટરનેટના કેબલ કાપી નાખ્યા**

તપાસનો ધમધમાટ શરૂ થયો છે. બે દિવસ પહેલા હળવદ તાલુકાના ટીકર ગામે આવેલ ઉચ્ચતર માધ્યમીક શાળામાં કોઈ અજાણ્યા શખ્સોએ રાત્રે ભારે તોડફોડ કરી હોવાનું સામે આવ્યું છે અહી ટીખળખોરોએ શાળામાં રહેલ ઈન્ટરનેટના કેબલ કાપી નાખી ફૂલ છોડના કુંડા તેમજ ટાઈલ્સ પણ તોડી નાખી હતી જેથી આ બનાવની જાણ જીલ્લા પંચાયતના પુર્વ સદસ્ય ધર્મેન્દ્રભાઈ પટેલએ હળવદ પોલીસને જાણ કરી છે.

# ઉપલેટાના એડવોકેટ જીગ્નેશ ચંદ્રવાડીયાએ ૧૦ વિઘામાં કરી ચંદનની ખેતી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ઉપલેટા, તા.૨૩

ચંદનની ખેતી ઉપલેટાના જાણીતા એડવોકેટ જીગ્નેશ ચંદ્રવાડીયા દ્વારા કરવામાં આવી રહી છે તેમજ આ ચંદનના છોડની સાથે તેમને મિલ્યાડુબીયાની પણ ખેતી કરી રહ્યા છે અને આ બન્ને વૃક્ષો ખુબ જ કિંમતી હોવાનું જણાઈ આવે છે ત્યારે આ કિંમતી વસ્તુઓની ઉપલેટાના ધારાશાસ્ત્રી દ્વારા વાવેતર કરી અને અખાદ મહેનત કરી અને ભવિષ્યમાં સારૂ પરિણામ મેળવશે અને લાખો રૂપિયાની કમાણી પણ કરશે.




ચંદનને પુરતું પોષણ મળે તે માટે તેમની બાજુમાં કોઈ અન્ય વૃક્ષ હોવું જરૂરી છે તેવું જાણવા મળેલ જેથી તેમને પોતાના ૧૦ વીઘાના ખેતરમાં આ ચંદનની બાજુમાં મિલ્યાડુબીયાનું વાવેતર કરેલ છે અને આ ખેતીમાં કોઈ પણ પ્રકારનો વધારાનો ખર્ચ પણ નથી થતો અને માત્ર પુરતું પાણી અને ઉધઈની દવા નો છંટકાવ કરવો પડે છે તેવું પણ (અમારા પ્રતિનિધિ દ્વારા) જણાવે છે.

આ ચંદન અને મિલ્યાડુબીયાનો ઉછેર તેઓ છેલ્લા ચાર વર્ષથી કરે છે અને હજુ તેમને આ મહેનત અંદાજીત ૧૦ થી ૧૨ વર્ષ કરવો પડશે અને ત્યાર બાદ તેમને તેમની આવક શરૂ થશે.

ત્યારે તેઓ પણ જણાવે છે કે ચંદન વાતાવરણ અને પર્યાવરણ બન્ને માટે ફાયદાકરણ હોવાથી ખેડૂતોએ પોતાના ખેતરની બોર્ડર એટલે કે સેઢે અથવા ખેતરમાં બિન ઉપયોગી જગ્યાઓ પર વાવી અને પુરતો લાભ લેવો જોઈએ અને આર્થીક ફાયદો મેળવવો જોઈએ તેવું ધરાસાસ્ત્રી જીગ્નેશ ચંદ્રવાડીયા દ્વારા જણાવાયું છે.

# આધુનિક જમાનામાં લાકડાની ઘરઘંટીનું મહત્વ યથાવત



(અમારા પ્રતિનિધિ દ્વારા) આધુનિક જમાનામાં સ્વયં-વિધ્યુત સંચાલિત અનેક પ્રકારની ઘરઘંટી બજારમાં ઉપલબ્ધ છે, પરંતુ ગામડામાં આજે પણ બે પડવાળી, સુથારે લાકડામાંથી બનાવેલી ઘરઘંટીનું ચલણ ઘટ્યું નથી. પીઠા પડારિયા ફ. ખાતે આ ખેડૂત દંપતિ તડકે સૂકવેલી તુવેરમાંથી ઘંટીમાં ઓરીને જાતે દાળ પાડી રહ્યા છે. મગ ચણા અડદ વાલ વિ. ભરડવા-દાળ બનાવવા આ ઘંટી શ્રેષ્ઠ છે. જે શહેરી આધુનિક બંગલામાં જોવા મળતી નથી.

# ઝઘડિયાના સારસા પાસેની ખાડીમાં જુગાર રમતા પાંચ જુગારીયાઓ ઝડપાયા

## રાજપારડી પોલીસે વાહનો અને રોકડ રકમ મળી કુલ ૮ લાખ ૫૭ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વર , તા.૨૩

ઝઘડિયા તાલુકાના સારસા ગામ પાસેની મધુમતી ખાડીના કિનારે જુગાર રમતા પાંચ જુગારીયાઓને રાજપારડી પોલીસે ઝડપી પાડી વાહનો અને રોકડ રકમ અને મોબાઈલ મળી કુલ રૂપિયા ૮ લાખ ૫૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.


પોલીસ સૂત્રીય માહિતી મુજબ ઝઘડિયાના રાજપારડી પોલીસનો ટીમને પેટ્રોલીંગ દરમ્યાન જુગાર અંગેની મળેલી બાતમીના આધારે સારસા ગામ પાસેની મધુમતી ખાડી નજીક રેડ કરતા જુગાર રમતા સારસા ગામના રાજેશ લાખપત વસાવા, કાંટીદરાના દીપક જગદીશ વસાવા. સારસાના સુકલ મળીલાલ વસાવા, ઉમધરાના સુરેસ સોમા વસાવા અને દશરથ બચુભાઈ વસાવાને ઝડપી પાડયા હતાં.

રાજપારડી પોલીસે સ્થળ ઉપરથી રોકડા રૂપિયા ૧૫,૨૦૦ તથા ૧૨ હજાર ૫૦૦ ના પાંચ નંગ મોબાઈલ તેમજ સ્થળ ઉપર પાર્ક કરેલ ત્રણ ફોર વ્હીલ ગાડી અને બે મોટરસાઈકલ મળી કુલ રૂપિયા ૮,લાખ ૫૭, હજાર ઉપરાંત નો મુદ્દામાલ કબ્જે કરી ફરાર જીતુ વસાવા અને શૈલેષ વસાવા વિરુદ્ધ ગુન્હો નોંધી તેઓને ઝડપી પાડવાની કવાયત હાથ ધરી છે.

# ઝઘડિયાના રાજપારડી ખાતેથી ૧૧ નંગ મોબાઈલ ફોન સાથે યુવક ઝડપાયો

## રાજપારડી પોલીસે ૪૫ હજારના મોબાઈલ કબ્જે કર્યા





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વર, તા.૨૩

રાજપારડી પોલીસ સ્ટેશનના પીએસઆઇ જે બી જાદવ સ્ટાફ સાથે રાજપારડી ટાઉનમાં ગુડલક હોટલ તેમજ ફાટક વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન ચાર રસ્તા તરફથી આવતો એક ઈસમ શંકાસ્પદ જણાતા તેને રોકી તપાસ કરતાં થેલીમાંથી ૧૧ નંગ મોબાઈલ ફોન મળી આવ્યા હતા ,પોલીસે યુવકની પૂછપરછ કરતા તે ઝઘડિયા તાલુકાના દુંમાલા માલપોર ગામનો કિશન રણછોડ વસાવા હોવાનું જણાવ્યું હતું. મોબાઈલ ફોનના બિલ વિશે પૂછતાં તેની પાસે મોબાઈલના કોઇ પણ જાતના બીલ કે આધાર પુરાવા ન હતા જેથી તે ચોરીના હોવાનું માલુમ પડતાં રાજપારડી પોલીસે ૧૧ નંગ મોબાઈલ ફોન જેની કિંમત ૪૫,૦૦૦ ના મુદ્દામાલ સાથે અટકાયત કરી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસી માં કેમિકલ ભરેલ ટેન્કરમાં બ્લાસ્ટ થતા અફરાતફરી

## અમદાવાદથી ઈન્ડો ટેક કંપનીમાં મેગ્નેશ્યમ સલ્ફેટ કેમિકલ ખાલી કરતી વખતે ટેન્કર ફાટ્યું





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વર, તા.૨૩

અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસી માં ઈન્ડો ટેક કંપનીમાં મેગ્નેશ્યમ સલ્ફેટ કેમિકલ ભરેલ ટેન્કર ખાલી કરતી વખતે અચાનક ટેન્કરમાં બ્લાસ્ટ થતા ટેન્કર ફાટતા કેમિકલ ઢોળાતા અફરાતફરી મચી જવા પામી હતી આ ઘટનામાં સદનસીબે કોઈ જાનહાની થવા પામી ન હતી. જો કે વીજ પોલને નુકશાન થતા વીજ પુરવઠો ખોરવાયો હતો.

પ્રાપ્ત માહિતી મુજબ અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં આવેલી ઇન્ડો ટેક્ષ કેમ કંપનીમાં અમદાવાદથી મેગ્નેશ્યમ સલ્ફેટ કેમિકલ ભરીને એક ટેન્કર આવ્યું હતું. જે ટેન્કર કંપની પાસે રોડ ઉપર ઉભુ રાખીને કંપનીમાં ટેન્કર અનલોડ કરવાની કામગીરી ચાલુ હતી. તે દરમ્યાન કોઈકે કારણોસર ટેન્કર માં બ્લાસ્ટ થતા ટેન્કર ફાટતા એક ફાડુયું ઉડી જતા નજીકમાં આવેલ ઇલેક્ટ્રીક પોલને નુકસાન થવા પામ્યું હતું. ટેન્કર ફાટવાની સાથે અંદર ભરેલ મેગ્નેશ્યમ સલ્ફેટ કેમિકલ રોડ ઉપર તેમજ વરસાદી કાંસ માં ફરી વળતા નાશભાગ મચી જવા પામી હતી આ ઘટનાને પગલે પાનોલી ફાયર બ્રિગેડના જવાનો દોડી આવ્યા હતા જ્યારે ઘટનાની જાણ થતા જીપીસીબીની ટીમ પણ ઘટના સ્થળે પહોંચી સેમ્પલ લીધા હતા. જો કે આ ઘટનામાં કોઇ જાનહાની થવા પામી ન હતી.

# સુરતઃ ચાલુ પોલીસ વાનમાંથી કૂદકો મારી બે લુંટારૂ ફરાર

## પોલીસની કામગીરી ઉપર અનેક શંકાઃ પીઆઈ સહિત પાંચ સસ્પેન્ડ





**(અમારા પ્રતિનિધિ દ્વારા)**


સુરત, તા.૨૩

ફિલ્મમાં જે રીતે પોલીસને ચકમો આપીને આરોપી ફરાર થઈ જાય તેવી રીતે સુરત લાજપોર જેલમાંથી લૂંટના બે કેદીઓને માંગરોલ કોર્ટમાં લઈ જતા હતા તે સમયે પોલીસને ચકમો આપીને આરોપી ફરાર થઈ ગયા.

મળતી માહિતી અનુસાર, લાજપોર જેલમાંથી લૂંટના બે કેદીને માંગરોલ કોર્ટમાં તારીખ પર હાજર કરવા લાજપોર જેલથી સવારે પોલીસ જાપ્તા સાથે લઈ ગયા હતા. અને ત્યારે બાદ સાંજે પરત આવતા હતા ત્યારે સાંજે ૪.૨૦ વાગ્યે રસ્તામાં સચીન હોજીવાલા વાંઝ પુલ પાસે ટર્ન આવતો હોવાથી બસ ધીમી પડી હતી અને તેનો લાભ લઈ પોલીસની નજર પડે તે પહેલા આરિફ ઉર્ફે ચિસ્તી મો. હૈદર કાચની ઈમરજન્સી બારીમાંથી ચાલુ બસમાં કૂદકો મારી ભાગી જતાં પોલીસે ગાડી સાઇડ પર કરી અને તેને પકડવા જતા બીજો આરોપી મુકેશ ઉર્ફે વિશાલ રત્ના બારીયા બસમાંથી ભાગી ગયો હતો. સમગ્ર ઘટના બાબતે સચીન પોલીસે બંને સામે ગુનો નોંધ્યો છે.

આ કેદીઓ પોલીસ જાપ્તામાંથી ફરાર થઈ જતાં પોલીસની કામગીરી ઉપર અનેક શંકા ઊભી થઈ છે. કામરેજ પોલીસ સ્ટેશનના પીએસઆઈ એસ.એસ.સૈયદ, ઓલપાડ પોલીસના એએસઆઈ ઘનસુખ ડાહ્યા, કીમ પોલીસના એલઆર ઈશ્વર રમેશ, માંગરોલ પોલીસના એલઆર જગદીશ ગોવિંદ અને સુરત ગ્રામ્ય હેડ કવાર્ટરના કલ્પેશ રામુને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા.

# અંકલેશ્વરની પાનોલી જીઆઈડીસીમાં જીઆરપી કંપનીમાં વીજ કરંટથી કામદારનું મોત



**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વર,તા.૨૩

અંકલેશ્વરતાલુકાના સંજાલી ગામે રહેતા ૫૬ વર્ષીય નવલ મગન ભાઈ વસાવા પાનોલી જીઆઇડીસી માં જીઆરપી કંપની માં કોન્ટ્રાકટ માં નોકરી કરે છે તેઓ ગત ૨૧ મી જૂન ના રોજ પ્રોડક્શન વિભાગમાં પ્રિરીફાઇનર મશીન પાસે કામ કરી રહ્યા હતા તે દરમ્યાન અચાનક કરંટ લાગતા નજીક કામ કરી રહેલા કામદારો દોડી આવી કંપની સંચાલકોને જાણ કરતા તેઓ આવી પહોંચી તાત્કાલિક સારવાર અર્થે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવતા ફરજ પરના તબીબોએ નવલ વસાવાને મૃત જાહેર કર્યો હતો ,કંપની સંચાલકો એ બનાવ સંદર્ભે અંકલેશ્વર રૂરલ પોલીસને જાણ કરતા પોલીસ કાફલો આવી પહોંચી નવલ વસાવાના મૃતદેહને પોસ્ટ મોર્ટમ અર્થે ખસેડી ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# અંકલેશ્વરના ગડખોલ પાટીયા વિસ્તારમાંથી વિદેશી દારૂ ભરેલ ઇકો કાર ઝડપાઇ





**પોલીસે ૨ લાખ ૩૫ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો**

**(અમારા પ્રતિનિધિ દ્વારા)**

અંકલેશ્વરર, તા.૨૩

અંકલેશ્વર શહેર પોલીસે જુના નેશનલ હાઇવે નંબર ૮ ઉપર વાહન ચેકીંગ દરમ્યાન સુરત તરફથી વિદેશી દારૂનો જથ્થો ભરીને એક ઇકો કાર ભરૂચ તરફ જઈ રહી હોવાની બાતમીના આધારે ગડખોલ પાટિયા વિસ્તારમાં વોચ ગોઠવી હતી. દરમ્યાન ઇકો કાર આવતા તેને રોકવા જતા ગડખોલ પાટિયા પાસે ઇકો કારનો ચાલક કાર મૂકી ફરાર થઇ ગયો હતો. પોલીસે ઇકો કારમાં તલાસી લેતા વિદેશી દારૂનો જથ્થો મળી આવ્યો હતો શહેર પોલીસે રૂપિયા ૨૪ હજારની કિંમતનો વિદેશી દારૂનો જથ્થો ,એક મોબાઈલ અને ૨ લાખની ઇકો કાર મળીરૂપિયા ૨ લાખ ૩૫ હજારનો મુદ્દામાલ કબ્જે કરી ફરાર ઇકો કાર ચાલક વિરુદ્ધ ગુન્હો નોંધી તેને ઝડપી પાડવાના ચક્રોગતિમાન કર્યા છે.

# મારાસા સરોવર પોર્ટીગો હોટલમાં દારૂની મહેફીલ માણતા ત્રણ ઝડપાયા

## પ્ર.નગર પોલીસે ચોક્કસ બાતમીનાં આધારે દરોડો પાડી દારૂ પીતા ગાંધીધામ આદિપુરનાં બે સહિત ત્રણ વિદ્યાર્થીને દબોચી લઇ રૂ. ૪૦૦ નો મુદ્દામાલ કબજે કર્યો


રાજકોટ, તા.૨૩

લીંબડા ચોક પાસે આવેલી મારાસા સરોવર પોર્ટીગો હોટલનાં રૂમમાં દારૂની મહેફીલ માણતા ત્રણ શખ્સોને પ્ર.નગર પોલીસે દબોચી લઇ કાર્યવાહી હાથ ધરી છે. આ અંગેની વિગત મુજબ લીંબડા ચોકમાં આવેલી મારાસા સરોવર પોર્ટીગો હોટલનાં રૂમમાં દારૂની મહેફીલ ચાલતી હોવાની બાતમી મળતા પ્ર.નગર પોલીસ મંથકનાં પી.આઈ એલ.એલ ચાવડાની સુચનાથી પી.એસ.આઈ કે.ડી.પટેલ સહિતનાં સ્ટાફે દરોડો પડતા હોટલનાં રૂમમાં દારૂની મહેફીલ માણતા ધ્રુવ અતુલ ભારદ્વાજ (રહે. અંબિકા ટાઉનશીપ કાલાવડ રોડ) તથા ગાંધીધામ આદિપુરમાં રહેતા હર્ષ પરેશ ખત્રી અને વીરેન ધર્મેશ ખત્રી નામના ત્રણ શખ્સોની ધરપકડ કરી હોટલનાં રૂમમાંથી દારૂની બોટલ કિંમત રૂ. ૪૦૦ તથા ખાલી કાચના ગ્લાસ તથા વેફરનાં પેકેટ સહિતનો મુદ્દામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# રાજકોટ મનપા દ્વારા વોર્ડનં.૪ અને ૯માં વેક્સિનેશન કેમ્પ યોજાયો

## મેયર, પ્રદેશ ભાજપ અગ્રણી,ડે.મેયર, વોર્ડના કોર્પોરેટરો સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા





રાજકોટ.તા.૨૩

પ્રધાનમંત્રી દ્વારા મફત વેક્સિનની પરીકલ્પનાને સાકાર કરવા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી દ્વારા રાજયમાં વેક્સિનેશન મહાભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેના અનુસંધાને રાજકોટ મહાનગરપાલિકા દ્વારા તમામ કેન્દ્રો પર ૧૮ વર્ષથી મોટી ઉંમરના તમામ લોકોને સ્થળ પર જ રજીસ્ટ્રેશન કરી કોરોના વેક્સિન આપવામાં આવશે.

આ અભિયાનને વધુ વેગ મળે અને શહેરના વધુમાં વધુ શહેરીજનો વેક્સિનનો લાભ લે તેવા શુભ આશયથી સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી, શાળા, કોલેજો વગેરેને જોડી વેક્સિન કેમ્પ યોજવાનું નક્કી કરેલ. જે અંતર્ગત આજે વોર્ડ નં.૦૯માં શિલ્પન ઓનિક્ષ ખાતે તથા વોર્ડ નં.૦૪માં ઇઝી શીફખાના ખાતે તેમજ સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, સદગુરૂ કોલેજમાં વેક્સિન કેમ્પ યોજાયો.

આ કેમ્પમાં મેયર ડો.પ્રદિપ ડવ, પદેશ ભાજપ અગ્રણી નીતિનભાઈ ભારદ્વાજ, પ્રદેશ ભાજપ મંત્રી બિનાબેન આચાર્ય, મહિલા મોરચાના પ્રભારી અંજલીબેન રૂપાણી, પૂર્વ મેયર રક્ષાબેન બોળીયા, પૂર્વ ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, કુલપતિ નીતિનભાઈ પેથાણી, યુનિવર્સીટીના ઉપકુલપતિ ડો.દેશાણી, ડે.મેયર ડો.દર્શિતાબેન શાહ, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પુષ્કરભાઇ પટેલ, શાસક પક્ષ નેતા વિનુભાઈ ઘવા, દંડક સુરેન્દ્રસિંહ વાળા, આરોગ્ય સમિતિના ચેરમેન ડો.રાજેશ્રીબેન ડોડીયા,વોર્ડના કોર્પોરેટરો સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉદયનગરમાં જુગાર રમતા ચાર શખ્સો ઝડપાયા

રાજકોટ તા.૨૩ મવડી મેંઈન રોડપર આવેલા ઉદયનગર શેરી ન.૧ પાસે મારૂતિનંદન નગર શેરી ન.૫ માં રહેણાંક મકાનમાં કેટલાક શખ્સો જુગાર રમતા હોવાની બાતમી મળતા માલવિયા નગર પોલીસે દરેડો પાડતા દિલુભા બાબુભાઈ ઝાલા, ભરત નારણ જાદવ, હિતેષ જેન્તી લીબાસીયા, ધવલ દિલીપ વાઘેલા સહીત ચાર શખ્સોને તીનપતીનો જુગાર રમતા ઝડપી લઇ રોકડ રૂ.૧૫૩૦૦ કબજે કરી કાર્યવાહી હાથ ધરી છે.

# જસદણના બેલડા ગામ પાસે જુગાર રમતા ૧૦ શખ્સોની ધરપકડ

## રૂરલ એલસીબીની ટીમે દરોડો પાડી રૂ.૧.૧૦ લાખની રોકડ કબ્જે કરી

રાજકોટ તા.૨૩

જસદણ તાલુકાના બેલડા ગામે જાહેરમાં તીનપતીનો જુગાર રમતા ૧૦ શખ્સોને રૂરલ એલસીબીની ટીમે દબોચી લઈ રૂ.૧.૧૦ લાખની રોકડ કબજે કરી છે આ અંગેની વિગત મુજબ જસદણના બેલડા ગામની સીમમાં કેટલાક શખ્સો જાહેરમાં તીનપતીનો જુગાર રમતા હોવાની બાતમી મળતા રૂરલ એલસીબીની સૂચનાથી ટીમે ઉપરોક્ત સ્થળે દરેડો પાડતા જુગાર રમતા દિલીપ કેશુ તલવાડિયા, અલ્પેશ રાણા ગળથરા, અશ્વિન રાણા સોલંકી, મુકેશ કરસમી તલાવડીયા વિનુ ભીમા તાલાવાડીયા, રમેશ લક્ષ્મણ ધરજીયા, ક્રાંતિ ખોડા શિયાળા, જેન્તી લાલજી મેટાડીયા, હારજીત પોપટ મેટાળીયા સહીત ૧૦ શખ્સોની ધરપકડ કરી રોકડ રૂ.૧૧૦૩૫૦ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી છે.

**કાગદડી મહંત આપઘાત કેસમાં સેશન્સ કોર્ટે વકીલ –ડોકટરની આગતોરા જામીન અરજી નામંજુરઃ બોગસ ડેથ સર્ટી બનાવનાર દેવ હોસ્પિટલના ડો. નિલેશ નિમાવત અને વકીલ રક્ષિત કલોલા સામે કોર્ટમાં સોગંદનામું મૂકી કાયદાનો ગાળિયો કસતી કુવાડવા પોલીસ**

# વી.વી.પીના વિદ્યાર્થીઓનું નામાંકિત કંપનીઓમાં પ્લેસમેન્ટ

## પ્લેસમેન્ટ, રીઝલન્ટ કે પ્રવેશમાં વી.વી.પીનો દબદબોઃ પ્રિન્સીપલ ડો.જયેશ દેસકર

રાજકોટ,તા.૨૩

સામાન્ય રીતે સંસ્થાનું મૂલ્યાંકન તેના રીઝલ્ટ પ્લેસમેન્ટના આધારે થતું હોય વી.વી.પી. ઈજનેરી કોલેજ દરેક ક્ષેત્રમાં હંમેશા અગ્રેસર રહી છે પછી તે અભ્યાસ હોય , રીઝલ્ટ હોય, પ્લેસમેન્ટ હોય કે કોઈ પણ ઈતરપ્રવતિ હોય . વી.વી.પી. ઈજનેરી કોલેજના આઈ.ટી. વિભાગનું સતત પાંચ વર્ષથી ૧૦૦ ટકા પ્લેસમેન્ટ થઈ રહ્યું છે . આ વર્ષે કોવીડ -૧૯ ની મહામારી વચ્ચે પણ વી.વી.પી. ઈજનેરી કોલેજના આઈ.ટી. વિભાગે પ્લેસમેન્ટમાં પોતાની આગવી પરંપરા જાળવી રાખી વર્ષ ૨૦૧૧ ની બેચના ૧૦૦ % વિધાર્થીઓનું નામાંકિત કંપનીઓ જેવી કે , બેંકેન્સી ટેકનોલોજીમાં કુલદિપસિંહ ચાવડા , મીત , માંકડીયા , મોહિત પીપળીયા , કલાઉડ ઈ – વોટસમાં ધવલ નકુમ , કનવસોફ્ટ ઈન્ટરનેશલ પ્રા . લી.માં ધ્રુવિલ દુદકીયા , એલ્યુમિનારી ઈન્સ.માં હિતેષ ખીમસુરીયા , ઈટકમાં ટીના જાદવ, ફક્યો ટેકમાં દિપેન રાણપુરા, જીએન વેબસોફ્ટમાં હર્ષ જોબનપુત્રા અને મયુર થોલીયા , ઈશાન નેટસોલમાં ધ્રુવ પટેલ , કેવીટ ટેકનોલોજીસમાં વિરલ ભાડેશીયા, તેજસ ચૌહાણ, આકાશ દેસાઈ, પ્રતિક રાજકોટીયા, ધૈર્ય બાપોદરા અને આર્થ્યશ્રી પંડયા , ઓનએઆઈ સોલ્યુશનમાં દેવ મકવાણા અને શરદ સાવરીયા , પ્લસ ઈન્ફોસીસમાં હાર્દિક ચાવડા કમેટી ઈન્ડીયા પ્રા . લિ . નિહાર શાહ સીમ ફોર્મ સોલ્યુશન પ્રા . લિ . હર્ષ બારોટ અને ધતિ પટેલ , સોલલેવામાં અભિકર્ષક વ્યાસ, પેશઓ ટેકનોલોજીસ હિતેન સાવલીયા, સાયનોવા ટેકનોલોજીસ પ્રા. લી.માં જમીન કાટેલીયા ટાર્ક ટેકનોલોજીસ દીપ છનીયારા, રાજ મોઢા અને વિનય ટેકવાણી , તત્વસોફ્ટમાં ભાર્ગવ ભાલાળા અને પ્રિયાંક સંઘવી , ટીસીએસમાં હિતેન ડઢાણીયા અને સાગર ડોબરીયા , ધ એપ ગુરઝમાં સ્મીતા ભંડેરી , બંસીબેન ઘરડીયા , દર્શીત ગોહેલ , વિ વા મેંદપરા અને કિશન ગડોયા , શિડ્યા ટેક પ્રા.લી.માં યશ વાળા , વેબાઓકલ્ટ ટેકનોલોજી પ્રા . લી.માં હાર્દિક નકુમ અને યશ ભાડા , વી ધ ડેવલોપર્સમાં નિશી હાથી , એકસઆર સ્ટડીઓમાં કુલદિપ વાગડીયા , ચુડીઝ સોલ્યુશનસ પ્રા . લિ . રવિ મોલ્યા , ઝીગ્નટસ ટેકનોલલેટ માં માર્મિક શાહ અને હર્ષ વેગડ , ઝાયકસ ઈન્ફોટેકમાં ધૈર્ય પરમારનું રૂા . ૬ લાખ સુધીના વાર્ષિક પેકેજથી પ્લેસમેન્ટ થઈ ગયેલા છે . આઈ . ટી . વિભાગની આ સિધ્ધી બદલ સંસ્થાના મેનેજીંગ ટ્રસ્ટી લલિતભાઈ મહેતા , ટ્રસ્ટી કૌશિકભાઈ શુકલ , ડો . સંજીવભાઈ ઓઝા , હર્ષલભાઈ મણીઆર , ડો . નરેન્દ્રભાઈ દવે સહિતના વિભાગના સ્ટાફ તેમજ વિધાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી.

# રાજકોટ ક્રાઈમ

### જૂનાગઢનાં પાદરીયામાં ભત્રીજી પર મામા–મામીનો હુમલો

જુનાગઢનાં પાદરીયા ગામે રહેતા મજુરી કામ કરતા સાગર ભૂપત મકવાણા (ઉ.વ.૨૭) એ તેના પિતા ભૂપત કાળુ મકવાણા (ઉ.વ.૬૫) સાથે રાત્રીનાં ઘરે આવેલા મહેમાન સંજય વાઘેલા સાથે જમવા બેઠા હતા. ત્યારે પડોશમાં રહેતા મામા મહેશ ચકુભાઈ સોલંકી, મુક્તાબેન મહેશ સોલંકીએ આવા તારા ઘરે આવેલા મહેમાન સાથે ઝઘડો ચાલે છે. કહીં મામા–મામીએ ધારિયા વડે હુમલો કરી પિતા–પુત્રનો જીવલેણ ઈજાઓ કરી નાસી છૂટ્યા હતા. ઘવાયેલા પિતા–પુત્રને સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જૂનાગઢ તાલુકાનાં પી.એસ.આઈ પી.વી.ધોકડીયાએ હુમલો કરનાર મામા–મામી સામે આઈ.પી.સી નં. ૩૦૭,૩૨૩,૨૯૪ (બી), ૧૧૪, ૧૩૫ મુજબ ગુનો નોંધ્યો છે.

### જસદણનાં સનાળા ગામે જમીન મુદ્દે મારામારી! ત્રણ ઘવાયા

જસદણનાં સનાળા ગામે રહેતા રમેશ જેઠા ચાવડા (ઉ.વ.૩૫) એ પત્ની રંજન જીવું ભાયા ચાવડા (ઉ.વ.૭૦) સાથે કૌટુંબિક કાકા ધુલા ચાવડા, તેના પુત્ર અનીલ ધુલા પાસે જમીન વેચાણનાં પૈસા માંગવા ગયા હતા. જે બાબતનું મન દુ:ખ રાખી પિતા–પુત્રએ લાકડી વડે હુમલો કરી ત્રણેયને માર–મારતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતા. જસદણ તાલુકા પોલીસે મારામારી અંગે વધુ તપાસ હાથ ધરી છે.

### ભગીરથ સોસાયટીનાં યુવાને દેણું થઇ જતા ઝેર પીધું

શહેરનાં સંતકબીર રોડ પર ભગીરથ સોસાયટીમાં રહેતા અશોક અરજણ કેરિયા (ઉ.વ.૩૦) બે વર્ષ દરમિયાન બેંકનું વ્યાજ ખોરોનું દેણું થઇ જતા ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. બી.ડિવીઝન પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### જસદણમાં પિતાએ ઠપકો આપતા પુત્રએ ઝેર પીધું

જસદણનાં કમળાપુર ગામે રહેતા કુલદીપ ભરત રાઠોડ (ઉ.વ.૧૮) તેના પિતાએ વાડીમાં ગાયોને નિંણનાં નાખવા બાબતે ઠપકો આપી સમયસર કામ કરવા જણાવ્યું હતું. જે બાબતનું માંઠુ લાગી આવતા યુવાને ઝેર પી આપઘાતનો પ્રયાસ કરતા સારવાર અર્થે ખસેડાયો હતો. જસદણ તાલુકા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### ધારીમાં પાડોશીની ધમકીથી કંટાળી યુવકનો આપઘાત

ધારીનાં સરસીયા ગામે રહેતા રોહિત નાનજી બોરીચા (ઉ.વ.૨૩) એ તેના પાડોશી દિલીપ ખીમસુરીયાની ધમકીથી કંટાળી જઈ પોતાના ઘરે ઝેરી દવા પી આપઘાતનો પ્રયાસ કરતા રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. જ્યાં ફરજ પરના તબિબે મૃત જાહેર કરતા અનુ.જાતિ પરિવારમાં અરેરાટી મચી જવા પામી હતી. ધારી પોલીસે જીજ્ઞેશ જોશીની ફરિયાદ પરથી આરોપી દિલીપ ખીમસુરીયા સામે મારવા મજબુત ક્યાં અંગેનો ગુનો નોંધવા તજવીજ હાથ ધરી છે.

### ધારીનાં હીરાવા ગામ પાસેથી ચાર નશાખોરો ઝડપાયા

ધારી તાલુકાનાં હીરાવા ગામ પાસે ધારી પોલીસે વાહન ચેકિંગ દરમ્યાન ઉના તરફથી ગઢડા જતી ઇકો કારને તપાસી લેતા ચાલક નરેશ રમેશ કટારીયા, ધરમશી રઘુ સરવૈયા, વિરમ ગોરધન જતાપરા, દિલીપ મગન જતાપરા (ઉ.વ.૨૨) એ નશાની હાલતમાં મળી આવતા ચારેય સામે પ્રોહીબીશન એક્ટ હેઠળ એ.એસ.આઈ દેબેન્દ્ર જોષીએ ગુનો નોંધ્યો છે.

## રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રેલવે વિભાગને આવેદન

# રાજુલાની રેલવે જમીન નગરપાલિકાને સોંપવા રજૂઆત



રાજકોટ, તા.૨૩

રાજુલા નગરપાલિકાને વિકાસ અર્થે જમીન સોંપવા રાજકોટ શહેર કોંગ્રેસ સમિતિ દ્વારા રાજકોટ રેલવે વિભાગનાં ડી.આર.એમ ને આવેદનપત્ર પાઠવી જણાવેલ કે, રાજુલા નગરપાલિકાને વેસ્ટર્ન રેલવેના ભાવનગર ડીવીઝન દ્વારા સાત મહિના પહેલા રાજુલા નગરપાલિકાને બ્યુટી ફીકિશન, ગાર્ડન, રોડ- રસ્તા માટે જમીન ફાળવવામાં આવેલ છે. રાજુલા નગરનો વિકાસ થાય અને લોકોને સુવિધાઓ મળે તેમજ નગરજનોને રેલ્વે વિભાગ દ્વારા ફાળવવામાં આવેલ જમીનને રાજુલા નગરપાલિકા દ્વારા ડેવલોપમેન્ટ કરી લોકોપયોગી કાર્ય કરવામાં આવનાર છે. જે જમીનના કબ્બા સોપવામાં અન્ય પક્ષના રાજકીય વ્યક્તિઓ દ્વારા ખોટી રીતે પોલીટીકલ પ્રેશર કરી રેલ્વે વિભાગ દ્વારા જે જમીન સોપવાના એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે. તે જમીનનો કબજો રાજુલા નગરપાલિકાને આજ દિવસ સુધી મળ્યો નથી આથી આ જમીનનો કબજો સત્વરે રાજુલા નગરપાલિકાને સોપવામાં આવે અને રાજુલાના નગરજનો આ સુવિધાથી વંચિત ન રહે એ રેલ્વેની ફરજ છે. રેલ્વે વિભાગ પણ પ્રજાકીય તંત્ર હોય હાલમાં પ્રવર્તતી શંકા- કુશંકાઓ મુજબ ખાનગીકરણ અમલમાં ન આવ્યું હોવા છતાં રેલ્વે તંત્રનું આવું વલણ પ્રજા વિરોધી છે. ધારાસભ્ય અંબરીશભાઈ ડેર ૧૫ દિવસથી ઉપવાસ આંદોલન કરી રહ્યા છે. પ્રદેશ કોંગ્રેસની સૂચનાથી આ બાબતે

**ધારાસભ્ય અંબરીશભાઈ ડેરનાં સમર્થનમાં એન.એસ.યુ.આઈ યુવક કોંગ્રેસનાં રેલવે ટ્રેક પર ધરણા**

સમ્રગ ગુજરાતમા રેલવે રોકો આંદોલનો કાર્યક્રમ હોવાથી આજે NSUI ,યુવક કોંગ્રેસ અને સેવાદળના કાર્યકરો ધારાસભ્યના સમર્થનમા અમીનમાર્ગ પાસે આવેલા રેલવે ટ્રેક પર ધરણા પ્રદર્શન કરી વિરોધ દર્શાવ્યો હતો.જો કે પોલીસે તમામ કાર્યકરોની અટકાયત કરતા ભાજપ સરકાર અને રેલવે વિભાગ હાય હાય ના નારે લાગ્યા હતા. આ કાર્યક્રમમા NSUIના જીલ્લા પ્રમુખ રોહિતસિંહ રાજપુત, સેવાદળના પ્રમુખ રણજીત મુંધવા, ભાવેશ પટેલ,યુવક કોંગ્રેસના મૌલેશ મકવાણા , NSUIના અભિરાજ તલાટીયા, હર્ષ આશર, પાર્થ બગડા,જીત સોની, મોહીત સોલંકી, પ્રશાંત રાઠોડ,મીત પટેલ સહીત કાર્યકરો જોડાયા હતા. અંબરીશભાઈનાં ઉપવાસમાં પ્રતીતિજનક પારણા નહીં કરાવવામાં આવે તો સમગ્ર રાજ્યમાં આ આંદોલનમાં જુવાળ પ્રજાને વધુ ઉગ્ર આંદોલન કરવા ફરજ પાડશે. રેલવે વિભાગનાં વરિષ્ઠતમ તંત્ર વાહકોના સાનુકુળ સત્વરે પ્રતિભાવની અપેક્ષાઓ વ્યક્ત કરી છે.

Dt.23-06-2021 8 બુધવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
# સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# રાજકોટમાં બપોર સુધીમાં ૩ કેસ પોઝિટિવ

## કુલ કેસની સંખ્યા ૪૨૬૬૦ પર પહોંચી, ૩૬૪ દર્દી સારવાર હેઠળ

રાજકોટ.તા.૨૩

રાજકોટમાં કોરોના વિદાય લઇ રહ્યો હોય તેવું સરકારી આકડા પરથી સ્પષ્ટ થઇ રહ્યું છે. આજે બપોર સુધીમાં ૩ કેસ નોંધાયા છે. શહેરમાં અત્યાર સુધીમાં કુલ કેસની સંખ્યા ૪૨૬૬૦ પર પહોંચી છે. તેમજ અલગ અલગ હોસ્પિટલમાં ૩૬૪ દર્દી સારવાર હેઠળ છે. ગઇકાલે મંગળવારે ૩૬ દર્દી કોરોનામુક્ત થતા ડિસ્ચાર્જ આપવામાં આવ્યો હતો. રાજકોટમાં ગઇકાલે કોરોનાના નવા ૧૬ પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. જેમાં શહેરના ૧૦ કેસ જ્યારે ગ્રામ્ય વિસ્તારમાંથી ૬ પોઝિટિવ કેસ સામે આવ્યા હતા. આ સાથે કોરોનાના કુલ કેસ ૫૭૫૪૧ થયા છે. ડિસ્ચાર્જની સંખ્યામાં વધારો આવતા એક્ટિવ કેસ ઘટીને ૪૨૮ થયા છે. સૌથી મોટી કોવિડ હોસ્પિટલ એવી



સિવિલમાં દાખલ કોરોનાના દર્દીઓની સંખ્યા ૨૫ કરતા પણ ઘટી ગઈ છે અને ઓક્સિજનની જરૂરિયાત પણ ૮ ટનની જ રહી છે.

## કમરતોડ ભાવ વધારા સામે મહિલા કોંગ્રેસે કમર કસી

# મોંઘવારી પ્રશ્ને જીલ્લા મથકોએ રાજયવ્યાપી આશ્ચર્યજનક કાર્યક્રમો

### કોંગ્રેસી કાર્યકરોની ઠેર–ઠેર અટકાયતોઃ ગાયત્રીબા વાઘેલાની અમદાવાદમાં અટકાયત, મોંઘવારી પ્રશ્ને કોંગ્રેસ મેદાને આવતા જાહેર જનતાનો આવકાર



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

ગુજરાત પ્રદેશ કોંગ્રેસની મહિલા પાંખ દ્વારા રાજ્યભરમાં મોંઘવારી વિરુધ્ધ આશ્ચર્યજનક કાર્યક્રમો શરુ કરાયા છે. જેમાં જીલ્લા વાઈઝ અલગ તારીખે રાજ્ય સરકારની મોંઘવારી અંકુશમાં લેવાની નિષ્ફળતા બદલ આશ્ચર્યજનક કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેમાં ઠેર-ઠેર કોંગી કાર્યકરોની અટકાયત થઇ રહી છે. આજે રાજકોટ શહેરમાં પણ આશ્ચર્યજનક કાર્યક્રમ યોજાયો હતો.

મહિલા કોંગ્રેસ દ્વારા ગાયત્રીબા વાઘેલાની આગેવાનીમાં મોંઘવારી મુદ્દે સમગ્ર રાજ્યમાં જીલ્લા મથકોએ વિરોધ સાથે આશ્ચર્યજનક કાર્યક્રમ યોજાય રહ્યા છે. દરેક જગ્યાએ સરકાર દ્વારા મહિલા કોંગ્રેસનાં કાર્યકરોની અટકાયત થઇ રહી છે. ગાયત્રીબા જાડેજાની અમદાવાદથી અટકાયત થઇ હતી.

મહિલા કોંગ્રેસ દ્વારા ગઈકાલે સાબરકાંઠા, તાપી જીલ્લા, ગીર સોમનાથ, ભરૂચ જીલ્લામાં વિરોધ સાથે આશ્ચર્યજનક કાર્યક્રમ યોજાય ગયા હતા.

આજે અમદાવાદ, સુરત, વલસાડ, નવસારી, વડોદરા, ખેડા, જામનગરમાં લાલપુર, અમદાવાદ જીલ્લો, સુરત શહેર-જીલ્લા, રાજકોટ શહેર, ભાવનગર શહેરમાં મોંઘવારીની કારમી થપાટો ખાઈ રહેલી પ્રજાના પ્રશ્ને વિરોધ સાથે આશ્ચર્યજનક કાર્યક્રમો યોજાયા હતા.

બહુંત હુઈ મહંગાઈ કી માર નાં રૂપાળા સૂત્રથી પ્રજાની લાગણી જીતી સતા મેળવનાર મોદી સરકાર કેન્દ્ર સરકારે દેશની જનતા સાથે છેતરપીંડી કરી હોવાનો આક્ષેપ કોંગ્રેસ દ્વારા કરવામાં આવ્યો હતો.

ભાજપ સરકારે ૪ મી મે થી આજદિન સુધી પેટ્રોલ-ડીઝલમાં ૨૫ વખત ભાવ વધારો ઝીંકી પ્રજાજનોની હાલાકીમાં ભારે વધારો કરીને બેફામ નફાખોરી કરી હોવાનું જણાવાયું છે. દેશમાં પેટ્રોલ-ડીઝલના ભાવ છેલ્લાં ૭૩ વર્ષના સૌથી વધુ ઊંચા ભાવ છે. છેલ્લાં ૭ વર્ષમાં મોદી સરકારે પેટ્રોલ ઉપર એકસાઈઝ ડ્યૂટી રૂ. ૯.૨૦ પ્રતિ લિટર (મે-૨૦૧૪) થી વધારીને અત્યારે પ્રતિ લિટર રૂ. ૩૨.૯૮ કરી દીધી છે. એટલે કે પ્રતિ લિટર રૂ ૨૩.૭૮ અથવા તો. ૨૫૮ ટકા નો વધારો કર્યો છે. જ્યારે તે જ પ્રમાણે ડિઝલ ઉપરની એકસાઈઝ ડ્યૂટી પ્રતિ લિટર રૂ. ૩.૪૬ (મે-૨૦૧૪)થી વધારીને અત્યારે પ્રતિ લિટર રૂ. ૩૧.૮૩ કરી દીધી છે. એટલે કે, પ્રતિ લિટર રૂ. ૨૮.૩૭નો અથવા તો ૮૨૦ ટકા નો વધારો કર્યો છે. અને એ પણ તેવી પરિસ્થિતિમાં કે જ્યારે ક્રૂડ ઓઈલના આંતરરાષ્ટ્રીય ભાવ પ્રતિ બેરલ ૧૧૦ અમેરિકી ડોલરથી ઘટીને અત્યારે પ્રતિ બેરલ ૬૦ અમેરિકી ડોલર થયા છે.

ગુજરાત સરકારે બે વર્ષમાં પેટ્રોલ ૮૩૮૧.૯૬ કરોડ અને ડીઝલ પર ૧૮૫૩૦.૨૬ કરોડ જેટલો ભારે વેરો વસૂલી મંદી, મોંઘવારી અને મહામારીમાં જનતાની મુશ્કેલી વધારનાર ગુજરાતની ભાજપ સરકાર પેટ્રોલ-ડીઝલમાં ૨૫ ટકા જેટલો વેટ + સેસ ઉઘરાવતી હોવાથી પ્રજા મોંઘવારીના મારથી પરેશાન- મોંઘવારી આસમાને પહોંચી છે.

લોકસભાની ચૂંટણી પૂર્વે વડાપ્રધાન એમ કહેતા કે ૧૦૦ દિવસમાં મોંઘવારી હટાવીશું, આવા વચનોથી ઉલટ જીવન જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં સરેરાશ ૧૦૦ થી ૪૨૦ ટકાનો વધારો થઈ ગયો છે. ભાજપ સરકારના મળતીયા ઉદ્યોગપતિને લાભ થાય તે માટે સી.એન.જી. માં ૪૪ વખત ભાવ વધારો ઝીંકીને ગુજરાતના સામાન્ય અને મધ્યમ વર્ગની કમર તોડ મોંઘવારીના ખપ્પરમાં ધકેલી દીધા છે. હોવાનો આક્રોશ મહિલા કોંગ્રેસની યાદીમાં વ્યક્ત કરાયો છે.

# નિયમોની એક, બે ને ત્રણ...





## ડ્રેનેજ શાખાના નિયમોનો ભંગ કરી રસ્તા પર પાણી છોડ્યું નોટીસો મળી છતાં અબુધ બિલ્ડર સુધર્યા નહિ. અંતે મેયર હેલ્પ ડેસ્ક સુધી ફરિયાદ

(તસવીરઃ પંકજ ડાભી)

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૩

રાજકોટમાં બે ઇંચ વરસાદમાં ૪ બાંધકામ સાઈટો-કોમર્શીયલ કોમ્પ્લેક્ષમાં વરસાદી પાણી ભરાયા છે. આ પાણીનો નિકાલ કરવા ઘણા અબુધ બિલ્ડરો તેના શ્રમિકો મનપાના નિયમોનો ઉલાળિયો કરી વાહન ચાલકોના અકસ્માત સર્જાય તે રીતે જાહેર રસ્તા પર પાણી છોડી બુધ્ધીનું પ્રદર્શન કરતા હોય છે. આવું મૂર્ખાઈ ભર્યું કૃત્ય કરનાર તેના શ્રમિકો, બિલ્ડરો સામે રાજકોટ મનપાનાં ડ્રેનેજ શાખાના સીટી એન્જીનીયરો નોટીસો પાઠવી દંડ વસુલ કરતા હોય છે. આવી જ ઘટના મનપાના ચોપડે નોંધાય છે. શહેરના માલવિયા ચોકમાં નિર્માણ પામતા માલવિયા કન્ટ્રકશન સાઈટના માલિક વિશાલભાઈ માલવીયાને એક માસ પૂર્વે સેન્ટ્રલ ઝોન સીટી એન્જીનીયર એચ.એમ.કોટકે ડ્રેનેજ લાઈન તોડવા, જાહેર રસ્તા પર પાણી છોડવા બદલ રૂ.૧૦૦૦૦ નો દંડ ફટકાર્યો હતો. આમ છતાં ફરી આજે બાંધકામ સાઈટના માલિક વિશાલભાઈ માલવિયાએ તેના શ્રમિકો મારફતે પાઈપ નખાવી ભૂગર્ભ ગટરની જગ્યાએ જાહેરમાર્ગ પર પાણી છોડ્યું હતું. જેના કારણે રસ્તા પાણી-પાણી થઇ જતા નાના-મોટા વાહનો સ્લીપ થઇ જતા અકસ્માતનાં બનાવ બન્યા હતા.માલવિયા કન્ટ્રકશન સાઈટની પાછળની શેરીમાં બુગર્ભ ગટર હોવા છતાં જાહેર માર્ગો પર ધોળા દિવસે પાણી છોડનાર બિલ્ડરને નોટીસ પાઠવી કડક કાર્યવાહી કરવામાં આવે તેવી જાગૃત નાગરિકે માંગ ઉઠાવી મેયર હેલ્પ ડેસ્ક સુધી ફરિયાદો કરી હતી.

### કમિશ્નર, ડે.કમિશ્નરની બદલી થતા વિદાય સમારંભ યોજાયો

## ફરી તક મળશે તો જરૂર રાજકોટ માટે કામ કરવાની ઈચ્છાઃ મ્યુ કમિશ્નર



વિદાયની શુભેચ્છા પાઠવતા પદાધિકારીઓ અને કોર્પોરેટરો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર ઉદિત અગ્રવાલની મહેસાણા કલેકટર તરીકે તેમજ ડે.કમિશનર બી.જી.પ્રજાપતિની આણંદ જીલ્લા વિકાસ અધિકારી તરીકે બદલી થતા તેમનો વિદાય સમારંભ યોજવામાં આવેલ હતો.

પ્રસંગે મેયર જણાવેલ કે, મ્યુનિસિપલ કમિશનર તરીકેના કાર્યકાળ દરમિયાન રાજકોટનો સાર્વત્રિક વિકાસ થાય તે માટે મુખ્યમંત્રીના માર્ગદર્શન હેઠળ વિકાસ કરવામાં ખુબ ફાળો રહ્યો છે. શહેરની સુખારીમાં ખુબ સહયોગ અર્બન ફોરેસ્ટ તથા બ્રિજના કામ પણ ચાલુ કર્યા છે. કોવિડના કાર્યકાળમાં ખુબ જ મોદી રાત સુધી સતત જાગૃત રહ્યા છે. ટેસ્ટીંગ, વેક્સીન, ધન્વંતરી, આરોગ્ય રથની ખુબ જ સારી કામગીરી કરેલ છે.જેના અનુસંધાને મ્યુનિસપિલ કમિશનરએ પોતાનો પ્રતિભાવ આપતા જણાવેલ કે, રાજકોટ મહાનગરપાલિકાને જુના તથા નવા કોર્પોરેટરો ખુબ મહેનતુ મળ્યા છે. સીધા મુખ્યમંત્રીના શહેર રાજકોટ ખાતે મ્યુનિસિપલ કમિશનર બનાવ્યા તેનો ખુબ આનંદ થયેલ. ટુંકાગાળામાં ખુબ વધુ કામ કરવાનું થયું. અનેક યાદો મળી છે. ફોટા જોતા જણાયું કે પોણા બે વર્ષમાં ઘણી યાદો ઉભી થઇ છે. ૦૧ વર્ષ ૦૯ માસ અને ૨૦ દિવસના સમયગાળામાંથી અંદાજે એક વર્ષ કોવીડમાં કામ કરવાનું થયું.

(અનુ.પાના નં.૪ ઉપર)

## રાજકોટ શહેરમાં બપોરે ૧ વાગ્યા સુધીમાં કુલ ૭૩૯૮ લોકોએ કોરોના વેક્સિન લીધી

### રાજકોટ મહાનગર પાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ સહિત

# આવાસના બાકી હપ્તા ભરી દેવા તાકીદ

### ૭ દિવસમાં બાકી રકમ ભરપાઇ નહી કરાઇ તો આસામીઓના એલોટમેન્ટ રદ થશે

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ તા.૨૩

મહાનગરપાલિકા દ્વારા પ્રધાનમંત્રી આવાસ યોજના અન્વયે વેસ્ટ ઝોન ખાતે પ્રધાનમંત્રી આવાસ યોજનાના EWS-2 NA 542, LIG ના ૧૨૬૮ અને MIG યોજનાના ૧૨૬૮ પૈકી 230 મળી કુલ ૨૦૪૦ આવાસો સ્માર્ટઘર ૧-૨-૩ ના ૨૧૭૬ આવાસો તેમજ મુખ્યમંત્રી આવાસ યોજનાનો ડ્રો કરવામાં આવ્યો હતો, અમૂક આસામીઓ દ્વારા નિયમિત હપ્તા ભરપાઈ કરવામાં નથી આવેલ તેમજ એલોટમેન્ટ લેટર પેન્ડીંગ હોઈ આવા આસામી ઓને જાણ કરવા છતા આવાસના બાકી હપ્તા તથા એલોટમેન્ટ લેટર લઇ ગયેલા નથી સાત દિવસમાં બાકી રકમ ભરપાઈ કરવામાં કરટુર થશે તો તેવા આસામી ઓને એલોટમેન્ટ રદ કરવા અંગેની કાર્યવાહી કરવામાં આવશે આસામી ઓને આવાસના બાકી હપ્તા રકમની ભરપાઈ કરવા તેમજ એલોટમેન્ટ પેન્ડીંગ હોઈ તે આસામીઓ આવાસ યોજના વિભાગ મહાનગરપાલિકા ભાવ રૂમ ન.૨ બીજા માળે ઢેબર રોડ ખાતે સંપર્ક કરવા મનપાના ના.કમિશનરઅર જાહેર નોટીસમાં જણાવ્યું છે.

## ધ્રાંગધ્રામાં માં-બાપ વગરના ભાઈ-બહેનને સાપ કરડયો : બહેનનું મોત

### માતા–પિતાના અવસાન બાદ ભાઇ–બહેન દાદા–દાદી સાથે રહેતા હતા : ભાઇ પણ ગંભીર

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

વઢવાણ તા. ૨૩

હાલમાં સુરેન્દ્રનગર પંથકમાં વરસાદે એન્ટ્રી લઇ લીધી છે ત્યારે સુરેન્દ્રનગર પંથકમાં વરસાદી વાતાવરણ વચ્ચે ઝેરી જનાવરો કરડવાના બનાવોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે તેવા સંજોગોમાં સુરેન્દ્રનગર જીલ્લાનાં ધ્રાંગધ્રા પંથકના કબ્રસ્તાન પાછળ આવેલા ઝુંપડપટ્ટીમાં બે સગા ભાઇ-બહેનના સાંપ કરડ્યો હતો પ્રાથમિક તપાસમાં તેમને સારવાર માટે હોસ્પિટલ



ખાતે લઇ જવામાં

(અનુ.પાના નં.૪ ઉપર)

## જામનગરની જી.જી.હોસ્પિટલમાં યૌન શોષણ કેસ મામલે બે આરોપીને કોર્ટમાં રજૂ કરાયા



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

જામનગર, તા.૨૩

જામનગર જી.જી. હોસ્પિટલમાં મહિલા યૌનશોષણ મામલે આરોપીની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે પોલીસ દ્વારા બે શખ્સોને ગઇરાત્રે ઝડપી લેવામાં આવ્યા હતા. હવે તેમને કોર્ટમાં રજૂ કરાશે. યૌનશોષણ મામલે એચ.આર મેનેજર એલ.બી. પ્રજાપતિ અને અકબર અલી નામના શખસની ધરપકડ કરાઇ છે. ત્યાર બાદ યૌનશોષણમાં વધુ નામ ખૂલવાની શક્યતા છે. આરોપીઓ દ્વારા યુવતીઓ સાથે શારીરિક અડપલાં કરી ફોટા પાડવામાં આવતા હતા અને એ ફોટાઓના આધારે મહિલાઓને બ્લેકમેઈલ કરી શારીરિક સંબંધો બાંધવા મજબૂર કરાતી હતી. જ્યારે આગળની તપાસમાં હજુ પણ બે-ત્રણ લોકોનાં નામ સામે આવી શકે છે. મહિલાઓ શારીરિક સંબંધો બાંધવા રાજી ન થાય તો તેને નોકરી પરથી બરતરફ કરી ફોટાઓ વાઇરલ કરવાની ધમકી આપવામાં આવતી હતી. ત્યાર બાદ આખરે યૌનશોષણ મામલે પોલીસ ફરિયાદ નોંધાયા બાદ આરોપીને અટક કરવામાં આવી છે અને હાલ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

**સોનલ કેટરર્સ**

શુધ્ધ, સાત્વિક ભોજન ટીફીન સર્વિસ
બપોરે તેમજ સાંજે ટીફીન મોકલી આપશું.

૬ રોટલી, દાળ–ભાત, શાક, છાશ, સલાડ

સંપર્કઃ મો.૯૮૨૪૮ ૦૦૨૫૯,
૯૬૮૭૪ ૫૯૧૮૨, ૯૯૯૮૬ ૧૧૧૭૮



લગ્ન પ્રસંગે કેટરર્સ સુવિધા આપીશું.

સોનલ પાઉંભાજી, આસ્થા ચોક, રેલનગર, રાજકોટ.

# કુચીયાદળ પાસે હિટ એન્ડ રનની ઘટનામાં કાકા - ભત્રીજીનું મોત ; માતા - પિતાને ઈજા

### એક વર્ષીય દીકરીની માનતા પુરી કરવા મિયાત્રા પરિવાર રાજકોટથી પગપાળા ચાલીને ચોટીલા જતો હતો ; માતાજીની માનતા પુરી થાય તે પૂર્વે જ કાળ ભેટ્યો



(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)

રાજકોટ,તા.૨૩

રાજકોટ-અમદાવાદ હાઇવે પર કુચીયાદળ પાસે વધુ એક હિટ એન્ડ રનની ઘટના સામે આવી છે. દીકરીની માનતા પૂરી કરવા પગપાળા જતાં રાજકોટના મિયાત્રા પરિવારને પાછળથી અજાણ્યો વાહન ઠોકર મારી નાશી છુટયો હતો.જેમાં એક વર્ષની દીકરીને માનતા હતી તે અને તેના કાકાનાં મોત નીપજતાં પરિવારમાં માતમ છવાઈ ગયો છે.જ્યારે ઇજાગ્રસ્ત માતા પિતાને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

પ્રાપ્ત વિગત મુજબ, રાજકોટના આજીડેમ સર્કલ નજીક રહેતા મિયાત્રા પરિવારને કાળ ભરખી ગયો હતો. ગઇકાલે સાંજના સમયે વરસાદે વિરામ લીધા બાદ મિયાત્રા પરિવારના ૪ સભ્યો ૬ વાગ્યા આસપાસ પગપાળા ચાલીને ૧ વર્ષની દીકરીની માનતા પૂરી કરવા માટે ઘરેથી નીકળ્યા હતા અને રાત્રિના લગભગ ૧થી ૧.૩૦ વાગ્યાના અરસામાં રાજકોટ-અમદાવાદ હાઇવે પર કુચિયાદળ ગામ નજીક અજાણ્યા વાહનચાલક પાછળથી પૂરપાટ ઝડપે આવી ઠોકર મારી નાસી છૂટ્યો હતો, જેમાં ૧ વર્ષની માસૂમ દીકરી નવ્યા વિક્રમ મિયાત્રા અને તેના કાકા રવિભાઇ મિયાત્રાનું સ્થળ પર જ મોત નીપજ્યાં હતાં, જ્યારે તેનાં માતા-પિતાને ઇજા પહોંચતાં સારવાર અર્થે રાજકોટ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે.

નવ્યાના પિતાએ જણાવ્યું હતું કે,મારે સંતાનમાં એક જ દીકરી હતી અને એ જ દીકરીની માનતા પૂરી કરવા માટે તેઓ ગઇકાલે સાંજે ૬ વાગ્યે પગપાળા ચાલીને ચોટીલા જઇ રહ્યા હતા. આ સમયે રાત્રિના

(અનુ.પાના નં.૪ ઉપર)

# રાજકોટના નવા કલેકટર આજે ચાર્જ સંભાળશે

### ઇશ્વરીયા પાર્ક આવતીકાલે ખુલ્લુ મુકાશે



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૩

રાજકોટ કલેકટર રેમ્યા મોહન આજે સાંજે ચાર્જ છોડશે અને રાજકોટના નવા કલેકટર અમિત અરોરા ચાર્જ સંભાળે તેવી શકયતા હોવાનું જાણવા મળ્યું છે. જામનગર રોડ પર આવેલ આશરે ૭૮ એકરમાં પથરાયેલ ઇશ્વરીયા પાર્ક આવતીકાલે લોકો માટે ખુલ્લુ મુકવામાં આવશે. ઇશ્વરીયા પાર્કમાં ડેવલોપ માટે ઓનલાઇન ટેન્ડર મંગાવવામાં આવેલ છે.

ઇશ્વરીયા પાર્કમાં વધુ ડેવલોપ માટે બાળકો માટેના રમત-ગમતના સાધનોદ ફુડ કોર્ટ, પાર્ટી પ્લોટ, ગાર્ડન માટે ડિઝાઇન સહિતના વિકાસના કામોને આગળ ધપાવવા માટે ઓનલાઇન ટેન્ડરની કામગીરીની પ્રક્રિયા હાથ ધરવામાં આવી છે.

શહેરની ભાગોળે આવેલ ઇશ્વરીયા પાર્કમાં હરીયાળી હરીયાળી છવાઇ ગઇ છે. ઇશ્વરીયા પાર્કમાં પર્યટકોની ભીડ થાય નહીં એ માટે ૨૦૦ લોકોને જ પ્રવેશ આપવામાં આવશે. સોશિયલ ડિસ્ટન્સ, માસ્ક પહેરવાનું રહેશે.

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.